Barcode - 99999990811659
Title - Hasan Bin Sabbah
Subject -
Author -
Language - gujarati
Pages - 120
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 081165

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૬૧૮ वर्गांक

पुस्तकनुं नाम હસન બિન સબ્બાહ

विषय [illegible]

# હસન બિન સબ્બાહ.

યાને

## અલમૌતના શેખુલ્ જેબાલનું જીવન ચરિત્ર.

રચી પ્રગટ કરનાર


એદલજી ધનજી કાબા

તે

" અલમૌતનો ઇતિહાસ " " ખોજા તવારીખ " " હકીકતી આઇનો "
" હકીકતી રણુશીંગડું " "તોહફે ઇસ્માઇલીઆ" "આફતાબે હીદાયત"
" નુસેરીની હકીકત " " ખોજા પંથ દર્પણ " " ખોજા સર્વ સંગ્રહ "
વીગેરે વીગેરેના કર્તા તથા " નુરેહીદાયત " ના અધિપતિ

અમરેલી—કાઠીયાવાડ.



કીમત દસ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૮૬૫૦

આવૃત્તિ ૧ લી.　　　　પ્રત ૫૦૦

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં
પઠાણ નુરખાન અમીરખાન વકીલે છાપ્યું
લાલ દરવાજા—અમદાવાદ.

# પ્રસ્તાવના.

---

જગતમાં ઉત્પન્ન થએલી પ્રત્યેક વસ્તુઓ પોતાની સાથે કાળી અને ઉજળી એવી બે બાજુઓ ધરાવે છે. કાળી બાજુના ઉપયોગથી કાળાં કાર્યો અને ઉજળી બાજુના ઉપયોગથી ઉજળાં કાર્યો હસ્તીમાં આવે છે. દાખલા તરીકે કટાર, તલવાર, બંદુક આદિ શસ્ત્રોની ઉજળી બાજુનો જો ઉપયોગ કરવામાં આવે તો તેથી પોતાનું તથા પોતાને લાગતીવળગતી સઘળી વ્યક્તિઓનું રક્ષણ થાય છે; પણ જો તેજ શસ્ત્રોની કાળી બાજુનો ઉપયોગ કરવામાં આવે તો પોતાનો તથા પોતા સાથે લાગતીવળગતી સઘળી વ્યક્તિઓનો નાશ થાય છે. જગતમાં હસ્તી ધરાવતી નીતિ, એ કુદરતી બક્ષીશની ઉજળી બાજુના ઉપયોગનું અને અનીતી એ તેની કાળી બાજુનું પરીણામ છે. તલવારથી પારકા દેશો જીતાય છે અને તેજ તલવારથી અન્યોઅન્ય કાપાકાપી કરી પોતાનોજ નાશ કરી શકાય છે. જગતની સઘળી વસ્તુઓને લાગુ પડતા એકસરખા ધોરણથી બુદ્ધી અપવાદપણું મેળવી શક્તી નથી. તેને પણ ઉપરના દ્રષ્ટાન્તમાં જણાવેલું ધોરણ લાગુ પડે છે. બુદ્ધીનો જો વ્યાજબી ઉપયોગ કરવામાં આવે તો તેનો પુરૂષ જગતને લાભકારી અને જો દુરૂપયોગ કરવામાં આવે તો તેનો પુરૂષ જગતને હાનીકારક નીવડે છે. આજે જેમને આપણે મહા પુરૂષો તરીકે ઓળખીએ છીએ તે બુદ્ધીની ઉજળી બાજુના અને જેમને દુષ્ટ અને પાપીના નામે જણાવીએ છીએ તે બુદ્ધીની કાળી બાજુના અમલ કરનાર હતા. આ નિયમનું યોગ્ય ભાન કરાવનાર હસન બિન સબ્બાહનું જીવન ચરિત્ર હોઇ તે કાંઇક બતાવી આપશે કે જેમ બુદ્ધીનો સદ્દુપયોગ કરનાર પોતાની નેમમાં ફતેહમંદ થઇ શકે છે તેમ તેનો દુરૂપયોગ કર-

નાર પણ પોતાની ધારણામાં કેવો આગળ પડતો ભાગ લઇ શકે છે.

આ એક એવા માણસનું જીવન ચરિત્ર છે કે જેને જગતના સઘળા ઇતિહાસકારોએ એક મોટા ખુની તરીકે ગણી તેના વર્ણનને ખુનીઓની તવારીખમાં જગો આપી છે, આ માણસે મીસરમાં પ્રગટ થયલા ઇસમાઇલી ધર્મના ખરા ઇસમાઇલીઓથી તદ્દન જુદીજ શાખા ઇરાનના અલમોત નામના પહાડી કીલ્લામાં સ્થાપન કરી, પોતાની સમયસુચકતા ભરેલી યુક્તિથી ભોળા લોકોને ભરમાવી રાજ્ય સ્થાપન કર્યું; કે જે રાજ્ય લગભગ ૧૭૫ વર્ષ સુધી ટકી રહેવા પામ્યું હતું. તેણે મઝહબે ઇસલામને કે જે એક એવા મઝહબ છે કે જે જગતની સઘળી અનીતિને દુર કરી સઘળા વ્યક્તિઓની જાતી માટે પોતાનાં અમૃતમય વચનોનો પ્રસાદ આપે છે તેવા કલ્યાણકારી ધર્મને માત્ર કપટ ભરેલું રાજકીય હથીયાર બનાવવાના જે અનેક યુક્તિસર કોશીશો કીધી છે તે દરેક માણસને જાણવા લાયક છે. અને તે સાથે આજ સુધીમાં ઇસલામને કેવી કેવી હાડમારીઓનો મુકાબલો કરવો પડયો છે તથા કેવા વિચિત્ર પ્રકારના ફાટાઓ પડયા છે, તેનો આબેહુબ ચીતાર છે. જો કે આ પુસ્તકનું નામ હસન બિન સબ્બાહનું જીવન ચરિત્ર છે પરંતુ તે સાથે અલમોતના રાજ્યનો ઇતિહાસ, ઇસમાઇલી ધર્મની હકીકત તથા અલમોતના પહાડી ઘરડા પુરૂષો સંબંધે યુરોપિયન તવારીખ નવીશોએ લખેલા બ્યાનના ઉપયોગી વધારાથી તેને આકર્ષક બનાવ્યું છે.

અલમોતના પહાડી ઘરડા પુરૂષોને સઘળા ઇતિહાસકારોએ ખુની તરીકે ઓળખાવ્યા છે પણ તેમ કરવા જતાં તેઓએ મુળ વાતને મોટું રૂપ આપી દીધું છે. તેમનો ખુન કરવાનો ઉદ્દેશ, જે માણસ મળે તેને મારી નાખવાનો નહિ હતો. પણ માત્ર પોતાના એવા શત્રુઓને દુર કરવા પુરતોજ હતો કે જેમની સામે લશ્કરથી પહોંચી શકાય તેમ ન

હતું. આ માત્ર એક જાતની લડાયક પદ્ધતિ હતી જોકે તે હિંમ્મકારાપણુથી ભરેલી હતી. તોપણ સર્વ કબુલ કરશે કે તે રામબાણુ નીવડવાનું માન ખાટી જવા પામી હતી. આવા રામબાણુ રૂપી દુધમાં નેચરી વિચારોની સાકર હોમાતાં આ પદ્ધતી વધુ પસંદગી મેળવી શકી હતી.

ફ્રીમેશન લોજની હકીકત આજકાલ લોકોને તદ્દન નવીન માલુમ પડે છે. પરંતુ ઇસમાઇલી ફ્રીમેશન લોજના હેવાલથી તેવો લોજ ઇસલામમાં આઠસો વર્ષ ઉપરાંત સ્થાપન થઇ ગએલો જણાશે. અને તે સાથે તેના ભેદ ભરેલા શિક્ષણનો હેવાલ શરીરમાં એક પ્રકારની ધ્રુજારી દાખલ કરશે. ફુંકી ફુંકીને પગલાં ભરવાં, સામા લોકોને મળી પોતાનાં કરવા, ધીમે ધીમે તને પોતાના મતમાં લેવાની કોશીશ કરવી અને છેવટે તેઓ કોઇને પણ ન માને અને હીમ્મત દરેક કામની કરે તેવા બનાવવા એ તે લોજનું વિચિત્ર શિક્ષણુ હતું.

અલમોતમાં સ્થાપન થએલી ઇસમાઇલી નીજારી શાખાએ પોતાના દાઇઓ અને નકીબો મોકલી પોતાનો ધર્મ ફેલાવવાને જે બળવાન પ્રયત્નો કીધા છે અને તે પ્રયત્નોને લઇ હીંદુસ્તાનમાં પણુ લાખો લોકો જેવા કે ખોજા, મુમના, ગુપ્તી, સાજી સવાય, મેઘવાળ આદિને યુક્તિસર બોધથી પોતાના ધર્મમાં શામીલ કીધા છે તે રાજ્યનો હેવાલ જાણવો એ અગત્યનું જણાતાં આ પુસ્તક બહાર પાડવા તજવીજ કીધી છે. અને તે સાથે પ્રત્યેક કાર્યમાં અનીતીવાળી યુક્તિ ભલે રામબાણુ હોય તોપણુ તેના તરફ વલણુ નહિ કરવાનો સુંદર સબક તેમાં ભર્યો છે. એક વખતે એક મહાત્મા પુરૂષ પોતાના કેટલાક શિષ્યો સહ એક એવા ઝાડ પાસેથી પસાર થયો કે જ્યાં એક ખુની ચોરને ફાંસીને દોરડે ટીંગાડેલો હતો. મહાત્માએ જઇ તે ખુની ચોરના પગનું ચુંબન

કીધું. આ જોઇ શાગીર્દોએ પુછ્યું. "શું તે કોઇ મહાપુરૂષ છે ? તે તો એક ખુની ચોરની લાશ છે." મહાત્માએ જવાબ આપ્યો કે "ખરેખર તે ખુની ચોર છે. પણ તેણે પોતાના કામને સંપુર્ણ કરવામાં પોતાની જાનની પણ પરવા કીધી નથી તેટલે સુધી હીમ્મત કીધી તેથી મેં તેની હીમ્મતનું ચુંબન કીધું છે." દ્રષ્ટાંત મુજબ આ પુસ્તકમાંથી સત્ય શોધક ઉપયોગી તત્વને ગ્રહણ કરી નકામા તત્વને તજી આપશે એવી હું આશા રાખું છું.

આ પુસ્તક રચવામાં મોલવી અબ્દુલહલીમ શરરના ઉરદુ હસન બિન સબ્બાહના જીવન ચરિત્રની, કચ્છના આસિ. રેવન્યુ કમીશનર મરહુમ સચેદીના નાનજીઆણીના રચેલા ખોજા વૃતાંતની,, અલીગઢ કોલેજના માજી પ્રીન્સીપાલ આર્નોલ્ડ કૃત પ્રીચીંગ ઓફ ઇસ્લામની, વેનીસ શહેરના રહેવાશી, સર માર્કોપોલોએ રચેલા પુર્વ તરફના દેશો અને ચમત્કારો નામના ગ્રંથનું ફ્રાન્સીસ કર્નલ સર હેનરી યુલ આર. ઈ. સી. બી. કે. સી. એસ. આઇ. એ કરેલું ભાષાન્તર, કે જેમાં હેનરી કોર્ડીરે થોડા વખત અગાઉ કરેલી શોધને અનુસરી કરેલા ફેરફારવાળા તથા એમી ફ્રાન્સ યુલ એલ. એ. સાક એન્ટ સ્કોટ વિગેરેએ રચેલા પોતાના પીતા હેનરી યુલના જીવન ચરિત્ર સાથે નકશા તથા ચિત્રોવાળા પુસ્તકનું લંડનમાં આલ્બામાર્લ મોહલ્લામાં વસનાર જોનમુરે ઈ. સ. ૧૯૦૩ માં બે ભાગમાં છપાવી બહાર પાડેલ ત્રીજી આવૃતિના અંગ્રેજી ગ્રંથની, તઝકેરે દોલતશાહી નામના ફારસી પુસ્તક વીગરેની સહાયતા મળી છે તે માટે તે સાહેબોનો હું અંતઃકરણ પુર્વક ઉપકાર માનું છું.

લખનાર,

એહલજી ધનજી કાબા.

# અનુક્રમણિકા.


૧ બાલ્યાવસ્થા ... ... ... ... ... ... ... ૧
૨ ત્રણ મિત્રો ... ... ... ... ... ... ... ૪
૪ પહેલી નિષ્ફળતા ... ... ... ... ... ... ૭
૪ ઇસમાઇલી મઝહબ ... ... ... ... ... ... ૧૧
૫ ઇસમાઇલી મઝહબનું શિક્ષણ ... ... ... ... ૧૫
૬ અલમોત ઉપર કબજો ... ... ... ... ... ૨૫
૭ અલમોતપર પહેલો હુમલો ... ... ... ... ... ૩૪
૮ લોકો ઉપર ધાક બેસાડવી ... ... ... ... ... ૩૭
૯ બનાવટી સ્વર્ગ ... ... ... ... ... ... ૩૮
૧૦ અલમોતપર બીજો હુમલો ... ... ... ... ... ૪૪
૧૧ ચાર ઇસમાઇલી ટોળાં ... ... ... ... ... ૪૬
૧૨ હસનનો નવો મઝહબ ... ... ... ... ... ૫૦
૧૩ ફીદાઇઓનો ત્રાસ ... ... ... ... ... ... ૫૨
૧૪ શાસન પદ્ધતિ ... ... ... ... ... ... ... ૫૪
૧૫ મૃત્યુ ... ... ... ... ... ... ... ... ૫૮
૧૬ કીયા બુઝર્ગ ઉમેદ ... ... ... ... ... ... ૬૦
૧૭ મહંમદ બિન કીયા બુઝર્ગ ... ... ... ... ... ૬૩
૧૮ હસન બિન મહંમદ ... ... ... ... ... ... ૬૬
૧૯ મહંમદ બિન હસન ... ... ... ... ... ... ૬૯
૨૦ જલાલુદ્દીન હસન ... ... ... ... ... ... ૭૫

૨૧ અલાઉદ્દીન મહંમદ ... ... ... ... ... ... ૭૬
૨૨ રૂક્નુદ્દીન ખુરશાહ ... ... ... ... ... ... ૮૦
૨૩ સર માર્કોપોલોએ રચેલા ગ્રંથના અંગ્રેજી ભાષાન્તરનો ઉતારો પહાડી ઘરડા પુરૂષ સંબંધી. ૮૭
૨૪ શાએર ડી. જાનવીલના ગ્રંથનો ઉતારો ... ... ... ૮૯
૨૫ હલાકુની સવારીના ચાઇનીઝ વર્ણનનો ઉતારો ... ... ૯૨
૨૬ પહાડી ઘરડો પુરૂષ પોતાના એસેસીનોને કેવી રીતે કેળવતો ? ૯૨
૨૭ ચીના મુસાફરના વર્ણનનો ઉતારો ... ... ... ... ૯૪
૨૮ તે ઘરડા પુરૂષનો નાશ કેવી રીતે થયો ? ... ... ૯૯
૨૯ તઝંકરે દોલતશાહી નામના ફારસી ગ્રંથપરથી ઉતારો ... ૧૦૩
૩૦ જાહેર ખબરો ... ... ... ... ... ... ...

# હસન બિન સબ્બાહ.

## બાલ્યાવસ્થા.

હીજરી સનની પાંચમી સદીમાં ઇસ્લામીઓની ઉન્નતિનો આફતાબ પુર્ણ પ્રકાશી રહ્યો હતો. ઇલ્મે તફસીર, ઇલ્મે ફીકા તથા ઇલ્મે હદીસ ઉપરાંત ખગોળ, પ્રમાણ, જ્યોતિષ, જાદુ, હુન્નર કલા તથા સાયન્સની અનેક શાખાઓનું ગૌરવ ઘણું વધી ગયું હતું. બુદ્ધિબળના ઘોડાં વનો પસાર કરનારાઓની ઘણી કદર કરવામાં આવતી હતી. બુદ્ધિનો પ્રકાશ આગળ વધી અંધકારને નસાડતો હતો. ખાસ કરીને ઇરાનમાં હીકમત, જ્યોતિષ અને સાયન્સનું સ્વરૂપજ ફરી ગયું હતું. જ્યાં જોઇએ ત્યાં અકલની સરિતાઓ વહેતીઓ હતી. અકલના થર્મામેટરમાં પારો ઘણો ચડી ગયો હતો દરેક મસલા મસાએલમાં કાપકુપ અને અકલી દલીલો માંગવામાં આવતી હતી. મજહબી બાબતોમાં પણ અકલે પુર્ણ હીસ્સો મેળવ્યો હતો, કુદરતના જ્ઞાનનું પરબીડીઉં હમેશાં સીલબંધજ રહેનાર છે તેથી અકલમંદોને વત્તી ઓછી દલીલોથી નિર્ણયપર આવવું પડે છે. આથી જુદી જુદી માન્યતા ઉભી થઇ ફીરકાબંદી થાય છે. આ-વીજ બાબતે ઇસ્લામીઓમાં અનેક ફીરકાઓની ધ્વજાઓ ચોદિશ ફરકતિ કીધી હતી, મતલબકે એક તુફાને બેતમીઝી મચી રહ્યું હતું. આવા અકલના હંગામામાં મોટા મોટા આલીમોએ અકલનીજ કાચા દોરી પકડી લીધી હતી, ઘણા ઘણા અને ભલા ભલા આલીમોના

પગો સ્થિર રહી શકયા નહિ, તે એટલે સુધી કે ઇમામ ગઝાલીના મજહબમાં મોટો ફેરફાર થયો. લોકો અનેક મતમતાન્તરોના કીચડમાં ફસાઇ ગયા. ચોદિશે ધર્મનીજ ધામધુમ મચી રહી હતી. મઝહબી અકાયદનો ચેરાગ ફીક્કો પડી જઇ ટમટમી રહ્યો હતો. ધર્મ તરફથી લોકોના અંતઃકરણો વેગળે નાસતાં હતાં અને બેદીનીનો બજાર તેજીપર આવી ગયો હતો. જેમ એક શીખરપર ચડેલાને નીચે ઉતરવુંજ જોઇએ તેમ ઇસ્લામીઓની ઉન્નતિને પ્રત્યાઘાતનું ધોરણ પણ લાગુ થઈ ચુક્યું હતું.

આવા સમયમાં ઇરાનના ખુરાસાન પ્રાંતના તુસ શહેરમાં આપણા નાયક હસન બિન સબ્બાહનો જન્મ થયો. હસનના પિતાનું નામ અલી અને શાહ અલેપ અર્સલાનના વજીર નિઝામ-ઉલ-મુલ્કના કહેવા મુજબ તેના અકાયદો અને વિચારો બેદીનીવાળા હતા. તે પોતાની જીંદગીને સખ્ત પાબંદીઓથી પસાર કરતો હતો. અને દ્રઢતા એ તેનો મુદ્રા લેખ હતો.

હસનનો જન્મ હી. સ. ની પાંચમી સદીના પહેલા દાયકામાં થયાનું અનુમાન કરી શકાય છે. તેના જન્મનો ચોકસ આંકડો મળી શકતો નથી. નીચે જણાવેલા નેશાપુરના મદરેસામાં વિદ્યાભ્યાસ કરતા હસનના બીજા મિત્ર નિઝામ-ઉલ-મુલ્કે જણાવ્યું છે કે "અમો ત્રણે મિત્રોની વય લગભગ સરખીજ હતી." તેમજ નિઝામ-ઉલ-મુલ્કનો જન્મ હી. સ. ૪૦૮ માં થયો હતો. આ ઉપરથી હસન તેમજ ઉમરનો જન્મ પણ આ સદીના પહેલા દાયકામાંજ થએલો હોવો જોઇએ. એક બીજાની વયમાં ત્રણ ચાર વર્ષ કરતાં વધુ તફાવત હોવો જોઇએ નહીં.

હસનનો પિતા અલી કે જે પોતાની જીંદગીને સખ્ત પાબંદીઓથી પસાર કરતો હતો અને આવા માણસમાં મેહનત, ઉત્સાહ, દ્રઢતા અને હિંમત સ્વભાવિક હોવા જોઇએ અને આ ગુણો હસનને વારસામાં મળેલા તેનું જીવન વૃતાન્ત પુરવાર કરે છે. આ માણસની બાલ્યાવસ્થાનો ઉપર જણાવ્યા કરતાં કશો વધુ હેવાલ મળી શકતો નથી. અને તે માટેની તેના જીવન વૃતાન્તની અપુર્ણતા કાયમજ રહેશે. આવા ચાલાક માણસની બાલ્યાવસ્થાનો હેવાલ જો મળી શકતે તો તેમાં ઘણું જાણવાનું મળતે અને તેમાંથી તેની ભવિષ્યની કારકીર્દીનું ઉમદા ચિત્ર ચિત્રાઇ શકતે. આવા બાલ્યાવસ્થાના હેવાલમાં તેના બુદ્ધિબળ ઉપરાંત ઉસ્તાદ, મિત્રો, અન્ય લોકો તથા વિદ્યાર્થીઓ તેમજ બીજા સંબંધમાં આવતા લોકો સાથેની વર્તન સંબંધે ઘણું અજવાળું પડતે; પરંતુ આ સઘળા માટે તેના મિત્ર નિઝામ-ઉલ-મુલ્ક તરફનો એકજ ફકરો મળી શકે છે અને તેથી તેના પરજ સંતોષ પકડવો પડે છે. તેણે પોતાના ગ્રંથમાં જણાવ્યું છે કે "થોડાજ સમયમાં તે ભોળા અને અંધ શ્રદ્ધાવાળા લોકોને બેહકાવી બહુજ ખરાબ કરી નાખશે." આ ફકરો હસનના એક મિત્રનો તેમજ પોતાની બાલ્યાવસ્થામાંજ કહેલો હોવાથી ઘણો વજનદાર માની શકાય છે અને દરેક વાંચક વર્ગને તેનું ભવિષ્યનું વૃતાન્ત તેના વજનદાર હોવાની પુર્ણ ગવાહી આપે છે. આ ઉપરથી એટલું તો ચોકસ માની શકાય કે તેની બાલ્યાવસ્થામાંજ એવી વર્તન હતી કે જે ભોળા અને અંધ શ્રધ્ધાવાળા લોકોને બેહકાવી ખરાબ કરી શકે. આ એકજ ફકરા પરથી તેના બાલ્યાવસ્થાના વર્તનનું કાંઇક ચિત્ર જણાઇ આવે છે.

## ત્રણ મિત્રો.

હીજરી પાંચમી સદીની શરૂઆતમાં ઇરાનના સઘળા પ્રાંતોમાં સુપ્રસિદ્ધ આલીમ ઇમામ મોઅફ્ફકુદીન નેશાપુરીનું નામ પુર્ણ પ્રકાશી રહ્યું હતું. તેઓ ખુરાસાનના જબરદસ્ત આલીમોમાં ગણાતા હતા. તેમની આવી કીર્તિવાળી જીંદગીના ૮૫ વર્ષો પસાર થઇ ગયાં હતાં. પબ્લીક તેમને મોટા માનની નજરથી જોતી હતી. દુર દુરથી વિદ્યાર્થીઓ વિદ્યા સંપાદન કરવા તેમની કોલેજમાં આવતા હતા. અને પોતાનો હેતુ પાર પાડી પોતાને દેશ જતા હતા. આ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં ત્રણ વિદ્યાર્થીઓ અજમી નસલના હતા. તેમાંના બેનું નામ હસન તથા એકનું નામ ઉમર હતું. આ ત્રણે વિદ્યાર્થીઓ વચ્ચે બેવફલુક મિત્રાચારી હતી. જે વિદ્યાર્થીઓ ઇમામની પાસે કુરાન તથા હદીસનું શિક્ષણ લે તેમના ભાગ્ય જગતમાં ખીલી નીકળે છે એવી લોક માન્યતાનો અસર આ ત્રણે વિદ્યાર્થી ગોઠીયાઓના મનમાં હતો અને સાથેજ તેઓ પોતાના બુદ્ધિબલને સમજતા હતા. એક દીવસે હસન બિન સબ્બાહે બીજા હસન તથા ઉમરને જણાવ્યું કે મિત્રો, સૃષ્ટિ ઇચ્છાઓની પુર્ણતાનું સ્થળ છે અને ઉસ્તાદ માટે જે લોક માન્યતા છે તે આપણા પૈકી કોઇને લાગુ પડતાં જો તેનું ભાગ્ય ખુલી જાયતો તેણે બીજા બંન્નેને તેમાંથી સરખો ભાગ આપવો. સર્વાનુમતે આ ઠરાવ પસાર થઇ ગયો.

આ ત્રણે મિત્રો ભવિષ્યમાં પોતાની જીંદગીઓને પ્રખ્યાત બનાવી શકવાની યોગ્યતા ધરાવતા હતા. તે થોડી મુદતમાં પોતાનું શિક્ષણ પુર્ણ કરી જગતના વિશાળ બજારમાં પોતાના ભાગ્ય અજમાવવાને નીકળી પડયા. બીજો હસન કે જે પાછળથી નિઝામ-ઉલ-મુલ્કના

માનવંતા નામથી પ્રખ્યાત થયો. તે પ્રથમ તો સલજુકી દરબારમાં વડો મુન્શી થયો અને ત્યારબાદ પોતાની કાબેલિયતના પ્રતાપે તે વજીરાતની પદવી પામી નિઝામ-ઉલ-મુલ્ક થયો. રફતે રફતે તેનો વિશ્વાસ તથા આબરૂ વધતાં ગયાં અને સઘળી પ્રજા તેને મોટાં માન અરતબાથી જોવા લાગી. આ એ નિઝામ-ઉલ-મુલ્ક છે કે જેની વિદ્યા તથા યોગ્યતા માટે જગતમાં તેનું નામ સદાને માટે જળવાઈ રહ્યું છે. આ પ્રખ્યાત પુરૂષની શુભ કારકીર્દીનો એક નાદર નમુનો બગદાદનો પ્રસિદ્ધ "મદરસે નિઝામ્યા" હતો. આ પાઠશાળાએ પોતાની વિદ્યાથી જે પ્રકાશો જગતપર પાડયા છે. તે સુર્યની પેઠે પ્રકાશીત છે. તેની સલાહથી સલજુકી બાદશાહે અનેક ધર્મ તથા લોક કલ્યાણના કામમાં પુષ્કળ કોશીશ તથા નાણું ખરચ્યું હતું.

હસનનો બીજો મિત્ર ઉમર દુન્યવી જાહોજલાલી મેળવી શક્યો નથી તેમ તેણે તે મેળવવા કોશીશ પણ કીધી નથી. પરંતુ તે **ઉમર ખેયામ** ના પ્રખ્યાત નામથી પોતાના નામને જગ આશકારા કરી ગયો છે. તે એક પ્રખ્યાત જ્યોતિષ શાસ્ત્રી, તિક્ષણ મગજનો તત્વજ્ઞાની અને ઉત્તમ પ્રકારનો સુફી શાએર હતો. ખગોળ અને ગણીત શાસ્ત્રમાં પણ તે ઓછી કાબેલીયત ધરાવતો નહીં હતો. વળી તે કીસમતનો મોટો પુજારી હતો. થવાનું હશે તે થશેજ એમ તે માનતો, અને કાલની ફીકર થકી આજની મજાહનો ભોગ ન આપવો એવું તે શીખવતો. તે મહાન શક્તીવાન સાહેબના ફરમાન મુજબ માણસ દરેક કાર્ય બજાવ્યે જાય છે એવી તેની દલીલ હતી, અને માણસ પોતા પર કાબુ ધરાવી શકેજ નહીં એવી તેની તકરાર હતી. જીંદગીની ઉજળી બાજુ કરતાં કાળી બાજુને તે વધુ અગત્ય આપતો.

અને માણસે ઉપજાવેલી અનેક ફીલસુફીઓને તે હસી ક્હાડતો, તેમજ માણસે પાડેલા ચઢ ઉતર દરજ્જાઓની પદવી તે તુચ્છકારી નાખતો. મોત તો આવવાનુંજ એટલે નાની જીંદગીમાં માણસોએ મોટી જંજાલ શા માટે ઉઠાવવી જોઇએ એ તેનો મુળ સવાલ હતો. કાલ પર ભરોસો ન રાખવો અને આજનું કામ આજેજ કરવું એ તેની એક સુચના હતી. જીંદગીનો ભરોસો નથી એમ તેણે જણાવ્યું હતું. માણસ મરે છે પણ કાળ અમર્ગ છે, એ તેની ફીલસુફી હતી. અને દુનિયા પ્રચલિત છે એ તેનું સમજવું હતું. માણસ આખી જીંદગી અભ્યાસમાં પટકે પણ કુદરતનો એક પાઠ તે ભણી રહેતો નથી એવી તેની તકરાર હતી. માણસનાં પાપ એ માણસાઇ મનની નબળાઇ તરીકે તે સમજાવતો કે જે નબળાઇ પર કુદરતે તેમને કાબુ આપેલો ન હતો. તે શરાબની બહુંજ તારીફ કરતો અને પોતાની રૂબાઇઓમાં જણાવતો હતો તેથી તેને મુસલમાનો તરફથી કાફરનું ટાઇટલ મળેલું જોવામાં આવે છે. આલીમો તરફની આવી વરતન માટે તે કશીપણ કનવાર કરતો નહીં, બલ્કે વધુને વધુ તેમને પજવવા કોશીશ કરતો.

તેણે જ્યોતિષમાં સુધારો કરી તેનું એક નવું એડીશન ક્હાડ્યું. જલાલી સનની શોધ અને શરૂઆત તેણે પોતેજ કીધી. તેણે પોતાના એડીટર પણા નીચે એક પત્ર પણ ચાલુ કીધું હતું. તેણે અનેક પુસ્તકો રચ્યાં છે પણ તેની રૂબાઇઓને જે પબ્લીકે માન આપ્યું તે બાજી બધી વસ્તુઓને ઢાંકી આપે છે આ રૂબાઇઓની સંખ્યા ૫૦૦ ની છે. તેના યુરોપની જુદી જુદી ભાષાઓમાં તરજુમા થયા છે. આશરે ગયા બે ત્રણ દાયકામાં બસો ઉપરાંત તે માટેના યુરોપ

તથા અમેરીકામાં પુસ્તકો બહાર પડી ચુક્યાં છે. તેની રૂબાઇઓ થાકેલા મગજને તાજગી આપે છે અને સાથેજ ફીલસુફીનો વિદ્વતા ભર્યો ટેસ્ટ રજુ કરે છે. આ ઉપરથી યુરોપમાં ઘણે ઠેકાણે "ખેયામ કલબ" ની સ્થાપના થઇ છે. અને તેમાં તેની રૂબાઇઓથી આનંદ મેળવવામાં આવે છે.

ઉમર નેશાપુરના મદરેસાનું શિક્ષણ સમાપ્ત કરી કીસમત અજમાવવા મુસાફરી કરતો હતો તેટલામાં તેના જાણવામાં આવ્યું કે મારા મિત્ર હસનને ( નિઝામ—ઉલ—મુલ્ક ) સલજુકી બાદશાહના દરબારમાં વડા વજીરની જગો મળી છે. ત્યારે તે મદરેસામાં થએલા ઠરાવ પ્રમાણે પોતાનો ભાગ લેવાને તેની પાસે ગયો. નિઝામ—ઉલ—મુલ્કે કરેલા ઠરાવ મુજબ વર્તવા બાદશાહ પાસે તેના વખાણ કરી દારોગાનો હોદ્દો અપાવવા જણાવ્યું; પણ તેણે નોકરી કરતાં એકાંતમાં બેસી વિદ્યાભ્યાસ કરવાનું પસંદ કર્યું અને તે માટે સગવડ કરી આપવા મિત્ર પાસે માગણી કીધી. નિઝામ—ઉલ—મુલ્કે તેને ૭ હજાર રૂપીઆનું સાલીયાણું બાંધી આપ્યું અને તેથી તે નેશાપુરમાં જઇ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો.

## ૩ પહેલી નિષ્ફળતા.

હસન બિન સબ્બાહના બે મિત્રો હસન તથા ઉમરનો ટુંક હેવાલ ઉપર આપી હવે મુળ વિષય પર યાને હસન બિન સબ્બાહને લગતા વર્ણન પર આવીએ. તે શાળાનું શિક્ષણ પુર્ણ કરી તેમજ મિત્રો સાથે ઠરાવ કરી પોતાના ભાગ્ય અજમાવવા જુદે જુદે સ્થળે મુસાફરી કરવા લાગ્યો, પરંતુ કોઇપણ ઠેકાણે તેને ફતેહમંદી મળી શકી નહીં તેમ એવું કોઇપણ કામ હાથ ન લાગ્યું કે જે તેની

વિશાળ હીમતને પાત્ર હોય. થોડા ઘણા લાભથી તેનું મન સમાધાન થાય તેમ નહોતું. તે કોઇ મોટા ખાજની શોધમાં હતો. આવી રીતે કુશળતાથી મુસાફરી કરતો હતો તેવામાં તેણે સાંભળ્યું કે મારો મિત્ર નિઝામ—ઉલ—મુલ્કને સલજુકી બાદશાહના દરબારમાં વડા વજીરની પદવી મળી છે તેથી તેની ભેટ લેવાને તે તેની પાસે ગયો. અને પહેલીજ મુલાકાતે કરેલો ઠરાવ પાળવા જાહેર કર્યું. નિઝામ—ઉલ—મુલ્ક ઘણોજ ભલો અને નિખાલસ દીલનો માણસ હતો. તેણે હસનને પોતાની પાસે રાખ્યો અને પ્રસંગ જોઇ બાદશાહ સાથે મુલાકાત કરાવી તેને પોતાના બરાબરના એક હોદ્દા પર ગોઠવી આપ્યો.

નિઝામ—ઉલ—મુલ્ક લખે છે કે હસન પોતાના બાપની પેઠે ખટપટી હોવાથી તેણે બાદશાહનો મીજાજ તરત હાથમાં લઇ લીધો અને મારી ખોદણી કરવા માંડી. હસન ઇચ્છતો હતો કે નીઝામ—ઉલ—મુલ્કના તાબામાં રહેવું તે તો કોઇપણ રીતે મુનાસબ નથી તેથી તે પોતાનો ધારેલો હેતુ પાર પાડવા માટે હમેશાં મચ્યો રહેતો હતો, તે તેની નાની સરખી ચુકને રજનો ગજ કરી બાદશાહ આગળ રજુ કરતો, પરંતુ બાદશાહના અંતઃકરણમાં નીઝામ—ઉલ—મુલ્ક માટે સારો અભિપ્રાય હતો તેથી તે હસનની વાતને બળતો જવાબ આપી ઉડાવી દેતો.

હલબમાં એક જાતનો સફેદ પથર નીકળતો હતો કે જેમાંથી વાસણ બનતાં હતાં. તે વિષે એક વખત બાદશાહના મુખમાંથી એવી વાત નીકળી કે થોડાક પથર ઇસફહાનમાં લાવવા જોઇએ. એ શબ્દો લશકરી બજારના એક રહીશે સાંભળી એ વણજારાને કહ્યું કે પાંચસો મણ પથ્થર ઇસફહાન પહોંચાડી આપો; તમને કાયદા કરત બમણું ભાડું મળશે. ભાડુતોનો પાંચ પાંચસો મણ બોજો પોતાનો

હતો. અને પાંચસો મણ પથ્થર બાદશાહ માટે ઉપાડયા, એક ભાડુતને છ ઉંટ હતા અને બીજાને ચાર હતા તે બધા ઉપર સરખો બોજો નાખ્યો હતો. તેઓ જ્યારે ઇસફહાનમાં આવ્યા ત્યારે સદરહુ લશ્કરી બજારના રહેનારે તે ખબર બાદશાહને પહોંચાડી. બાદશાહે ખુશી થઇ ઇનામ આપ્યું, અને ભાડાવાળાઓમાં એક હજાર દીનાર વહેંચી આપવા નીઝામ—ઉલ—મુલ્કને ફરમાવ્યું. તેણે છ ઉંટવાળાને છસો અને ચારવાળાને ચારસો આપ્યા.

આ વાતની હસનને ખબર પડતાં તેણે કહ્યુ કે ઇનામ વહેંચવામાં ભુલ કીધી છે. છ ઉંટવાળાને આઠસો અને ચારવાળાને બસો દીનાર દેવા જોઇએ. બાદશાહને એ ખબર થતાં નીઝામ—ઉલ—મુલ્કને હજુરમાં બોલાવ્યો. હસન પણ દરબારમાં હાજર હતો. તેના તરફ ઇશારો કરી બાદશાહે તે કેસ વીષે પુછ્યું ત્યારે હસને મોં મરડી કહ્યુ કે બાદશાહનો માલ ગેરવાજબી ધોરણે અપાયો છે. દરબારી લોકોએ તેનું કારણ પુછતા તેણે કેટલીક આંટી ઘુંટીવાળી ગણીત કરી છેલ્લે કહ્યું કે દસ ઉંટ છે અને પંદરસો મણ બોજો છે. તો દરેક ઉંટ દોઢસો મણ બોજો હતો ત્યારે ચાર ઉંટવાળાએ છસો મણ બોજો બાંધ્યો હતો તેમાં પાંચસો મણ તેનો અને એકસો મણ બાદશાહનો હતો. છ ઉંટવાળાએ નવસો મણ બોજો બાંધ્યો હતો તેમાં પાંચસો મણ બોજો તેનો અને ચારસો મણ બાદશાહનો હતો. બાદશાહનો બોજો પાંચસો મણ અને ઇનામના હજાર દીનાર, ત્યારે સો મણે બસો દીનાર થાય ત્યારે ચાર ઉંટવાળાને એકસો મણ વાસ્તે બસો અને છ ઉંટવાળાને ચારસો મણ વાસ્તે આઠસો દીનાર આપવા જોઇએ બાદશાહને આ વાતની ધડ બેશી ગઇ, પણ નીઝામ—ઉલ—મુલ્કને માઠુ ન લગાડવા એ વાત હસવામાં કાઢી નાખી.

એક દીવસે બાદશાહે નિઝામ—ઉલ—મુલ્કને પુછ્યું કે તમો એવો એક સંપુર્ણ રીપોર્ટ કેટલા દીવસમાં રજુ કરી શકો છો; કે જેમાં આપણા રાજ્યના સઘળા ભાગોની ઉપજ ખર્ચનો ખુલાસાવાર હેવાલ જણાઇ શકે. આ એક બોહોળું રાજ્ય હતું તેના રાજ્યની હદ રૂમ તથા મીસરથી છેકને ખુરાસાન સુધી ફેલાએલી હતી. તેમજ તે સમયમાં આજના જેવા સરકારી દફતરો નહોતાં તેથી તેવો રિપોર્ટ રજુ કરવો એ કાંઇ સહેલ વાત નહોતી આ સઘળી હાડમારીનો વિચાર કરી નિઝામ—ઉલ—મુલ્કે બાદશાહ પાસે બે વરસની મુદત માગી, પરંતુ હસન બીન સબ્બાહે જલદીથી અરજ કરી કે હું તેવો રીપોર્ટ માત્ર ચાલીસ દીવસમાં રજુ કરી શકું છું બાદશાહ આશ્ચર્ય પામ્યો અને ખાત્રી માટે આ કામ હસનને સુપ્રત કર્યું ચાળીસ દીવસ પુરા થયા અને હસન પોતાનો રિપોર્ટ લઇ દરબારમાં હાજર થયો. નિઝામ—ઉલ—મુલ્ક પણ ઉદાસ પણે દરબારમા ઉભો હતો અને વિચારતો હતો કે જો આ રિપોર્ટ બાદશાહને પસંદ પડી ગયો તો મારા તો બારજ વાગી જવાના. છેવટે બાદશાહે રીપોર્ટ જોયો અને તેના સબંધમાં કેટલાક પ્રશ્નો પુછવા લાગ્યો. હસન બાદશાહના પ્રશ્નોનો ઉતર આપી શકયો નહિ, ત્યારે નીઝામ-ઉલ-મુલ્કે નમ્રતાથી બાદશાહને અરજ કીધી કે "હુ આ કામનો ઘણોજ અનુભવી છું. છતાં મેં બે વરસની મોહલત માગી હતી તે વગર વીચારે માગી નહોતી. જો રીપોર્ટનું કામ મને સુપ્રત કરવામાં આવતે તો તેમાં કોઈ એવી બાબત રહી જવા ન પામતે કે જેની આપને જરૂર છે" બાદશાહ હસનની વર્તણુકને ધીક્કારની નજરથી જોતો હતો હવે તેના ગુસ્સાનો પાર રહ્યો નહી તે તેને સજા કરવાને તૈયાર થઇ ગયો; પરંતુ દયા ઉત્પન થવાથી તેમજ વડા વજીરની સીફારસથી તેને વધુ સજા નહી કરતાં દરબારમાંથી હાંકી કહાડયો.

## ૪ ઈસમાઈલી મઝહબ.

ઇસલામની આલીશાન બીલ્ડીંગના મેઅમાર ( કડીયા ) હજરત મહંમદ સ૦ ની વફાત પછી તેમના શિષ્યોમાં ખીલાફતનો ઝઘડો થયો. સકીફા નામના પંચાયત સ્થળમાં ઇસ્લામીઓની કેટલીક સંખ્યા ખલીફ કોને નેમવો તેનો નિર્ણય કરવાને એકઠી થઈ અને હજરત ઉમરે હજરત અબુ બકરને ખીલાફત માટે પસંદ કરતાં તેમને ખલીફ બનાવવામા આવ્યા. હઝરત ઊમરને હઝરત અબુબકરે પોતાના મરણ વખતે ખીલાફત સોંપી. તેથી તેમની પછી હઝરત ઉમર ખલીફ થયા. હઝરત ઉમર પોતાના પછી ખલીફ મુકરર કરવા માટે કેટલાંક નામો આપી ગયા તેમાંથી ત્રીજા ખલીફ તરીકે હજરત ઉસમાનને પસંદ કરવામાં આવ્યા આ ત્રણે નેમણુકોને હજરત અલીના પક્ષકારોએ માન્ય રાખી નહિ પરંતુ તે વિરૂદ્ધ કશી હીલચાલો પણ ઉભી કીધી નહી. આ વર્ગ તે શીઆ અને પ્રથમના ત્રણ ખલીફની ફેવરમાં રહેનાર સુન્ની તરીકે જાહેર થયો.

ત્રીજા ખલીફ હજરત ઉસમાને પોતાના અમલમાં સમાધાની જાળવવા એક એવી યોજના કીધી કે મુખ્ય મુખ્ય હોદાઓપર પોતાનાજ કુટુંબીઓને નીમવા. આ યોજના ધારણા મુજબ નહિ ઉતરતાં અવ્યવસ્થા થઇ અને પરિણામે હજરત ઉસમાનનું મોત નીપજ્યું. ત્યારબાદ હજરત અલીને ખીલાફત સુપ્રત કરવામાં આવી. હજરત ઉસમાને નીમેલો દમીશકનો ગવર્નર મોઆવીઆ તેમની સામે થયો. બંને વચ્ચે ઘણી લડાઇઓ થઇ અને મોઆવીઆના લાખો માણસો કપાઇ ગયાં. મીસરના ગવરનર ઉમરૂએ આ ઝગડાનો અંત લાવવા લવાદની માગણી કીધી, પરંતુ હજરત અલીએ તેમ કરવા ના પાડી, તો પણ હજરતઅલી તરફના લોકોની તેમ કરવાની જીદથી તેમ કરવું

પડયું. મીસરનો ગવરનર ઉમરૂ મોઆવીઆ તરફનો અને અબુ મુસા હજરત અલી તરફનો લવાદ નેમાયા. ઉમરૂએ પ્રપંચ રચી અબુ મુસાને ઠગ્યો. પ્રપંચી ઉમરૂએ ભોળા અબુ મુસાને એમ સમજાવ્યું કે આ બન્ને પક્ષકારોની લડાઇથી લાખો મુસલમાન માર્યા જાય છે માટે બન્નેને પદભ્રષ્ટ કરવા અને આ રીતે લાખો મુસલમાનોને કતલ થતાં બચાવવા. આ પ્રપંચી યોજના અબુ મુસાને પસંદ પડી. બીજે દહાડે કુફાની મસજીદમાં ચુકાદો સાંભળવા ઇસલામીઓની મોટી સંખ્યા ઉતરી આવી. ઉમરૂ પ્રથમ અબુ મુસા પાસેથી હજરત અલીને પદભ્રષ્ટ થએલા જાહેર કરવા ઇચ્છતો હતો તેથી તેનેજ *મોટોભાઇ બનાવી મેમ્બરપર ચડાવ્યો. તેણે મેમ્બરપર બેશી મોઆવીઆ તથા હજરત અલીને પદભ્રષ્ટ જાહેર કીધા. તુરતજ ઉમરૂ મીમ્બરપર ગયો. અને મોઆવીઆને ખલીફ અને હજરત અલીને પદભ્રષ્ટ તરીકે જાહેર કીધા. લોકો દીગમુંઢ બની ગયા.

થોડા વખતમાં ઉભા થએલા ખારજી નામના ટોળાંના ઇબ્ને મુલજીમ નામના માણસે હજરત અલીપર જ્યારે તેઓ સવારની નમાજ મસજીદમાં પડી રહ્યા હતા ત્યારે ઝેરી તલવારથી હુમલો કીધો. આ હુમલાથી હજરત અલીની વફાત થઈ. તેમની વફાત પછી તેમના વડા પુત્ર હજરત હસન ખલીફ થયા. તેઓ મોટી ફોજ લઇ મોઆવીઆ સામે લસ્કર લઇ ગયા, પણ લશ્કરીઓમાં બેદિલી ફેલાતા લાઇલાજે મોઆવીઆ સાથે સુલેહ કરવી પડી. મોઆવીઆએ ગુપ્તપણે ઇમામ હસનને ઝેર આપવાથી તેમની વફાત થઇ.

મોઆવીઆએ હજરત ઇમામ હસન સાથે સુલેહ કરવામાં એક એ સરત કબુલી હતી કે હું મારી હયાતી બાદ ખીલાફત તમોને

સુપ્રત કરી આપુ. પરંતુ તેણે તે વિરૂદ્ધ અમલ કરી પોતાના પુત્ર યઝીદને ગાદી આપવા બેઅત લેવા માંડયો. મોઆવીઆના મરણ પછી તુરતજ તેનો પુત્ર યઝીદ ગાદીએ બેઠો. તેણે ગાદીપર બેસવા સાથેજ બીજાઓ સાથે ઇમામ હુસેનની પણ બેઅત લેવા પેરવીઓ ચાલુ કીધી. ઇમામ હુસેને ખુલ્લી રીતે જણાવી આપ્યું કે હું તારી બેઅત કરી શકતો નથી. યઝીદના ત્રાસથી ઇમામ હુસેન મક્કાથી મદીના અને ત્યાંથી કરબલા આવ્યા. તેમની બેઅત લેવાને અગર બેઅત ન કરે તો તેમને મારી નાંખવાને યઝીદના હુકમથી કુફાના ગવરનર અબદુલા ઝીયાદે કરબલામાં ઉમર સાદના ઉપરી પણ નીચે મોટું લસ્કર મોકલ્યું. ઇમામ હુસેન તથા તેના કુટુંબીઓ વ સાથીઓ ત્રણ દીવસની ભુખ તથા પ્યાસ છતાં યઝીદની ફોજ સામે દીલેરીથી લડયા અને છેવટે શહીદ થયા. માત્ર ઇમામ હુસેનના એક પુત્ર હજરત ઝએનુલ આબે. દીન કે જે લડાઈ વખતે સખ્ત બીમાર હતા તે બચ્યા હતા.

પહેલા ઇમામ હજરત અલી, બીજા ઇમામ હસન અને ત્રીજા ઇમામ હુસેન હતા. ચોથા ઇમામ ઝએનુલ આબેદીન તેમના પુત્ર મોહંમદ બાકર પાંચમા અને તેમના પુત્ર જાફર :સાદક છઠ્ઠા ઇમામ થયા આ છઠ્ઠા ઇમામ જાફર સાદકને બે પુત્રો હતા. વડાનું નામ ઇસમાઇલ અને નાનાનું નામ મુસા કાજમ. હજરત ઇસમાઇલ પીતાની હયાતીમાંજ ગુજરી ગયા હતા. એક પક્ષનું કહેવું એમ છે કે છઠ્ઠા ઇમામ જાફર સાદકે પોતા પછી ઇમામત હજરત ઇસમાઇલને સુપ્રત કીધી હતી અને તેથી તેઓ ઇમામ હતા. આવી રીતે હજરત ઇસમાઇલને ઇમામ કહેનારા લોકો હજરત ઇસમાઇલના નામથી ઇસમાઇલી કહેવાય છે.

હજરત ઇસમાઇલના પુત્ર મહંમદનું વર્ણન " કનઝલ મસાહેબ " નામના ગ્રંથમાં આગા મહંમદ હસનલ હુસેનીના મુનશી મીરજા સાગરે લખ્યું છે કે " અબદુલ્લા બિન મેયમુન હજરત ઇમામ જાફર સાદકનો મિત્ર હતો તેણે હજરત ઇસમાઇલની સારી સેવા બજાવી હતી. જ્યારે દવાનકી ખલીફે ઇમામ જાફર સાદકને ઝેર આપ્યું ત્યારે અબદુલ્લા બિન મેયમુનનો દીકરો મરઝબાન મહંમદ બિન ઇસમાઇલને મીસર લઇ ગયો. ત્યાં તેની વફાત થઈ હતી. કેટલાક લોકો એમ પણ કહે છે કે તેની ઓરત ગર્ભવંતી હતી. તેને મારી તેની જગોએ પોતાની સ્ત્રીને રાખી, તેણે પુત્ર જણ્યો તેને મહંમદ બીન ઇસમાઇલ ઠેરાવ્યો. મહંમદનો વશી આહમદ, તેનો રઝી અબદુલ્લાહ અને તેનો મહંમદ મેંહદી થયો. આ મહંમદ મેહદીએ મીસરનું રાજ્ય મેળવી ખીલાફત કરવા માંડી. ઇસમાઇલીઓ કહે છે કે ઇમામ મેંહદી આવવા બદલ હજરત મહંમદ પેગમ્બરની જે ભવિષ્ય વાણી છે તે આજ મહંમદ મેંહદી છે.

મેહદીના મરણ પછી કાયમ બ અમરલ્લા, મનસુર બિલ્લાહ, મુઇઝદીનલ્લાહ, અઝીઝ બિલ્લાહ હાકેમ બિલ્લાહ, ઝાહેર અલ દીનલ્લાહ મુસ્તનસિર બિલ્લાહ. આમર બ અહકામ અલ્લાહ, હાફેઝલ દીનલ્લાહ, જાફર બિલ્લાહ ફાએઝ બનસરલ્લાહ, અને આદલ દીનલ્લાહ એમ મેહદી સુદ્ધાં કુલ ૧૪ ખલીફ થયા. છેલ્લા ખલીફની સત્તા બીલકુલ નબળી પડી ગઇ અને તેનું રાજ્ય શામના શાહ નુરદીને છીનવી લીધું આ ચઉદ ખલીફાએ મીસરમાં આશરે ૨૬૮ વરસ સુધી રાજ્ય કીધું.

## ૫ ઈસમાઈલી મઝહબનું શિક્ષણ.

હસન બીન સબ્બાહનું જીવન-ચરીત્ર આગળ ચલાવતાં પહેલાં એક રમુજી હકીકત જણાવવાની ઘણીજ અગત્ય જણાય છે. ફ્રીમેશન લોકોની સોસાઇટી આજના લોકોને બીલકુલ વિચીત્ર વસ્તુ માલુમ પડે છે. હાલના ફ્રીમેશન સોસાઇટીના લોકો પોતાના સિદ્ધાંતોની શરૂઆત હજરત સુલેમાન પેગમ્બર તરફ જાહેર કરે છે. પરંતુ તેની કોઇ ઇતીહાસિક દલીલ અમારા જાણવામાં આવી નથી. પરંતુ આશ્ચર્યની વાત છે કે એવાજ પ્રકારની એક બળવાન સોસાયટી ઇસલામના ઇસમાઇલી ટોળામાં સ્થાપન થઇ હતી. આ સોસાયટીનો સ્થાપક ઇસમાઇલી મજહબ હતો. અને મીસરના ફાતમાઇટ ખલીફો તેના મુરબ્બીઓ હતા.

ઇસમાઇલી મજહબ ખાસ કારણને લીધે ગુપ્તપણે સ્થાપન થયો હતો એટલા માટે તેના માનનારાઓ પોતાનો ધર્મ મોટે ભાગે એવા મનુષ્યોને જાહેર કરતા હતા કે જેઓ તેમના જેવી માન્યતા રાખનારા હોય અને તેમની સોસાઇટીમાં ભળી જાય. ધર્મના આવા ગુપ્તપણાને લીધે સૌથી આ ધર્મ જાહેર કરી શકાતો નહોતો. આ ધર્મનો એક વિશાળ સમાજ ( ફ્રીમેશન લોજ ) પ્રથમ આફ્રીકાના કેરવાન શહેરમાં સ્થાપન થયો હતો. અને થોડા દીવસ પછી જ્યારે મીસરનું કેરો શહેર ફાતમાઇટ ખલીફોની રાજધાની બન્યું ત્યારે આ લોજ પણ કેરવાનથી ટ્રાન્સફર થઇ કેરોમાં આવી ગયો. લોજના પ્રેસીડેન્ટના હોદ્દાનું નામ " ગ્રાન્ડ માસ્તર " ના હોદ્દાનું બરોબરીનું નામ છે. પરંતુ આ ગ્રાન્ડ માસ્તરના અધિકારો ઘણાજ વિશેષ હતા. આ લાજમાં દર અઠવાડીએ બે સભાઓ ભરવામાં આવતી હતી. આ સભામાં માત્ર એવાજ લોકો દાખલ થઇ શકતા હતા કે તેમાં દાખલ થઇ

શકવાની યોગ્યતાને પ ત્ર હોય. આ સભાનું કામ ગુપ્ત રીતે ચલાવવામાં આવતું હતું. સભાનો ગ્રાન્ડ માસ્તર (દાઈ–ઉદ–દાવત!) ખલીફ અથવા બાદશાહને મળી પોતાના ભેદોને લગતી ખુબીઓનું ભાષણ આપતો હતો. અલ્લામાં મક્રેજી કહે છે કે પ્રથમ આ લોજની સાત ડીગ્રીઓ હતી પરંતુ તેનું સ્થળ બદલાઈ કેરોમાં આવ્યા બાદ તેની નવ ડીગ્રીઓ મુકરર કરવામાં આવી હતી. આ નવ પાયરીઓમાં એક પછી એક એમ અનુક્રમે લાયકાત મેળવી લોકો ઉપર ચઢતા હતા. આ નવ પાયરીઓની હકીકત હીસ્ટ્રી ઓફ ધી એસેસીન્સમાંથી નીચે આપવામાં આવે છે.

" ૨૫૭૦૦૦ ડયુકેટો આ વિદ્યાલયની પેદાયશ હતી. (સાડાબાર રૂપીયાનો એક ડયુકેટ ) અને તે $\frac{1}{10}$ અને એ પ્રમાણાં ઉઘાડવામાં આવતી હતી. તેનો ઉપયોગ વિદ્યાલયના શિક્ષાગુરૂઓ અને બીજા અધિકારીઓના પગાર આપવામાં, શીખવવા માટેની જરૂરીઆતો પુરી પાડવામાં, શાસ્ત્ર સંબંધી જાહેર કેળવણી આપવા માટેના સાધનો લેવામાં તથા ધર્મની છુપી ચીજો ખરીદવામાં થતો. શાસ્ત્રની કેળવણીમાં મનુષ્ય જ્ઞાનની સઘળી શાખાઓનો સમાવેશ થતો અને ધર્મની બાબતમાં નીચે લખ્યા નવ સિદ્ધાંતો અનુક્રમે નવ પાયરીએ આપતા. "

" બીજી સઘળી પાયરીઓ કરતાં પહેલી સાૈથી વધારે લાંબી તથા મુસ્કેલ હતી. કારણકે શિક્ષકના જ્ઞાનમાં વિદ્યાર્થીને પુરો ભરોસો રાખવાને ઉશ્કેરવા તથા ધર્મ સંબંધી છુપા ભેદ પ્રમાણે વર્તવામાં કાંઇ પણ વાંધો લેવો ક તથા તેમાં તો કેવળ આસ્થાજ રાખવી એવું આકરા સમ ખાઇને કબુલ કરવા તેનું વલણ કરાવવા માટે તે જરૂરની હતી. "

" આ મતલબ સાધવાને માટે સ્થાપિત ધર્મ અને બુદ્ધિથી જોતાં એક બીજાથી વિરૂધ્ધ જણાય એવી ઘણીક વાતોથી અવળા સવાલો અને કપટ ભરેલી શંકા લાવી કુરાનની વાતોને ગુંચવણ ભરેલી કરી અને જેવી રીતે નાળીએર ઉપર બહારના છોલાની અંદર કોપરૂં રહેલું છે એવી રીતે ઉપર ઉપરના અર્થની અંદર વધારે ઉંડો ગુઢાર્થ બતાવી મનને ગુંચવણમાં નાખવાને માટે દરેક લઇ શકાય તેવા ઉપાય લેવામાં આવતા શિષ્યની જીજ્ઞાસા જેટલા પ્રમાણમાં વધતી હોય તેટલાજ પ્રમાણમાં જ્યાં સુધી તે આકરા સોગંદથી બંધાય ત્યાં સુધી આ મુશકેલીઓનો જરાપણ ખુલાસો આપવાને માટે શિક્ષકની ના પાડવામાં દ્રઢતા વધતી. આ પછી તેને બીજી પાયરીમાં દાખલ કરતા. અહીં તેને ખુદાએ નિર્માણ કરેલા ઇમામો, જેઓ સઘળી વિદ્યાનું મુળ હતા તેમની ઓળખાણ પડતી. તેઓમાં તેને ઇમાન બેસે કે તરતજ ત્રીજી પાયરીમાં તેઓની સંખ્યા વિષે તેઓને કહેવામાં આવતું. આ સંખ્યા પવિત્ર સાતથી વધારે ન હતી. કારણકે ખુદાએ સાત આસમાન, સાંત દુનીઆ, સાત દરીઆ, સાત ગ્રહો, સાત રંગ, સાત સુર, તથા સાત ધાતુઓ, જેવી રીતે કરેલ છે. તેવીજ રીતે તેણે પોતાના પ્રાણીઓમાં સૌથી શ્રેષ્ટ એવા સાત પ્રસિધ્ધ ઇમામો નીમેલ છે. આનાં નામ હજરત અલી, ઇમામ હસન, ઇમામ હુસેન, ઇમામ ઝએનુલ આબેદીન, ઇમામ મોહંમદ બાકર, ઇમામ જાઅફરે સાદક અને તેના દીકરા સાતમાં તથા છેલ્લા હજરત ઇસમાઇલ "

" આપણે જોયું તેવી રીતે ઇમામીઓ તથા આમાં ફેર મોટો જ કે ઇમામીઓ સાતને બદલે બાર માનતા હતા. ચોથી પાયરીમાં આવવાનું તેઓએ બહુ સહેલું રાખ્યું હતું. આમાં એમ કહ્યું છે કે, દુનીઆની શરૂઆત થઇ તે પછી સાત ખુદાઈ કાયદા કરનાર અથવા

ખુદા તરફથી મુકેલા બોલતા પેગંબરો થયા છે. જેમાંના દરેકે ખુદાની આજ્ઞાથી પોતાનાથી આગળના મતો ફેરવેલ છે, આમાંના દરેકને મદદગાર થઇ પડે એવા સાત મદદગાર હતા, જેઓ વખતની દરમીયાન એક બીજા પછી આવતા ગયા, પણ તેઓ ખુલ્લી રીતે પ્રસિધ્ધ ન થયા તથી તેઓ " મુંગા " કહેવાતા. "

" આ મુંગા " ઓના પહેલાને હજરત શીશ કહેતા. અને તે બોલતા પેગંબરોના ખલીફાઓની જાણે જગ્યા હોય નહિ ? આ સાત બોલતા પેગમ્બરો તેઓની સાત જગ્યાઓ શીખે નીચે મુજબ હતા. "

" હજરત આદમ, હજરત નુહ હઝરત ઇબ્રાહીમ હઝરત મુસા હઝરત ઇસા હઝરત મહંમદ અને ઇમામ જાફરસાદકના દીકરા હજરત ઇસમાઇલ જે છેલ્લા હોવાથી સાહેબે જમાન ( વખતનો ધણી ) કહેવાતા. "

" તેઓના સાત મદદગાર પેગંબરો નીચે પ્રમાણે હતા. "

" હજરત શીશ, હજરત સામ, હજરત ઈબ્રાહીમના ફરજંદ હજરત ઇસમાઈલ, હજરત હારૂન, હજરત શમઉન, હજરત અલીબીન અબીતાલબ, અને હજરત ઇમામ જાફર સાદકના ફરજંદ ઇસમાઇલના દીકરા મહંમદ. "

" આ સારી ગોઠવણ જેને માટે ઇસમાઇલીઓને સાતનું નામ મળ્યું હતું જેથી ખુલ્લું દેખાય છે કે, પેગંબરની કારકીર્દીમાં મુંગા પેગંબરોમાંથી માત્ર પહેલાનુંજ તેઓએ નામ આપ્યું છે. હજરત ઇસમાઇલનો દીકરો મહંમદ જે છેલ્લા પેગંબરના સાથીઓમાંનો પહેલો હતો. તેને ગુજરી ગએ સો વરસ થઇ ગયાં હતાં તેથી જેઓનો અભ્યાસ

આ પાઇરીએ અટકયો હતો. તેઓને માટે ચાલતા જમાનાના મુંગા પેગંબર તરીકે તેઓની મરજીમાં આવે તેને નીમવાને શીક્ષક છુટ હતી."

"પાંચમી પાયરીમાં જ્યારે શીખાઉ આવે ત્યારે તેને મનોમાં વધારે ખુલ્લી રીતે ઇમાન આવે છે. કારણ તે માટે અને ખરા ધર્મના ધારા માટે તેમાં એવું કહેવામાં આવ્યું હતું કે સાત "મુંગા" પેગંબરોમાંના દરેકને બાર બાર મદદગાર હતા. કારણ કે બારના આંકડો સાતના આંકડાથી શ્રેષ્ટ છે કારણ કે રાશીઓ બાર છે. નકીબા બાર છે, બની ઇસરાઇલની જાતો બાર છે. તેમ દરેક હાથનાં આગળીના હાડકાં અંગુઠાના બાદ કરતાં બાર છે."

"આ પાંચમી પાયરી પછી ઇસમાઇલી ધર્મના સિદ્ધાન્તો તપાસવામાં આવતાં અને છઠ્ઠીમાં એવું દેખાડવામાં આવ્યું હતું કે સ્થાપિત ધર્મના કાયદા સાધારણ અને તત્વજ્ઞાનના કાયદા કરતાં હલકે દરજ્જે હોવા જોઇએ."

"પ્લેટો, એરિસ્ટોટલ પાઇથોગ્રાસના કાયદા પ્રમાણ તરીકે લેવામાં આવ્યા અને સિદ્ધાંન્ત તરીકે કબુલ કરવામાં આવ્યા. આ પાયરી બહુજ કંટાળા ભરેલી હતી. જ્યારે તત્વજ્ઞાનીઓના ડહાપણમાં તેનું મન તે બરાબર પરોવી શકતા તથા તે વિષે બરાબર માહિતગારી ધરાવતા ત્યારે તેઓને સાતમી પાયરીમાં દાખલ કરતા. અહીં તે તત્વજ્ઞાનમાંથી છુપા જ્ઞાનમાં દાખલ થતા. આ એકત્રપણા વિશે સુફીઓએ પોતાના પુસ્તકોમાં જેવો મત જણાવેલ છે તેવો મત છે. આઠમીમાં ધર્મના વાસ્તવીક ફરમાનો બતાવવામાં આવ્યા હતાં પણ તે આગલા ફરમાનોને નાબુદ થવાને અને પેગંબરો તથા તેના મદદગારોના નિર્મળપણા માટે; તે વાત હવે બરાબર અજવાળામાં આ-

વતી. જન્નત દોજખના હોવા વિષે, કૃત્યોના વિરક્તપણા વિશે તથા તેઓને માટે આ તથા આવતી દુન્યામાં ઇનામ તેમ શિક્ષા નથી એ વીશે તેની આંખો ઉઘડતી અને સત્તાની હદમાં ન રહે એવી તૃષ્ણાનું હથીઆર થવાને માટે તે નવમી અને છેલી પાયરીમાં તૈયાર થાય છે. આ પંથનું ટુંકામાં સિદ્ધાંતઃ—

"માનવું કંઇ નહિ અને હિમ્મત સઘળી વાતની કરવી હોવાથી ધર્મ અને નીતિના દરેક તત્વ માર્ગનો નાશ થયો. ધર્માચાર્યોની મદદથી લોભી યોજનાઓ પાર પાડવા સિવાય તેનો બીજો કોઈ ઉપયોગ થતો નથી. દરેક વાત ઠગાઇ ભરેલી તથા કોઇપણ વાતની મનાઇ નથી એમ સમજી કોઇને પણ માન આપે નહીં. અને કુલ કામ કરવાની બાથ ભીડે. તેવા ધર્મ ગુરૂઓને ઘાતકી કામો કરવાના તેજી હથીયાર સિવાય બીજું શું નામ આપી શકાય."

"મનુષ્ય દેહ ધરી જે ઉમદી મતલબો સાધવાની છે તે સાધવાને બદલે માત્ર વિષય ભોગનીજ તૃપ્તી મેળવવી એજ આ ફીરકાની મતલબ હતી. અને તેનું પરીણામ એ આવે છે કે, આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અઘોર ખાડામાં પડે છે. અને તે મોટા રાજ્યો અને ધર્મસ્થાનોને ખંડેરો કરી જુલમ ભરેલા રાજ્યના કમકમાટો બતાવી, પ્રજાના સુખનો નાશ કરી મનુષ્ય જાતીની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે."

ઉપરના હીસ્ટ્રી ઓફ ધી એસેસીન્સના લખાણથી ઇસમાઇલી મઝહબના શિક્ષણની જે માહિતી મળે છે તે એક નવો સવાલ ઉભો કરે છે. ઇસમાઇલી મઝહબ એ ઇસલામની એક શાખા છે અને તેનું શિક્ષણ પણ ઇસલામના મુળ તત્વો પરજ યોજાએલું હોવું જોઇએ

પરંતુ ઉપરના ઇસમાઇલી લોજના શિક્ષણથી તેનું શિક્ષણ ઇસલામના શીક્ષણથી જુદુંજ જણાય છે. ઇસલામ અલ્લાહની વાહદાનિયત, નબુવ્વત, કીયામત, નમાજ, રોઝા, હજ, જકાત આદી ફરમાનોનો હુકમ કરે છે પરંતુ આ ઇસિમાઇલી લોજનું શીક્ષણ વિચીત્ર અને વિલક્ષણ કેમ છે? આ પ્રશ્નના જવાબમાં કેટલીક બાબતો પર વિવેચન કરવા જરૂર છે.

ઇસલામમાં આત્મિક જ્ઞાન તરફ વધુ ઢળેલો એક વર્ગ કે જે સુફીના નામથી ઓળખાય છે. આ સુફી વર્ગ અલ્લાહતઆલાના પ્રેમમાં લીન થઇ જતાં જાહેર વીચારો તથા જાહેર ક્રિયાઓની વધુ અગત્ય ધારતો નથી. ઇસલામની જાહેર બાબત કે જે શરીયત કહેવાય છે તે પાયરી પસાર કરતાં હકીકત, તરીકત અને મારફતની પાયરીઓ આવે છે. શરીયત છોડી પછીની પાયરીઓમાં જે સુફીઓ આગળ વધે છે તે જાહેર કરતાં બાતેન તરફ વધુ ધ્યાન રાખે છે. તેઓ જણાવે છે કે મઝહબથી જે મેળવવાનું છે તેનું શરીઅત માત્ર પગથી-ઉંજ છે. આગળ વધ્યા પછી પગથીયાની જરૂર રહેતી નથી. છેવટે માઅરેફતમાં પહોંચતા તે અલ્લાહના પ્રેમમાં એટલો તો લીન થઇ જાય છે કે તે જાહેરમાં દીવાના જેવો લાગે છે. ખાવા પીવા તથા પહેરવા ઓઢવાની તેને કશી દરકાર હોતી નથી. શરીયત પછીની પાયરીઓમાં તેઓ ઉત્તરોત્તર આવી સ્થિતિમાં આવતા જાય છે પરંતુ આ સુફીયતની મુળ ઉત્પતી હજરત અલીથી જાહેર કરે છે તેમાં હજરત અલીને આવી દીવાનાપણાની સ્થિતિમાં સાબીત કરી શકતા નથી. હઝરત આલીને તેઓ વડા સુફી અને સુફીયતના શોધક માને છે. પરંતુ તેઓ નમાજ, રોઝા તથા શરીઅતના હુકમોને તજી દીવાના થઇ જતા હતા એમ સાબીત કરી શકતા નથી. જેમ કુદરતી જ્ઞાન

પ્રાપ્ત કરવા માટે જાહેરની વસ્તુઓની ઉંડી અને બારીક શોધખોળ કરવામાં આવે છે તેમ બાતીનની શોધખોળમાં પણ સુફીઓ બહુ મથન કરે છે. હર્બર્ટ સ્પેન્સર અને ડારવીન જેવા શોધકોને પોતાની તપાસમાં છેવટે એમજ જણાયું કે જગતનો કર્તા કોઇ છેજ નહિ ત્યારે સુફીઓ તો કહે છે કે "જીધર દેખતા હું ઉધર તુહી તુહેય." મતલબ કે સુફીઓ અલ્લાહના ઇશ્કમાં દીવાના થઇ અસાધ્ય સ્થિતિમાં આવી પડે છે.

ઇસમાઇલીઓમાં સુફીયત દાખલ થવાથીઃતેઓની શરીયત તરફ ઓછી વલણ થઇ અને શરીયતવાળા તેમને હલકી દ્રષ્ટિથી જોવા લાગ્યા. ઇસમાઇલીઓમાં આ સુફી મત દાખલ કરનાર અબદુલ્લાહ બિન મૈમુન હતા. પોતે ખુદ સુફી હતો અને તે મતનો પ્રચાર કરવાની તેની ખંત હતી. પીરોની પીરાઇ મુજાવરોના હાથમાં હોય છે તેમ અબદુલ્લાહ મેયમુન કે જે હજરત ઇસમાઇલનો મિત્ર હતો તેણે ઇસમાઇલી લોકોમાં સુફીમત દાખલ કર્યો. આમ કરવાથી આ વર્ગમાં શરીયતની પાબંદી ઓછી થઇ અને બાતીન પરસ્તી દાખલ થઇ.

ઇસમાઇલી ધર્મ એ શીઆ ધર્મનો એક ફાંટો હતો. શીઆ ધર્મના લોકો હજરત મહંમદ પછી ખીલાફતના હકદાર ઇમામને સમજે છે તે મુજબ હજરત ઇસમાઇલ જે ટોળાના ઇમામ ગણાયા તે ટોળાનાં લોકો હજરત ઇસમાઇલને ખીલાફતના હકદાર ગણાતા હતા. ઇસમાઇલ તો પિતાની હયાતીમાં વફાત પામ્યા હતા તેથી તેઓને ખીલાફત સંબંધે ખ્યાલ થઇ આવ્યો ન હતો પણ તેમના પુત્ર મહંમદને તે ઇચ્છા હોવી જોઇએ. તેમની આવી ઇચ્છાને અબદુલ્લા મેયુમન જેવા કુશળ રાજદ્વારી સુફીની સહાયતા મળતાં મુરીદોની સંખ્યા વધતી ચાલી.

વળી આ વર્ગની એક એવી માન્યતા હતી કે હજરત ઇમામ જાફર સાદકના પુત્ર હજરત ઇસમાઇલ ઇમામ નહિ પણ સાહેબે શરીયત પેગંબર હતા. આ માન્યતાની રૂએ તેમનામાં હઝરત મહંમદ પેગંબરની શરીયતની માન્યતા ન હોવી જોઇએ. અને ઇસમાઇલી તે ઇસાઇ તથા મુસાઇ જેવો જુદોજ મઝહબ કરી શકે છે. અને તેની અનેક માન્યતાઓ તેમ માનવાને કારણ પણ આપે છે ઉપરાંત હજરત મહંમદ પેગંબરે એક ભવિષ્યવાણી એવી ભાખી છે કે મારી ઓલાદમાંથી ઇમામ મેહદી આવશે અને તે મનુષ્યોને એકજ શરીયતપર ચલાવશે. ઇસમાઇલીઓ કહે છે કે આ એજ મેહદી છે આવા માન્યતાથી પણ આ ફીરકા પોતાની શરીયત ઇસલામથી જુદી માને છે.

ઇનસાન એ બુદ્ધી અપાએલું પ્રાણી છે પણ તે કુદરતના પુર્ણ જ્ઞાનને કદી પહોંચી વળી શકે તેમ નથી. આ મનુષ્ય માત્રની કુદરતી નબળાઇ છે. આવી નબળી સ્થિતિને લઇ તે કુદરતના જ્ઞાનમાં ગમે તેટલો આગળ વધે તો પણ અપુર્ણ બુદ્ધિના કારણે તે સંપુર્ણ જ્ઞાન મેળવવાથી માહરૂમજ રહેવાનો. અને મનુષ્યોની આવી શોધો અપુર્ણ અને ભિન્નતાવાળી રહેવાના દાખલા તરીકે કેટલીક સદીઓ પુર્વે ખગોળવેત્તાઓને સુર્ય ફરે છે એમ જણાયું અને તે વિદ્વાન વર્ગમાં સત્ય મનાયું, પરંતુ પાછળથી તે જુઠું ઠર્યું અને પૃથ્વીજ ફરે છે એમ નિર્ણય થયું. દરેક પ્રકારના સાયન્સમાં આવી સ્થિતિ થઇ જાય છે આવા જ્ઞાનમાં પ્રવૃત રહેનારાઓ પોતાની શોધમાં જે મુનાસબ જણાય તેને સત્ય માને છે પરંતુ તેણે મુનાસબ જાણેલું વાસ્તવિક રીતે જુઠું પણ હોય છે. ભલે ગમે તેટલી બુધ્ધીથી તપાસ કીધી હોય; પરંતુ સત્ય પ્રાપ્ત ન થયું તો ખરી ભ્રાન્તીનો નાશ થતો નથી.

અને જે સત્ય નથી તેને પોતાની સમજથી સત્ય માની લેતાં અસત્યના દોષથી મુક્ત થઇ શકાતું નથી. આવી સ્થિતિ દરેક સમયના સાયન્સના જ્ઞાનીઓમાં થએલી તવારીખ પુરવાર કરે છે. સાયન્સના શોધકો જો પોતાનો ધર્મ પ્રત્યેનો અભાવો તજી દે અને ધર્મના રહસ્યોનીજ તપાસમાં ઉંડા ઉતરે અને વિરૂદ્ધતાઓ તજે તો તેઓ જે મુસ્કેલીમાં આવી પડે છે. તેમાં આવવા પામે નહિ; પરંતુ સાયન્સના શોધકોની ધર્મને તદન ઢકોસલો સમજી તોડી પાડવાની ઇચ્છા ખુદ તેમનેજ તેમના સાયન્સની શોધમાં સત્ય નિર્ણયપર આવવા દેતી નથી. તેમની સ્થિતિ દયાજનક અને પ્રજાજનને નુકસાનકારક પણ નીવડે છે.

કુદરતનું જ્ઞાન સમજતાં તેઓ મોટી ભુલથાપમાં ઉતરી પડે છે. સોસાઇટીનું બંધારણ એ મનુષ્યોના અનુભવનું પરિણામ છે કાંઇ કુદરતનું ધોરણ નથી એમ માની સોસાઇટી આજે જે વસ્તુને અનીતિ માને છે તેનેજ બીજા સમયમાં સોસાઇટી નીતિ માને એમ દલીલોથી જણાવે છે. નીકાહ એ સોસાઇટીનું બંધારણ છે. કુદરતનું ધોરણ નથી. મા, બેન તથા પુત્રી સાથે વ્યવહાર રાખવાથી પણ સંતતીની પ્રાપ્તી થાય છે. આવા અહિતકર વિચારોમાં તે સપડાઇ જાય છે. જગતની ઉતપતીના સબંધમાં પણ તેમની વિલક્ષણ સ્થિતિ થાય છે. કર્તા કોઇ નથી. નવું કાંઇ થઈ શકતું નથી. જે કંઇ થાય છે તે વસ્તુઓનું રૂપાન્તર છે. અને જેનો નાશ થાય છે તે પણ વસ્તુઓના રૂપાન્તરનુંજ પરિણામ છે. ટુંકામાં એ કે સાયન્સ શાસ્ત્રના અભ્યાસીઓનો કેટલોક સમુહ દરેક સમયમાં શોધની આગળ વધતાં જુદેજ માર્ગે વહી જતો જણાયો છે. અને આવી સ્થિતિ એજ સોસાઇટીના બંધારણને હાનીકારક હોઈ જગતની સામાજીક પડતીનું

કારણ થાય છે. ઇસમાઇલી લોજની કેળવણીની નવ ડીગ્રીઓનું બારીક અવલોકન ઉપરની વાતને ઠીક અનુમોદન કરે છે. મુરકએ નેચરીના કર્તા ઇસમાઇલીઓના આવા જ્ઞાનનેજ ઇસલામીઓની પડતીનું કારણ સમજે છે કેમકે ઇસમાઇલીઓના સાયન્સ જ્ઞાનનો ચેપ આમ ઇસલામી વર્ગમાં પણ થઇ ગયો હતો, જન્નત દોજખ તથા કર્તવ્યોનું પુછાણું નથી એવી માન્યતાએ દરેક અનીતિતા માર્ગો હિમ્મત ભર્યા ધોરણે ખુલ્લા કરી આપ્યા. વળી આ વર્ગની જુદી જુદી શાખાઓમાં એક સદા ધોરણ ન હોવાના કારણે જુદી જુદી માન્યતાઓ થઇ જે આપણે આગળ જોઇશું.

## ૬ અલમૌત ઉપર કબજો.

મલેકશાહના દરબારમાંથી હસન હંકારી કઢાયો એ હસન માટે પહેલીજ નિષ્ફળતા હતી કે જે તે માટે ઉન્નતિનો માર્ગ બની ગઇ. તેનો મિજાજ અને તેની હીમ્મત જે વિશાળ મેદાનને શોધી રહી હતી. તેની હદ ઘણીજ ઓડોળી હોવી જોઇતી હતી. જે જગોએ રહેવાથી કોઇની તાબેદારી ભોગવવી પડે ત્યાંની આબો હવા હસન જેવા સ્વતંત્ર માણુસને અનુકુળ ન આવે એ બનવા જોગજ હતું. તેમ આવો સ્વતંત્ર અને હિમ્મતવાન પુરૂષ પોતાના બરની સામગ્રીઓ મેળવ્યા વિના રહી જાય એ પણુ ભય ભરેલું હતું. તેમ આ સમયમાં કે જ્યારે જુદા જુદા વિચારના અને ખીલાફતનો દાવો કરનારા લોકોના અને ખાસ કરીને મીસરના ઇસમાઇલી લોજના મીશનરીઓ દરેક જગોપર ફેલાયેલા હતા. તેમ ઇસલામી રાજ્યના પરદામાં અનેક ખટપટો ચાલી રહી હતી. અને ગુપ્ત બાતમીઓ મેળવવાને લીધે લોકો જાહેરમાં કાંઇ અને અંદર પોતાને જુદા જુદા ધર્મના જાહેર કરતા

હતા, તેવા વખતમાં હસનને પોતાના સ્વતંત્ર વિચારને લગતું કામ ન મળે એ બનવા જોગજ નહોતું.

આવી રીતનો ધર્મનો બોધ કરવાવાળાઓ અથવા આજના લોકોમાં કહીએ તો મીશનરીઓની શરૂઆત ઇસલામમાં ડુમાસકસ ( દમીશ્ક ) ના ખલીફ બની ઉમયાના છેવટના દોરમાં પડી હતી. જ્યારે કોઇ જાહેર શક્તિ બની ઉમયાનું બળ ન તોડી શકી ત્યારે બની હાશમે પોતાનાજ જજમાનો અને સહાયકોને " દાઇ " અને " નકીબ " ના નામો આપી પોતાનું બળ વધારવા માંડયું. આ દાઇઓ અને નકીબો દરેક દેશમાં જતા અને જાહેરમાં રાજ્ય ભક્તિ બતાવી અંદર ખાનગી બની હાશમની તાબેદારીની બેઅત લેતા હતા. આવા હજારો દાઇઓ અને નકીબો ખુરાસાનથી શામસુધી ફેલાઇ ગયા હતા. આ મીશનરીઓએ ગુપ્ત રીતે આજના રાજકીય પુરૂષોની પેઠે એક એવો ડાયનામેટી જુસ્સો પાથરી આપ્યો હતો કે જેને નાની સરખી ચીણગારી લાગતાંજ તે એક જબરદસ્ત ધડાકો થઇ ધરતી કંપના ધ્રુજાવાને પણ શરમીંદો કરી આપે. આ જુસ્સાને સહાયતા મળવાથી તેણે બની ઉમયાના રાજ્યને જડમુળથી ઉખેડી ફેંકી દીધું. હવે બની અબાસની રાજ્ય હકુમતના સમયમાં ફાતમાઇટ લોકો પોતાનો ખીલાફતનો હક મેળવવા માટે અનેક પ્રકારનાં ગુપ્ત કાવત્રાંઓ રચી રહ્યા હતા. પરંતુ મુસ્કેલી તો એ હતી કે તેમનામાં અન્યો અન્ય સંપ નહોતો. બની ફાતમાના જુદા જુદા આગેવાન માણસો પોતે રાજ્ય તથા ઇમામતના દાવેદાર બન્યા હતા. એ વાતતો બીલકુલ અનુભવ સિદ્ધ છે કે, કોઇ કામમાં એક યુક્તિથી ફતેહમંદી મળી જાય તો સઘળા માણસો તેજ યુક્તિ બીજા કામોને લગાડવા લાગી જાય છે આ ધોરણ મુજબ ઇમામતના દરેક હકદારે પોતાના

પાદરીઓ ઠેક ઠેકાણે ફેલાવી આપ્યા હતા. ફાતમાઇટ આગેવાનો જો એકત્ર થઇ અમુકને ખીલાફત અપાવવા કોશીશ કરતે તો તેઓને જરૂર તે મળી જતે પરંતુ કુસંપને લીધે જુદા જુદા ઇમામના દાઇઓ એક બીજાના ઇમામો વિરૂદ્ધ બોલતા હતા. બન્યું એમકે એક ઇમામની કોશીશને બીજા ઇમામે તોડી પાડી. અને બની અબ્બાસનું જોર નાબુદ કરવા સામે કોઇ પણ બળવાન કોશીશ તેમનાથી થઇ શકી નહિ.

નિષ્ફળતા કે સફળતાની વાત બાજુ પર રહી; પરંતુ ઇમામતના દાવેદારે પોતાના નકીબો ઠેક ઠેકાણે ફેલાવી રાખ્યા હતાં. તેઓ દરેક પોતાના ધર્માચાર્યોના જજમાનો વધારી રહ્યા હતા. આમ થવાથી દરેક દાવેદારે પોતાના જજમાનોની સંખ્યા થોડી ઘણી વધારી લીધી હતી.

મલેકશાહ બાદશાહના દરબારમાંથી નિષ્ફળતા મેળવી તે ઇસફહાન પહોંચ્યો. અને રઇસ અબુલ ફજલના ઘરમાં છુપાઇ બેઠો. રઇસના ઘરમાં તેણે ઘણી મુદત રહી, એક દીવસ વાતો કરતાં તેણે મલેકશાહ બાદશાહ અને નિઝામ–ઉલ–મુલ્કની નીંદા કરી કહ્યું કે " એ મિત્રો મને એક દીલના મળતે તો હું આ ગામડીયા તુર્કનું રાજ્ય ઉથલ-પાથલ કરી નાખતે" રઇસ ડાહ્યો માણસ હોવાથી ચેતી ગયો કે તેના મગજને કંઇ દીવાનાપણાએ અસર કીધી છે. નહીં તો મલેકશાહ કે જેનું રાજ્ય અંતાકીઆ અને શામથી કાશગર સુધી છે તેનો મુકાબલો તે કેમ કરી શકે. આ વિચાર તેણે છુપો રાખી બીજે દીવસ જમવા વખતે તેની પાસે શરબત રાખ્યું, તેમાં મગજને તાકાત આપનારી કેટલીક ચીજો નાખી. હસન ઘણો તિક્ષ્ણ બુદ્ધિનો માણસ હોવાથી

તેનો ભેદ સમજી ગયો અને રઇસની ઘણી તાંણ છતાં પણ તેને ઘેરથી નીકળી ગયો. એક બીજી જગોએ લખેલું છે કે, હસનના મગજની દવા કરવા સારૂ રઇસે એક વૈદને બોલાવી ઇલાજ શરૂ કરાવ્યો હતો જ્યારે તે મીસરથી પાછો ફર્યો અને અલમોતના કિલ્લા ઉપર ફતેહમંદ થયો ત્યારે મજકુર રઇસ અબુલ ફ્રજલ તેની પાસે ગયો, તે વખતે હસને તેને કહ્યું કે " હે રઇસ, મારા મગજમાં ખલલ પહોંચી હતી. કે તારામાં? જાફરાની ખોરાક મને લાયક હતી કે તને: તેં જોયું કે જ્યારે મને બે ખરા મિત્રો મળ્યા ત્યારે મારા બોલો હું સાબીત કરી શક્યો. "

તે ઇસફહાનથી નીકળી થોડો વખત આમ તેમ ભટકતો રહ્યો. પરંતુ છેવટે એજ થવા પામ્યું કે જેનો નિઝામ-ઉલ-મુલ્કે ભવિષ્યવાણી ભાખી હતી તેને એક માણસ મળ્યો તણે તેના સાથે બહુજ મિત્રાચારી વધારી તેને કહ્યું કે ઇસમાઇલી ધર્મ કરતાં કોઇ પણ ધર્મ ઉત્તમ નથી. અને મીસરના ખલીફો સાચા ઇમામ છે કે જેની તાબેદારી કરવી દરેક મુસલમાનપર ફરજ છે.

હસનને એક તત્વજ્ઞાની વિચારનો તથા સ્વતંત્ર જાણી તેણે પોતાના બોધને એક નવી પદ્ધતિથી જાહેર કીધો; કે ઇસમાઇલી ધર્મ બીલકુલ તત્વજ્ઞાન ભરેલો ધર્મ છે. હસને પોતાની નબળાઇ કાંઇ એટલે સુધી નહીં જાહેર કરી કે મીત્ર જે વાત કહે તે તે માનીજ લેવી. પરંતુ એક વિદ્યાર્થી પેઠે તેને જુદા જુદા પ્રશ્ન પુછવા લાગ્યો. રાત દીવસ આ બન્ને મિત્રોમાં એજ સિધ્ધાન્તોપર વાદવીવાદ ચાલવા માંડયો. જાહેરમાં તે તેના વિચારો વિરૂદ્ધ બોલતો હતો પરંતુ અંતરમાં તેના વિચારો અસર કરી જતા હતા, મિત્રથી વિખુટો પડયા બાદ

તે સખ્ત માંદો પડયો અને જીવવાની બીલકુલ આશા રહી નહિ. બીછાનાપર પડયો મૃત્યુની રાહ જોતો હતો. આ વખતે તેણે પોતાની આજ સુધીની જીંદગીપર નજર નાંખી અને તે સાથે તે ઇસમાઇલી મિત્રની દલીલો યાદ આવી ગઈ. તે મનમાં કહેતો હતો. કે ઇસમાઇલી ધર્મ સત્ય છે. જો હું આવી સ્થિતિમાં મૃત્યુ પામીશ તો બેદીન રહી જઇશ. આ વિચારોમાં તે એટલો તો લીન થયો કે સાજો થઇ કોઇ ઇસિમાઇલી દાઇને સત્ય ધર્મ ગ્રહણ કરવા શોધવા લાગ્યો.

થોડા વખતની શોધમાં તેને અબુ નજમ સેનાજ નામના એક ઇસિમાઇલી માણસની મુલાકાત થઇ. તેનાથી ઇસમાઇલી ધર્મના સિધ્ધાન્તો વીશે ખાત્રી કરી અને મનમાંને મનમાં કહેવા લાગ્યો કે આ સીધ્ધાંન્તો ખોટા ઠરી શકે તેવાં નથી. હસન હવે મનમાં ઇસમાઇલી ધર્મનો બન્યો. કસર માત્ર એટલી રહી કે જાહેરમાં તે ધર્મ ગ્રહણ કરે, જાહેરમાં તે ધર્મ ગ્રહણ કરવાને તૈયારીઓ કરી રહયો હતો. તેટલામાં મુમન નામના એક ઇસમાઇલી દાઇની તેને મુલાકાત થઇ. આ દાઇને એરાકના શેખ અબદુલ મલક બીન અતારે ઇસમાઇલી ધર્મની દાવત ( બોધ ) કરવાની પરવાનગી આપી હતી. આ દાઇની મુલાકાત થતાંજ તેણે કહ્યું કે હું કાંઇ પણ વિશેષ ખાત્રી કરવા માગતો નથી. મને કૃપા કરી આપ આપના સત્ય ધર્મમાં દાખલ કરો. અને તે આ મુમનના હાથ પર શીઆ ધર્મ તજી ઇસમાઇલી ધર્મમાં દાખલ થયો. આ ધર્મમાં દાખલ થવાને હજુ થોડી મુદત થવા પામી હતી. તેટલામાં શેખ અબદુલ મલક ફરતા ફરતા રેયના મુલકમાં આવ્યા. હસન તેની મીજલસમાં પહોંચ્યો. શેખે હસનની વર્તણુંક, બુધ્ધિ, હિમ્મત, અને દ્રઢતા જોઇ તેને ઇસમાઇલી ધર્મના મીશનરીના કામની પરવાનગી આપી અને કહ્યું કે જો કે તમોને પરવાનગી આપી છે

પરંતુ મુનાસબ છે કે તમો મીસરમાં જઇ ખલીફ મુસતનસરબીલ્લાની મુલાકાત લ્યો. આ બોધનો અસર એટલો થયો કે શેખથી વિખુટો પડતાંજ મીસર જવાની તઇયારીઓ કરવા માંડી.

મીસર પહોંચ્યો ત્યાર પહેલાં તેનું નામ મીસરમાં પહોંચી ગયું હતું. જ્યારે તે મીસરમાં પહોંચ્યો ત્યારે ખલીફ મુસતનસરે તેની સામે દાઇઓની એક ટોળી મોકલી તેને શહેરમાં ઉતારો આપ્યો અને પરોણાગત વાસ્તે પોતાના મંત્રીઓને મોકલ્યા. હસન દોઢ વરસ ત્યાં રહયો પણ ખલીફના દરબારમાં તે પહોંચી શકયો નહિ. મુસતનસર દર વખતે તેની વર્તણુંકની ખબર રાખતો હતો. અને તેની એટલી બધી તારીફ કરતો હતો કે લોકો તેને રાજ્યનું કામ જલદી સોંપાશે એવો શક લાવતા હતા. સઘળા દરબારીઓ અદેખાઈ કરવા લાગ્યા વડો સેનાધિપતી તો હસનનો પ્રાણ લેવાને તતપર થઈ ગયો. આ ઝઘડો થવાનું કારણ એ હતું કે ખલીફ મુસ્તનસરે પોતાના વડા પુત્ર મુસ્તઅલીને ગાદીનો વારસ નીમ્યો હતો ઘણા લોકો પ્રથમ નીમેલા ગાદીના વારસને સત્ય સમજતા હતા, વડો સેનાધિપતિ મુસ્તઅલીના પક્ષમાં હતો અને હસન નીઝારની તરફેણમાં હતો. આ તકરાર દીન પ્રતીદીન વધતી ચાલી. સેનાધિપતિના પક્ષવાળા ખલીફના મત મુજબ પાછળના ગાદી વારસના તરફદાર હતા તેથી તેઓએ ખલીફને હસનને દુમ્યાદના કિલ્લામાં કેદ કરવાનું કહ્યું; પણ ખલીફે તે વાત માન્ય રાખી નહિ. આ સમયમાં મજકુર કીલ્લો કોઇ કારણથી પડી ગયો તેથી લોકોમાં ખલીફ તથા હસનની કરામતોની વાતો થવા લાગી. દુશ્મનો હસનને જોઇ શકતા નહોતા તેથી એક દીવસે આફ્રીકનોનું એક વહાણ જંગબાર તરફ જતું હતું તેમાં તેને બેસાડી રવાના કરી દીધો. હસન કોઈ પણ રીતે જવા ઇચ્છતો નહોતો; પરંતુ દુશ્મનો પાસે તેનું કાંઈ

ચાલી શક્યું નહિ. કાળાં કાળાં કદદાર મોજાઓ તેને સમુદ્રમાં ઘસડી ચાલ્યાં. વહાણ આગળ ચાલતાં મોટા વાવાઝોડાના તોફાનમાં આવી ગયું. આ તોફાને વહાણને એટલું બધું નુકશાન પહોંચાડ્યું કે વહાણમાંના સઘળાઓ મૃત્યુની વાટ જોવા લાગ્યા હસન જે કામમાં નિષ્ફળ થાય છે તેજ કામથી તેના ભાગ્ય ચડવા માંડે છે. વહાણમાં સઘળા માણસો આહો જારી કરતાં હતાં, પરંતુ હસને પોતાના ચહેરાપર જરાએ ચિન્તા આવવા દીધી નહિ. તે દરેક વખતે હસમુખે ચહેરે આનંદમાં જણાતો હતો. બધા લોકો મૃત્યુનું ભયંકર સ્વરૂપને નીરખી રહ્યા હતા તેવા સમયમાં હસને પોતાની ઉન્નતિની એક નવી યુક્તિ શોધી કાઢી. તોફાન સામે જરા પણ ઉદાસીનતા પ્રગટ કીધી નહિ. અને એક ઓલીઆની પેઠે પોતાના બોલોને બનાવી બોલ્યો કે, "ખુદા એ મારી સાથે વાયદા કર્યો છે કે, વહાણ ડુબશે નહી. માટે ગભરાવાનું કાંઇપણ કારણ નથી." લોકોએ તેના બોલોતરફ આશ્ચર્ય અને માનની નજરથી જોયું. અને કેટલાક તો તેને ઘેલછાપણું થયું છે એમ જાણી હસવા લાગી ગયા. મતલબ કે વહાણમાં સઘળા લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાયું. થોડીવારે વહાણ જયારે તોફાનથી મુકત થયું ત્યારે સઘળા લોકો આવી આવીને હસનના પગપર પડવા અને હાથ ચુમવા લાગ્યા. તેઓ સઘળા હસનને અલ્લાહના માન પામેલો અને વડો ઓલીઆ હોવાપર ઇમાન લાવ્યા. હસને સઘળાને ઇસમાઇલી ધર્મનો બોધ કર્યો. હસને જે યુક્તિથી ઓલીયાપણું મેળવ્યું હતું. તે માટે ઇતિહાસકારો કહે છે કે હસને વિચાર્યું કે જો હું એમ કહીશ કે વહાણ ડુબવાનું નથી અને જો ખરેખર નહી ડુબે તો મારા ઓલીઆપણા પર કોઇને શક રહેશે નહિ પરંતુ જો વહાણ ડુબી ગયું તો મારો તેમજ વહાણમાંના લોકોનો પતો રહેશે નહિ. મતલબકે હસ-

નની ભવિષ્યવાણી પુરી થઇ અને વહાણમાં તે પીર તરીકે પુજાવા લાગ્યો.

થોડા દીવસમાં વહાણ કીનારે પહોંચ્યું. અહીંનો રાજા ખ્રીસ્તી હતો તેણે આ વહાણમાંના લોકોને લશ્કરી નહિ પણ સાધુઓ જોઇ હસનને દાવત આપી માન આપ્યું. અહીંથી વહાણ થોડાજ દીવસમાં એશીઆઇ તુર્કસ્તાનના કાંઠા પર જઇ પહોંચ્યું. અહીં હસન ઉતરી ગયો. અને વહાણને છોડી આપ્યું. તે જમીન મારગે હલબ, બગદાદ, ખોજીસ્તાન, ઇસફહાન, કીરમાન વિગેરે ઇરાન તથા એશીઆના પ્રખ્યાત શહેરોમાં મુસાફરી કરવા લાગ્યો. અને દરેક સ્થળે ઇસમાઇલી ધર્મનો બોધ કરતો. કીરમાનથી તે બીજી વખત ઇસફહાન આવી ચાર માસ રોકાઇ ખેરતાન ગયો. અહીં દસ માસ રોકાઇ દામગાનનો માર્ગ લીધો. અહીં તે ત્રણ વર્ષ ઇસમાઇલી ધર્મનો બોધ કરી પુષ્કળ મુરીદો બનાવી શકયો. ત્યારબાદ તે પુષ્કળ શહેરો અને ગામડાઓમાં જઇ પોતાનું મીશનરી બજાવતો રહી, છેવટે તે અલમોતના કીલ્લામાં પહોંચ્યો. અને અહીંજ મૃત્યુ સુધી પોતાના પગ પાથરી રહ્યો.

અલમોત એ રૂદબાર પ્રાંતનો એક કીલ્લો હતો. તેને તેની સઘળી હદ સાથે લોકો "તાલકાન" ના નામથી ઓળખતા હતા. આ કીલ્લો પહાડોની વચમાં અને વિકટ માર્ગોથી ઘેરાએલો હતો. આ કીલ્લાની સ્થાપના વિષે એમ કહેવાય છે કે દેલમના બાદશાહમાંનાં એકને શીકારનો બહુજ શોખ હતો. એક દીવસ તે શીકાર કરતો આ વિકટ પહાડી માર્ગમાં આવી પહોંચ્યો. ત્યાં એક પક્ષી પકડવા બાજને ઉડાવ્યું. તેણે પક્ષીને પકડી જે સ્થળ પર પાછળથી કીલ્લો બાંધવામાં આવ્યો છે ત્યાં જઇ પોતાને જમીનપર પાડી દીધું. બાદશાહ દોડતો પહોંચ્યો અને જોયું કે એક ઘણુંજ આનંદી અને દક્ષ-

ણનું સ્થળ છે. બાદશાહે જોયું કે આ જગો કરતાં બીજી કોઇ પણ જગો મજબુત કીલ્લો બાંધવાને પાત્ર નથી. તેટલા માટે મજકુર બાદશાહે અહીં કીલ્લો તથા ભવ્ય રાજમહેલ બંધાવ્યો. દેલમી લોકોના ભાષામાં અલમોત એ એક ખાસ શબ્દ હતો કે જે શબ્દથી પક્ષીઓને કેળવવામાં આવતાં હતાં. જે લોકો અહીં આવતા તે તે શબ્દ પોકારતા હતા. તેથીજ આ કીલ્લાનું નામ તેજ શબ્દથી પ્રખ્યાત થઇ ગયું.

હસન હજુ આ કીલ્લામાં દાખલ થયો નહોતો ત્યાર પહેલાં તેણે પોતાના પાદરીઓ મારફત આ કીલ્લામાં ઇસમાઇલી ધર્મનો બોધ ચાલુ રાખ્યો હતો. આ બોધથી કેટલાક માણસો તેના ધર્મમા શામેલ થયાં હતાં. થોડી મુદત પછી હસન પોતે તે કીલ્લામાં ગયો અને બોધ કરી ઘણા લોકોને પોતાના યજમાન બનાવી લીધા, કીલ્લાનો કોટવાલ મેહદી નામનો એક ફાતમી શખ્સ હતો. તેણે જોયું કે કીલ્લામાં ઇસમાઇલી ધર્મનો આત્મા ફુંકાવા લાગ્યો છે ત્યારે તેણે પણ જાહેરમાં ઇસમાઇલી ધર્મ કબુલ કર્યો. હસને આ કોટવાલની મુલાકાત લીધી. કોટવાલ હસનને એક આબેદ ( ભક્ત ) સમજી ઘણાજ સત્કારથી મળ્યો. હસને મેહદીને કહ્યું કે " આ કીલ્લો જગતના સઘળા ભાગોથી જુદો અને રક્ષણ કરનારો છે. અને અમારા જેવાં એકાંતમાં બેસી અલ્લાહની ભક્તિ કરનારા લોકોને લાયકનો છે, માટે મને અહીં એક બળદના ચામડાંના જેટલી જમીન વેચાતી આપવામાં આવે તો હું તેની કીમતના ત્રણ હજાર દીનાર આપવાને તૈયાર છું " એટલું કહી દીનારની કોથળી મેહદી સામે રાખી દીધી. મેહદી દીનારો જોઇ લલચાયો અને વિચાર્યું કે એક ભક્ત માણસને રાખવામાં કાંઇ પણ હરકત નથી. રૂપીઆ લઇ જમીનનું વેચાણ ખત

લખી આપ્યું. પરંતુ જ્યારે તેણે જોયું કે હસને તે ચામડાની દોરા જેવી ઝીણી ઝીણી વાધરીઓ બનાવી એક બીજાને સાંધી તેના ઘેરાવાથી આખા કીલ્લાને ઘેરી લીધો, ત્યારે તે ગભરાયો પરંતુ હવે શું થઇ શકતું હતું. હસનના જજમાનો ઉપરાંત ગામના ઘણા શ્રધ્ધાળુ મુસલમાનો પણ એક તવંગર હાકેમ કરતાં એક ભક્તની તરફદારી કરતાં હતાં મતલબ કે આ યુક્તિથી અલમોતનો કીલ્લો હસન બીન સબ્બાહના હાથમાં આવી ગયો.

ઘણા પ્રખ્યાત ઐતિહાસિકકારોનું કહેવું છે કે ઉપરની યુક્તિથી હસન કીલ્લાને મેળવવા પામ્યો નથી પરંતુ તે બીજી જ યુક્તિથી ફાવ્યો છે. તેણે જોયું કે કીલ્લાના પુષ્કળ માણસો અને મેહદી કોટવાળ સુદ્ધાં મારા જજમાનો થઇ ગયા છે તેથી કોઇ મારી વિરુદ્ધતા કરી શકશે નહિ. તે એક દીવસ કીલ્લાના કોટ ઉપર ચઢી ગયો અને મેહદીના સામે જઇ કહેવા લાગ્યો કે "નીકળો અને કીલ્લો ખાલી કરી આપો" મેહદી એક રમુજની વાત ગણી હસવા લાગ્યો. જ્યારે કોટવાળ પોતાની જગોથી ખસ્યો નહિ ત્યારે તેણે પોતાના જજમાનોને ઇશારો કર્યો કે મેહદીને કીલ્લામાંથી કાઢી મુકો. ઈશારા સાથે જજમાનોએ મેહદીને કીલ્લા બહાર કાઢી મુકી તેને મકાન પહોંચાડી આપ્યો. અને તે સાથે તેનો સરસામાન પણ પહોંચાડી આપ્યો. પહેલા કારણથી કે બીજા કારણથી ગમે તે કારણ હો પણ તે કીલ્લાને મેળવવા પામ્યો. છેવટે આ કીલ્લો બાતનીઓનો રાજધાની બન્યો.

## અલમૌત ઉપર પહેલો હુમલો.

હસન હવે કીલ્લામાં બેસી હીમ્મત, ચતુરાઇ, અને સતત શ્રમ-

ત્નથી પોતાના ધર્મને જગતમાં પ્રસારવા લાગ્યો. તેણે જો કે છેવટ સુધી મીસરના ફાતમાઇટ ખલીફનો મુરીદ હોવાનું કહેવું ચાલુ રાખ્યું હતું પરંતુ તેનું તેમ બોલવું પોલીટીકલપણાને લીધે હતું. ઇસમાઇલી ધર્મના સિધ્ધાંતોમાં તેણે ફેરફાર અને સુધારો કર્યો. મીસરના લોજમાં આ ધર્મની નવ ડીગ્રીઓ હતી પણ તેણે અહીં કેરવાન લોજ મુજબ સાત ડીગ્રીઓની યોજના રાખી હતી. ખરેખર તે એક નવોજ ધર્મ ચલાવી રહયો હતો. આ નવા ધર્મનો સ્થાપક કે મુજતેહદ (ધર્માચાર્ય) જે કહો તે પોતેજ હતો. હસનના જજમાનો રૂદબાર પ્રાંતમાં દીનપ્રતીદીન વધતા જતા હતા. ધર્મના બોધ અને મીશનરીપણાના લેબાસમાં ગુપ્ત રીતે તેઓએ રૂદબાર પ્રાંતની સત્તા પોતાના હાથમાં કરી લેવાના પ્રયત્નો કરવા માંડયા. તેના હિમ્મતવાન જજમાનોએ કેટલેક ઠેકાણે નવા કીલ્લાઓ બંધાવ્યા અને ખાસ અલમોતના કીલ્લાની આસપાસ ભવ્ય અને આલીશાન મહેલો બંધાવ્યા. તેઓની સત્તા એટલે સુધી વધી જવા પામી કે આસપાસના બાદશાહો અને સુબાઓ તેમનાથી બીવા લાગ્યા. અને તેમને ધાસ્તી પેઠી કે રખેને હસનના હાથમાં સઘળો ઇરાન દેશ ન આવી જાય!

જયારે આ વાતની ખબર નિઝામ-ઉલ-મુલ્ક અને મલેકશાહને પડી ત્યારે તેઓએ ઇરાદો કર્યો કે અલમોતપર હુમલો કરી હસન તથા તેના કાવત્રાંને જડમુડથી ઉખેડી નાખવું. કીલ્લાને ઘેરી લેવામાં આવ્યો, પરંતુ તે ઘણોજ મજબુત હોવાથી હસનને તેની જરાપણ બીક નહોતી. પરંતુ કીલ્લામાંના લોકોની ખેતીનું કામ અટકી પડયું અને ખોરાક પણ ખુટી પડયો. આ પ્રસંગે હસને એક જુદીજ યુક્તિથી કામ લીધું. આ વખતે રમજાન માસ હતો. હસને પોતાના એક જજમાનને ગુપ્ત રીતે

નિઝામ-ઉલ-મુલ્કને ઠાર કરવા માટે રવાના કર્યો. નિઝામ-ઉલ-મુલ્ક ઝંદમાં મલેકશાહ બાદશાહ સાથે હતો અને ત્યાંથી બગદાદ જવાની તૈયારીઓ કરી રહ્યો હતો. સદ્દગુણી વજીર રોજું છોડી પોતાના જનાનખાનાના તંબુમાં જતો હતો તેવામાં એક જુવાન વયનો કદાવર છોકરો તેની સાથે કાંઇ વાતો કરવા લાગ્યો. આ જુવાન છોકરે વાતો કરતાં યુક્તિથી છુપાવી રાખેલી છરી કાઢી વજીરના શરીરમાં ભોંકી દીધી. વજીર ભોંયપર પડયો અને તેનો આત્મા આ ફાની દુનીઆ તજી ગયો. વજીરના કોઇ ઘાતકી માણસના હાથથી કતલ થયાના સમાચાર સાંભળી મલેકશાહ ઘણોજ દીલગીર થયો અને કંઇક એવોજ પ્રસંગ આવ્યો કે એક માસમાં પોતે પણ મરી ગયો. કહે છે કે હસનના એક જજમાને તેની ચાકરીમાં જોડાઈ ઝેર પીવરાવીને તેને મારી નાંખ્યો હતો.

બાદશાહ અને વજીર બંનેના મૃત્યુ પછી અલમોતનો ઘેરો કેવી રીતે રહી શકે તેમ હતો? લશ્કર પાછું ગયું. હવે હસન શાંત બની પ્રથમની પેઠે સ્વતંત્રતા મુજબ પોતાનો ધર્મ આસપાસ દાઇઓ અને નકીબો મોકલી ફેલાવવા લાગ્યો. નિઝામ-ઉલ-મુલ્કને ઠાર કરવામાં વાપરેલી યુક્તિ ઘણી પસંદ પડી. તેણે નિર્ણય કર્યો કે શત્રુને આજ યુક્તિથી હવે ઠાર કરવા જોઇએ, આ યુક્તિના કામ માટે તેણે બહાદુર સીપાઇઓ એકઠા કરવા અને ધર્મની રીતથી તેમનામાં આ કામની યોગ્યતા ઉત્પન્ન કરવાની કોશીશો કરવી શરૂ કીધી. આ એક એવો લડાઇનો હુન્નર હતો કે જે તરફ આજ સુધી કોઇ બાદશાહ કે રાજકીય પુરૂષે લક્ષ પણ નહિ આપ્યું હોય. આ કામની શરૂઆત હસન બીન સબ્બાથી શરૂ થઇ. આ હુન્નરને યોગ્ય બનવું એ કંઈ સહેલ નથી. સીપાઇઓ આવા નીચ કૃત્યથી બીજાઓના પ્રાણો લેવા ગુપ્ત રીતે તૈયાર થઈ જાય અને કદીપણ તે કામથી પાછી પેની કરે નહિ એ તે હુન્ન-

રના ઉસ્તાદની કુશળતા બતાવી આપે છે. આ સિપાઇઓ એવા બહાદુર બન્યા કે પોતાનો પ્રાણ જતાં સુધી પોતાના કામમાં પાછી પેની કરતા નહતા. હસનને આ હુન્નરમાં સંપુર્ણ ફતેહમંદી મળી અને સૌ કોઇ સમજી શકે છે કે આવી ફતેહમંદી બીજાઓને ભાગ્યેજ મળી શકે છે.

## ૮ લોકોપર ધાક બેસાડવી

પોતાનો ઉપરનો હેતુ પાર પાડવા માટે તેણે પોતાનો ધર્મ અને તેને પવિત્ર જણાવવાપર વધારે વજન આપવા માડયું અને લોકોમાં સાબીત કરવા માડયું કે આ ધર્મ કરતાં બીજો કોઇ ધર્મ પવિત્ર અને સત્ય છેજ નહિ, તેણે પોતાના વચનો અસરકારક અને પવિત્ર બનાવવાને એટલું તો લક્ષ આપ્યું કે તેથી વિશેષ લક્ષ કોઇ ભાગ્યેજ આપી શકે. તે પાંત્રીશ વર્ષ સુધી અલમોત કીલ્લાના કોઠાપર રહ્યો અને તેટલી લાંબી મુદતમાં માત્ર એજ વખત હાદર નીચે ઉતર્યો. તે કોઠાપર એકલો રહેતો અને પોતાના ધર્મને લગતી ભિન્ન ભિન્ન વિચિત્ર યુક્તિઓ શોધતો. પોતાના ખાસ મસલતીઆ સિવાય બીજાઓને મુલાકાત પણ આપતો નહિ. ખરેખર જે માણસે પોતાનો વભો જાળવી રાખવો હોય તેણે તેમજ કરવું જોઇએ. તે કોઠાપર પોતાના ધર્મને લગતાં પુસ્તકો રચતો અને દાઇઓ તથા નકીબો પાસે મોકલતો હતો. પોતાના ધર્મના ધારાનો અમલ કરવામાં તે સખ્ત બની ગયો હતો. તેણે પાપીપર દયા વાપરીજ નથી. તેના ધર્મમાં ધર્મનો વાંક તેમજ બીજા પાપો માફજ થઇ શક્તાં નહોતાં. આ નહિ માફ થઇ શક્યાની વાતને તેણે દરેક મનુષ્ય તથા જજમાનના અંતઃકરણમાં અસરકારક રીતે ઠસાવી આપી હતી. આ ધારાઓ પાળવા માટે તેણે એટલે સુધી હિમ્મત અને દ્રઢતા ચલાવી

કે કુદરતી પ્રેમ પણ તેના દીલમાંથી જતો રહેવા પામ્યો હતો. તેના પુત્ર હુસેને કોહીસ્તાનના એક દાઇને મારી નાંખ્યો હતો. હસને તુરતજ ન્યાય આપ્યો કે તે કસુર બદલ હુસેનને કતલ કરી નાખો. હુસેન હુકમ પ્રમાણે કતલ થયો. બીજા પુત્રે એક પ્રસંગે દારૂ પીધો. આ કામને હસન હરામ સમજતો હતો અને હરામ કામની સજા તેણે કતલ ઠરાવી હતી; તેને પણ તુરતજ કતલ કરાવી નાખ્યો. એક દીવસે કીલ્લામાંના કોઇ પ્રખ્યાત માણસે સીસોડી વગાડી તે તેણે સાંભળી. આ કામ પણ હરામ હતું. તેથી તે પ્રખ્યાત માણસને કીલ્લામાંથી બહારં કાઢી મુકયો. આ આગેવાન માણસને કીલ્લામાથી નહીં કાઢી મુકવા કીલ્લામાંના સઘળા લોકોએ સીફારસ કરી; પણ તે સીફારસ હસનનું અંતઃકરણ નરમ કરી શકી નહિ. હસનની શરીઅતમાં શેખ અથવા ઇમામના હુકમની અમાન્યતા અથવા ધાર્મિક બોલોમાં એમ કહી શકાય કે ધર્મના રૂલથી વિરૂધ્ધ વર્તન કરનારને કતલની સજા હતી. આવા હુકમો તે દ્રઢતાથી બજાવતો અને પળાવતો હતો. તેમ તેની પાસે રાજ્યની સત્તા હતી તેથી તે વધારે મજબુતીથી પતાવી શકાતા.

## ૯ બનાવટી સ્વર્ગ.

પોતાનું વચન સત્ય છે. એવી ખાત્રી જજમાનોમાં ધર્મની સહાયતાથી ઉત્પન્ન કરવામાં આવી હતી મુરીદોને જે વાત કહેવામાં આવે તે વાતમાં લેશમાત્ર જુઠાણું નથી એમ તેઓને મનાવવાની જરૂર હતી. હસને આ કામમાં સાફલ્યતા મેળવવા માટે એક નવી અને વિચિત્ર યુક્તી યોજી કાઢી હતી આ યુક્તિ એવી તો વિચિત્ર હતી કે તેનો કોઇને આજ સુધી સ્વપ્ને પણ ખ્યાલ નહિ થયો હોય, તેમ તેની વિચિત્રતા માટે આજે પણ વાંચનારને આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના

રહે તેમ ન... કિલ્લાની બાજુના રમણીય અને સપાટ મેદાનમાં એક સ્વર્ગ બનાવ... આવ્યું હતું. આ સ્વર્ગમાં મનહર બાગો, રમણીય ફુંઆરાઓ, ...ર મહેલો, ઉંચા મીનારાઓ, ખુશનુમા દીવાનખાનાઓ અને વિચિત્ર મકાનાઓ લાખો કરોડો રૂપીઆ ખરચી બનાવવામાં આવ્યા હતા. મહેલોની ભવ્યતા, વેલોના માંડવાઓની મધુરતા, ખુશબો અને ભિન્ન ભિન્ન પ્રકારના ભોજનો, તથા વસ્ત્રો મનુષ્યોના અંતઃકરણને જાદુની ...ે હરી લે તેવાં હતાં. ખુબસુરતમાં ખુબસુરત અને નાજુકમાં નાજુક ...ડીઓ જન્નતની હુરો જાહેર કરવાને મોટી સંખ્યામાં રાખવામાં આ...ી હતી. આ અપ્શરાઓની લાવણ્યતા, કોમળતા અને તેમના ખેંચાણકારક અવયવો જોનારને ખાત્રી અપાવી ...તાં હતાં કે આ દુનીઆ સિવાય કોઈ બીજીજ દુનીઆ છે તથા આ પરીઓ જન્નતની હુરાઓ છે. મુસલમાનોમાં જન્નતનું જે વર્ણન અને તેમાં જે જે આનંદમય વસ્તુઓની વાતો છે તેનું ભાન કરાવવા માટે તેની આબેહુબ નકલ કરવા કોશીશ કરવામાં આવી હતી. તથા જોનારને તેજ ખુદાઇ સ્વર્ગ હોવાનું ભાન કરાવવા હસને પોતાની બુદ્ધિ વાપરી હતી. આ જન્નત પહાડોમાં ઘણે દુર સુધી ચાલી ગઇ હતી. તેમાં ઠેકઠેકાણેથી નદીઓ કાપી નહેરો લાવવામાં આવી હતી અને કોશીશ કરવામાં આવી હતી, કે જે માણસ તેની અંદર જાય તેને અનુક્રમે વધુને વધુ આનંદ ઉત્પન્ન થતો જાય. જેવી રીતે કહેવામાં આવે છે કે ફ્રીમેશન બનાવતી વખતે ભેદ ભરેલી યુક્તિથી મનુષ્યના અંતઃકરણ ઉપર બીક અને રોઆબનો મોટો અસર નાખવામાં આવે છે અને દરેક રીતે તેને રોઆબમાં દાબી દેવામાં આવે છે. તેવીજ રીતે અહીં પણ કોશીશ કરવામાં આવી હતી કે દરેક આવનાર મુરીદના અંતઃકરણ ઉપર આનંદનો જેટલો નાખી શકાય તેટલો અસર નાખવામાં

આવે. તે આનંદને દુન્યવી આનંદ નહિ પણ સ્વર્ગીય આનંદ સમજે. અહીની હુરો અને ગીલમાનો ( જુવાન ખુબસુરત છોકરા ) તમામ કારફીદીને ગુપ્ત અને ભેદ ભરેલી રીતે કરતા હતા. આ સ્વર્ગમાં બહારથી જે જે વસ્તુઓ લાવવામાં આવતી હતી : તેને એવી યુક્તિ અને ગુપ્ત રીતે એકઠી કરવામાં આવતી હતી કે તેનો કોઇને વહેમ પણ ન આવવા પામે. આ સ્વર્ગ ખાસ ઇમાન લાવનારા લોકો માટે બનાવવામાં આવ્યું હતું. આ સ્વર્ગ ખાસ જજમાનોની શ્રધ્ધાપુર્વક આસ્થાનું સ્થાન હતું. આ સ્વર્ગનું સંપુર્ણ વર્ણન શીરદાસે બરીં નામના કિરદુ તથા ગુજરાતી ગ્રંથમાં મારકોપોલોની મુસાફરીના ગ્રંથમાં, કવી ડી. જાનવીલના ગ્રંથમાં, ચાઇનીઝ વર્ણનના ગ્રંથમાં વીગેરે વીગેરે ઘણા પ્રખ્યાત ગ્રંથોમાં આપેલું છે. આ સ્વર્ગ બનાવ્યા પછી હસને પોતાના મુરીદોને ત્રણ ભાગોમાં વહેંચી નાંખ્યા હતા. તે ત્રણેનાં નામો અનુક્રમે દાઇ, રફીક અને ફીદાઇ હતા. તે દાઇ એ લોકો હતા કે જેઓ મીશનરીઓની પેઠે જુદા જુદા દેશોમાં જઇ ધર્મ બોધ કરી લોકોને બોધવતા હતા. શામથી કીરમાન અને સીસ્તાન સુધી એવું એક પણ શહેર નહોતું કે જ્યાં હસનના દાઇઓ પોતાનો ધર્મ ફેલાવવાનું કામ ન કરતા હોય. રફીક એ લોકો હતા કે જેઓ ધર્માચાર્યોની યોગ્યતા રાખતા હોય અને જેઓ હસનના ખરા મિત્ર હોવાનો મરતબો ધરાવતા હોય; પરંતુ સૌથી વધારે અને વિચિત્ર ત્રીજું ટોળું ફીદાઇઓનું હતું. આ એ લોકો હતા કે જેઓ હસનના દરેક વચનને વગર આનાકાનીએ આંખો મીચી અમલ કરનારા હતા. આ એજ લોકો હતા કે જેમના હાથથી મોટા મોટાં ઘાતકી કામો પાર પાડવામાં આવતાં હતાં. આ ફીદાઇઓ પૈકી હસન જેને કતલ કરવાનું કામ સોંપતો, તે ફીદાઇ જુદો પોશાક અને જુદો દેખાવ કરી ધારેલી જગોએ જતો, અને

રસ્તે રસ્ને પોતે તેની સાથે પ્રીતી વધારતો અને તેનો ખાસ ખાનગી માણસ બનનો અને પ્રસંગ મેળવી તેને છરીથી ઠાર કરતો. આ એજ ફીદાઇઓ હતા કે જેણે હસન બીન સબ્બાહને જગતમાં એક વિચિત્ર સુધારક સાબીત કર્યો છે. આ ફીદાઇઓના કારણથી મોટા મોટા શહેન-શાહો અને અમીરો થરથર ધ્રુજતા હતા. આ ત્રીજા ટોળાના લોકો પર હસનને પુરેપુરો અસર નાખવાની જરૂર હતી અને ખાસ તેમને માટેજ ઉપર વર્ણન થયેલું સ્વર્ગ બનાવવામાં આવ્યું હતું. આ ફીદા-ઇઓના હાથથી નિઝામ-ઉલ-મુલ્ક તથા મલકશાહ કતલ થયાની વાત આગળ આવી ગઈ છે.

ભાંગ કે જેને અરબીમાં "હશશ" કહે છે તે વસ્તુ તે સમ-યમાં પ્રસિદ્ધમાં નહિ આવેલી હતી. હસન પહેલોજ માણસ છે કે, જેણે ઇરાનમાં આ બેહોશ કરી નાંખનારી વનસ્પતીની શોધ કરી. આ ભાંગથી તેણે એક એવું વિચિત્ર કામ લીધું કે તેવું કામ કોઇએ આજ સુધીમાં નહિ લીધું હોય, તેમ લેશે પણ નહિ. રૂપાળા, તનદુ-રસ્ત અને કદાવર પુરૂષો કે જેઓ ભોળા અને જલદીથી ઇમાન લાવી શકે તેવા હોય, તેવાઓને રૂદબાર અને તાલકાનમાંથી ચુંટી પસંદ કરવામાં આવતા હતા. આ ઉમેદવારો થોડી મુદત્ત ઉમેદવારી કરતા અને જ્યારે તેમના વિષે ખાત્રી થઇ જાય ત્યારે તેમને હસનના દર-બારમાં પ્રવેશ થવાનું માન મળતું. હસન તેને ભાંગનો એક પ્યાલો પીવરાવી બેહોશ કરી નાખતો. ભાંગ પીનાર પોતે ભાંગ તથા તેના વાસથી બીલ-કુલ અજાણ હોવાથી તેને આ કેવી વસ્તુ છે, એમ જણાતું નહિ બેશુધ્ધ થતા બાદ તેને તૈયાર રાખેલા ઉંટના વાહનો માર્ગે સ્વર્ગમાં પહોંચાડી દેવામાં આવતા. સ્વર્ગમાં તેઓ અપ્સરાઓના ખોળામાં પોતાની આંખો ઉઘાડતા અને પોતાની અજાયબી વચ્ચે પોતાને એક

એવી મનહર જગોપર જોતા કે જે જગોની મનહરતા તેમના વ્હેમ કે ખ્યાલમાં કદી પણ સમાઇ શકે નહિં. બાગોની ઠંડી અને સુવાસિત લેહેરો, સુંદર કદી પણ નહિ જોએલા મહેલો, ખડખડતા પોકારો મારતી પાણીની નહેરો, રત્નજડીત પોશાકો અને સ્વાદીસ્ટ વાનીઓની તેઓ મજા લુંટતા. હુરાઓ નાજુક નખરા અને ઇશારાઓથી તેમના અંતઃકરણ હરી લેતી, નારંગી રંગના શરાબો શરાબે તહુર (સ્વર્ગીય શરાબ) ના નામથી તેમના હાથમાં આપવામાં આવતા. આ સઘળા વૈભવો તેમની દુન્યવી યાદ ભુલાવી દેતા. તેમને હજુ દુન્યામાં જવાનું છે તેમ સમજી હુરાઓ તેમના અંતઃકરણો જીતી લેવા અનેક યુક્તિઓ કરતી હતી. ૭ સાત કે તેથી વધતા ઓછા દીવસોમાં જ્યારે તેઓ પોતાના દુન્યવી દુખોને બીલકુલ વીસરી જવા પામતા અને તે સ્વર્ગની આકર્ષક અને વફાદાર હુરાઓનો પ્રેમ તેમના અંતઃકરણમા સંપુર્ણ રીતે પડી જવા પામતો અને તે હુરાઓ તેમની સાથે અવિચળ રહેવાનાં વચનો આપી ફીદા બનાવી દેતી અને જ્યારે તે હુરાને માટે પોતાનો પ્રાણ અર્પણ કરવાને જરાપણ આંચકો ખાય નહિ તેવો વિલાસી થઇ જતો ત્યારે તેજ હુરો તેને ભાંગનો એક પ્યાલો પીવરાવી બેશુધ્ધ કરી નાખતી અને તેવી બેશુધ્ધ સ્થિતિમાં મુકરર કરેલા વાહનો અને માર્ગો વાટે તેને હસનના દરબારમાં લાવી મુકતા. અહીં તેની આંખો ઉઘડતી અને તેઓ જોતા કે અમો શેખના ચર્ણુ પાસે છીએ, આ વખતે તેમનું મન પોતાના ગયેલા આનંદ તથા હુરોના મીલાપ માટે કેવું આકુળ વ્યાકુળ થતું હશે તેનું ખરૂં ચિત્ર તેવાજ પુરૂષના અંતઃકરણમાં કોતરાઇ શકે છે.* શેખ પાસે તેઓ સ્વર્ગમાં જવાની માગણીઓ

* આ રસીક બાબતનું આબેહુબ લખાણ વાંચવું હોય તો "ફીરદૌસે બરીં" નામની બુક આ બુકના કર્તા પાસેથી મંગાવી વાંચો.

કરતા હતા. આવા ફીદાઇ પાસેથી ઘાતકી કામો લેવામાં આવતાં હતાં. હસને પોતાના આવા ખુની કાવત્રાંઓથી ખ્રીસ્તી કોમમાં શેખુલ જબાલનું નામ મેળવ્યું હતું. અને ઇસલામી દુન્યામાં એક જબરદસ્ત હેબત બેસાડી દીધી, તે એટલે સુધી કે હશશપરથી એસેસીન શબ્દ અંગ્રેજી ભાષામાં નવો ઉમેરાયો.

દરેક માણસે કબુલ કરવુંજ પડશે કે આવી રીતે સ્વર્ગમાંથી આવનારના દીલપર જન્નતનો સંપુર્ણ અસર થઇ જતો હોવો જોઇએ. હુરો સાથેનો સમાગમ અને પ્રીતીનો ચીતાર તેમની આંખો સામે ખડો થતો હોવો જોઇએ. સ્વર્ગની હુરાઓએ તેમના અંતઃકરણો જીતી લેવા માટે તથા તેમને ફરીથી દુન્યામાં જવાનું છે અને ત્યાં ઘાતકી કામો કરવાનાં છે તેથી તેમને મજનુન બનાવવામાં જરાપણ ખામી રાખી હશે નહિ. તે સ્વર્ગમાં ગયો હશે ત્યારે તેની રાહ જોવાનો એવો તો અસરકારક સીન દેખાડયો હશે કે જે તેમને દુન્યામાં હમેશા વિલાપ કરાવતો હશે. જે માણસ આવો પ્રેમ, અને આવો વૈભવ જોઈ આવતો હશે તેને ત્યાં ફરી જવાની કેટલી ઇચ્છાઓ બેચેન કરી નાખતી હશે! તે સમજતો હશે કે યાતો શેખની સહાયતાથી ત્યાં પહોંચી શકીશું અથવા મૃત્યુ પછી ત્યાં જઇ મળીશું. આવો માણસ દુનીઆમાં જે ન કરે તે થોડુંજ ગણી શકાય. પરિણામ એ આવતું કે દરેક વખતે પોતાનો પ્રાણ અર્પણ કરવાને તૈયાર રહેતો હતો. તેને બીજા કોઇનો પ્રાણ લેવાનો ઓર્ડર થતાં તે ઘણોજ ઉપકાર માનતો. આ સુપ્રત કરેલું કામ સંપુર્ણ કરવામાં તે પોતાના પ્રાણની પણ દરકાર કરતો નહિ. કેમકે પ્રાણ જવાથી સ્વર્ગની હુરો મળવાની તેને પાકી ખાત્રી હોય છે.

## ૧૦ અલમોત પર બીજો હુમલો.

આ ઘાતકી લશ્કરનું બળ વધારવા માટે હસને લશ્કરને પધ્ધતિસર તૈયાર કરવાની જરૂર હતી. આ લશ્કર એવું તો બળવાન તય્યાર કરવામાં આવ્યું હતું કે તેની સામે દુનીઆનો વડામાં વડો શહેનશાહ પણ પોતાના પગો જમાવી શકે નહિ. સુલતાન સંજર કે જે મલેકશાહની પછી એક બળવાન બાદશાહ થયો હતો જ્યારે તેણે હસનની ખ્યાતી સાંભળી ત્યારે તેણે એક બળવાન લશ્કર મોકલી અલમોતનું રાજ્ય નાબુદ કરવા ચાહ્યું. હસન જાહેર રીતે તેની સામે લડવાની શક્તિ ધરાવતો નહોતો પરંતુ તેની પાસે જે લશ્કર ફીદાઈનું હતું તેને લીધે તેનામાં મોટી હીમ્મત હતી. બાદશાહને ઠાર કરવામાં પાછળથી મોટી ગડબડ થશે એમ જાણી તેણે તેને મારી નાખવાની ઇચ્છા કરી નહિ, પરંતુ તેના પર પોતાના બળનો પુરો રોઆબ બેસાડવાનું તેણે ઇચ્છયું. સુલતાન સંજરના એક વિશ્વાસુ અને ખાનગી નોકરને પોતાનો મુરીદ બનાવી તથા લાંચ આપી પોતાનો તરફદાર બનાવી લીધો. તેને પોતાનું નામ કોતરેલું એક ખંજર આપી કહ્યું કે જ્યારે સુલતાન સુતો હોય ત્યારે તેના બીછાનાના ઓશીકા નીચે રાખી દેવું. નીમકહરામ નોકરે જોયું કે આ કામ કરવામાં કાંઇ હરકત નથી તેથી તેણે ખંજર લઇ કહેલ ઠેકાણે રાખી દીધું, સુલતાન સવારે ઉઠતાંજ ખંજર અને તે પણ હસનબીન સબ્બાહનું નામ કોતરેલું જોઈ ગભરાયો, પણ કાંઈ ભેદ સમજી શક્યો નહિં પરંતુ તેને બીક તો બહુજ લાગી. હજુ તેજ વિચારમા હતો તેટલામાં હસનનો પત્ર પણ આવી પહોંચ્યો. તેમાં લખેલું હતું કે “ જો હું સુલતાનને સારો ન સમજતે તો ખંજર કે જે સુલતાનનાં માથા નીચે મળ્યું હતું તે તેના કલેજામાં ભોંકેલું મળતે.”

પત્ર વાંચી સુલતાન થર થર કાંપવા લાગ્યો અને તેના પર એટલો બધો રોઆબ ગાલેબ થયો કે તેણે આગળ વધવાની જરા પણ હામ ભીડી નહિ. તુરતજ સુલેહ કરવાની તજવીજો થઇ અને નીચેના ત્રણ શરતો પર તેમાં સહીઓ થઈ.

૧ ઇસમાઇલી ટોળાંવાળા પોતાના કીલ્લાઓના સંબંધમાં કોઇ નવો કીલ્લો ન બંધાવે.

૨ નવા લડાઇના હથીઆરો તથા ગોળા ફેંકવાનાં યંત્રો ન ખરીદે.

૩ હસન કોઇ નવીન માણસને પોતાનો જજમાન ન બનાવે.

સુલતાન ડરી ગયો પણ તેણે હસનનું બળ વધી જવા ન પામે તેનો ખ્યાલ રાખ્યો. આ સુલેહનામામાં સુલતાને હસનને દર વરસે અમુક સાલીયાણું આપવાનું ઠરાવ્યું હતું, છતાં પણ તેણે હસનનું બળ વધી જવા ન પામે તેની સંપુર્ણ કોશીશ કીધી હતી. હસનને શરતો કબુલ કરી લેવામાં હરકત નહોતી કેમકે તેની પાસે પુષ્કળ કીલ્લાઓ હતા, હવે નવીન બંધાવવાની જરૂર નહોતી. તેમ તેને પોતાની ફોજ માટે હથીઆરો કે ગોળા ફેંકવાનાં યંત્રો ખરીદવાની જરૂર નહોતી કેમકે તેના લશ્કરને હથીઆરોની જરૂર નહોતી. માત્ર એક છરી શત્રુને ઠાર કરવા બસ હતી. આ શરતનામામાં એક વાત એવી હતી કે જે વાંચનારને હસનની વિરૂધ્ધ માલુમ પડી આવે, તે શરત નવા લોકોને મુરીદ ન બનાવવાની હતી. પરંતુ ભુલી જવું ન જોઇએ કે હસન પ્રથમથીજ પોતાનો ધર્મ ગુપ્ત રીતે ફેલાવતો હતો. આ ગુપ્તપણાની પધ્ધતિ તે સમયના બીજા ઇસમાઇલી ધર્મોમાં હતી પરંતુ હસન જેવી ખુબીદાર પધ્ધતિ બીજાઓ પાસે ન હતી.

સઘળું કામ ગુપ્ત રીતે ચલાવવામાં આવતું હતું. અને તેથી તેના મુરીદો “ બાતીન્યા ” એટલે ગુપ્તીના નામથી ઓળખાતા હતા. કોઇને પણ પોતાના ધર્મની હકીકત કહેવી નહિ એ આ ધર્મનો ખાસ સિધ્ધાંન્ત હતો.

## ૧૧ ચાર ઈસમાઇલા ટોળાં.

આ સમયમાં આ ધર્મ ચાર નામોથી ઓળખાતો હતો. ૧ ઇસમાઇલીઆ ૨ કરામતા ૩ બાતીન્યા ૪ હશીશીન. ઇસમાઇલીઆ એ અસલી નામ હતું. ઇમામતના જે જે હકદારોએ પોતાના દાઇઓ અને નકીબો મોકલી પોતાનો ધર્મ ફેલાવ્યો હતો તે સઘળા ઇમામોના મુરીદોને આ નામ આપવામાં આવ્યું હતું જો કે દરેક ઇમામના મુરીદો બીજા ઇમામથી વિરૂધ્ધ હતા. આ ટોળાનું માનવું હતું કે ઇમામત હજરત ઇમામ જાફરે સાદેક અ૦ પછી તેના દીકરા ઇસમાઇલને મળી છે. ઈસમાઇલની ઓલાદમાં કેટલાંક ગુપ્ત રહેવા પામેલા ઇમામો બાદ ખલીફ મેહદીને ઇમામત મળી હતી. આ ખલીફ મીસરનું રાજ્ય મેળવનાર અને ફાતમાઇટ કુટુંબનો હતો. મેહદી પછી તેના વંશમાં ખીલાફત ( રાજય ) ચાલુ રહેવા પામી હતી. આ નામના લોકો ખાસ કરીને એજ લોકો હતા કે જેઓ મીસર અથવા ત્યાંના ફાતમાઇટ ખલીફ સાથે સંબંધ રાખતા હતા. આ ખલીફના દાઇઓ અને નકીબોએ એશીઆ ખંડમાં જે જે નવા ફુલો ખીલવ્યાં તથા તેમાં નવાં નવાં ફળો ઉત્પન્ન કર્યાં તે ટોળાં એક નવીન ટોળાં તરીકે ગણાવા લાગ્યાં અને તેના કામો પણ નવાં થયાં.

મીસરની રાજ્ય સત્તા જયારે તેમના હાથમાં આવી ત્યારે તેની સતાએ તેના ઇમામતના દાવાને ઘણીજ પૃષ્ટિ આપી. અને પુષ્કળ

લોકોની સંખ્યા તેમના મતમાં મળવા લાગી. આ લોકોજ મુળ ઇસમાઇલી ધર્મના છે. તેમણે ઇસલામીઓ સાથે પહેલો મતભેદ એ કર્યો કે ઇમામ બાર જોઇએ એ ખરૂં નથી. ઇમામ ઘણા થઇ શકે છે. પરંતુ દરેક ઇમામના બાર નકીબો હોવા જોઇએ. તેમનું માનવું છે કે શીઆહ ઇશના અશરીઓમાં જે બાર ઇમામની વાત છે તે તેમની ભુલ છે. અને ખરી વાત દરેક ઇમામના બાર નકીબ હોવાને માને છે. તેઓ એમ પણ નથી કહેતા કે ઇમામ સાતની સંખ્યા પછી ખતમ થઇ જાય છે, પરંતુ પહેલા સાત પછી બીજા સાત એમ સાત સાતના જુમખા થયા કરે છે. આજ ધોરણને લઇ તેઓ હજરત ઇસમાઇલને સાતમા ઇમામ માને છે. આ સાત ઇમામો પછી ત્રણ ઇમામો ગુપ્ત રહેલા છે, પરંતુ તેઓના નકીબો જાહેર રીતે લોકોમાં બોધ આપતા હતા એમ તેઓ કહે છે. ત્રણ ગુપ્ત રહેવા પામેલા ઇમામોના નામ મનસુર બિન મહમદ મકતુમ, જાફર મુસદક, અને હબીબ હતા. તેમના પછી જાહેર ઇમામો પ્રગટ થવા લાગ્યા. તેમાં સૌથી પહેલો મીસરના ફાતમાઇટ રાજ્યનો સ્થાપક અબ્દુલ્લા મેહદી હતો. બીજો અબુલ કાસમ મહંમદ કે જેનો લકબ "અલ કાયમ બઅમ્રલ્લા" હતો. ત્રીજો ઇસમાઇલ કે જેનો લકબ "મનસુર" હતો. ચોથો સાદ કે જેનો લકબ "મઝલદીન" હતો. પાંચમો નીઝાર કે જેનો લકબ "જાહેરલા અઝા દીલ્લા" હતો. ઝેલ્લા અલીની ખીલાફતના સમયમાં ચાર વર્ષ તેની ફોઇ "સતુલ મલક" ના હાથમાં રાજ્ય કારભાર રહ્યો હતો. ત્યાર બાદ અબુ તમીમ કે જેનો લકબ "મુસતનસર બીલ્લા" હતો તે ઇમામ થયો, આ ઇમામને હસન બીન સબ્બાહ મીસરમાં જઇ મળ્યો હતો.

આ લોકોની વિચિત્ર માન્યતા હતી કે, જ્યાં સુધી ઇમામત છુપી હોય છે; ત્યાં સુધી દાઇ અને નકીબ જાહેરમાં બોધ કરે છે. અને જ્યારે ઇમામ જાહેર હોય છે ત્યારે દાઇ અને નકીબ લોકો ગુપ્ત બોધ કરે છે. આ સિધ્ધાંતે ગુપ્તપણાને ધર્મનો ભાગ બનાવ્યો છે. અબ્બાસી ખલીફાની સામે જે લોકો બળવો કરવા ચહાતા હતા. તેઓએ પોતાનો હેતુ પાર પાડવા માટે આ ધર્મ કબુલ કર્યો પરંતુ નવા તત્વો અને તેવા સિધ્ધાંતો લોકો સનમુખ રજુ કર્યા.

ત્રીજા ટોળાનું નામ "કરામતા" હતું. "કરામત" નામના ધુતારા પરથી આ ટોળાનું નામ "કરામતા" પડ્યું હતું. તેની ઓળખ આપતાં જ્ઞાનચક્ર નામના ગુજરાતી સાઇક્લો પીડીયા લખ્યું છે કે " આ એક જાણીતો ધુતારો ઇ. સ. ૮૯૧ માં "કરમ" અથવા "કરમતીયન" પંથનો વડો થયો હતો. એનું નામ અબુઝર હતું. એણે હજરત મહંમદના ફરમાનો ઉંધા વાળવાની કોશીશ કરી હતી. પ્રથમ તેણે કોહીસ્તાનથી કુફા તરફ આવી પોતાની પવિત્રતાઇ જણાવી દિવસમાં લગભગ ૫૦ વેળા બંદગી કરવાના ઢોંગથી લોકોને પોતાના વિશ્વાસમાં લીધા અને હજરત મહંમદ પછીના કેટલાક ઇમામો તેના ફરમાનમાં છે, એમ દરશાવી પોતાના પંથને મજબુતી આપવા માટે પુષ્કળ લોકોને પોતાના તરફ વાળી લીધા અને તેમના પર બાર ધર્મગુરૂઓને શીખવવા નીમ્યા. તે પછી એ સીરીયા તરફ ગયો પણ ત્યાંથી કદી પાછો ફર્યો નહોતો. એનો પંથ ખલીફ અલ મોતમીદના અમલમાં ફેલાયો હતો. અને તેઓ અરેબિયન ઇરાક અથવા ખાલદિયામાં એકઠા થતા હતા. તે પછી તેઓ ખલીફ સામે થયા અને ઇ. સ. ૯૩૧ માં મક્કા પર હુમલો કરી ત્યાં જીત મેળવી ઝમઝમના કુવાને અપવિત્ર

કીધો. તેમજ સવતા લુટ ચલાવી કાળો પથરો લઇ ગયા. પણ તેઓએ ઇ. સ. ૯૫૦ માં પાછો લાવી આપી તેના અસલ જગ્યાએ મેલ્યો હતો. આ પંથમાં તે પછી ધીરે ધીરે તડાં પડતાં તે નાબુદ થઇ ગયો છે. ”

આ કરામતા માણસે ફાતમાઇટ લોકોની તરફદારી કરી અબ્બાસી ખલીફાનું રાજ્ય છીનવી તેમને અપાવ્યું. આ કરામતી માણસ જાહેરમાં ફાતમાઇટ ખલીફાને માન આપતો હતો, પરંતુ તેનો હેતુ પોલીટીકલ લાભ મેળવવા સિવાય બીજો નહોતો. તેણે શામ દેશના બળને તોડી પાડયું. ખાસ સાદાત બની ફાતમાનું સખ્ત અપમાન કર્યું. ખાનએ કાબાની પવિત્ર મસજીદને તોડી પાડવા ઉભા થઇ ગયા. અને “ હજરે અસવદ ” નામનો પવિત્ર પથ્થર પોતાની રાજધાની “ અમાન ” માં લઇ ગયા. છેવટમાં આ લોકો મીસરના ખલીફની સત્તાથી પણ મુકત થઇ જવા પામ્યા હતા. તેમના જુલમથી ખુરાસાન તથા શામ સુધીના સઘળા શહેરો બુમો પાડી ઉઠયાં હતાં. તેમનો ધર્મ બીલકુલ જુદોજ હતો. ઇતિહાસીકકારોએ લખ્યું છે કે, હદ કુદાવી જવામાં આ ટોળાએ આગળ પડતો ભાગ લીધો હતો. પાંચને બદલે પચાસ નમાજો ફરજ અથવા શરાબ સુદ્ધાં હલાલ હતું. સિદ્ધાંતો બીલકુલ અકલી અને મોઅતઝલા ટોળાંના વહેમોથી લીધા હતા.

ઇસમાઇલી ધર્મ જ્યારે વખતના વહેવા સાથે એશીઆ ખંડમાં આવ્યો ત્યારે તે બીલકુલ નવાજ ફેશનમાં પ્રગટ થયો હતો. મીસર જેવા જાહેર બળવાઓ ન હતા બલ્કે ગુપ્ત કાવત્રાંઓનો બજાર ગરમ રહેતો હતો. આ લોકો કરામતા કહેવાતા ન હતા પણ “ બાતીન્યા ” અને “ હશીશીન ” ના નામથી પ્રખ્યાત થયા. બાતીન્યા કહેવાવાનું એક

કારણ તો એ હોવું જોઇએ કે તેઓ પોતાના દરેક કામને બાતીન ( ગુપ્ત ) પણે કરતા હતા. તેમને " હશીશીન કહેવાનું કારણ એ હતું કે તેમને ભાંગ ( હશીશ ) નો પ્યાલો " પાવરાવી કૃત્રીમ સ્વર્ગમાં મોકલી લાયક ફીદાઇ બનાવવામાં આવતા તે હતું.

## ૧૨ હુસનનો નવો મઝહબ.

હસનના સમયમાં ઇરાનમાં અરબસ્તાન તથા મીસરની જે ધર્મી સ્થિતિ અને મુસલમાનોના અકાયદોમાં કેવો મોટો ફેરફાર થતો હતો તેનું કાંઇક વર્ણન આ પુસ્તકના પહેલા પૃષ્ટપર અપાઈ ગયું છે તેવા સમયમાં હસન બિન શબ્બાહ જેવો બુદ્ધિશાળી માણસ તે સમયના વિચારોની ફેરફારીના ચેપથી બાકાત રહી જાય એ નહિ બનવા જોગ હતું. જ્યાં જોઇએ ત્યાં ધર્મી છેડછાડ અને વિચારોની કાપકુપ હતી. ધર્મશાસ્ત્રના છુપા ભેદોનો બજાર તેજીપર હતો. જ્યાં જોઇએ ત્યાં ઇસ્માઇલી ધર્મના મીશનરીઓ ધામો નાખી પડયા હતા. હસને પણ આ સમયના વિચારોમાં પુર્ણ હીસ્સો મેળવ્યાનું માન મેળવ્યું હતું.

બાદશાહ મલેકશાહના દરબારમાંથી હાંકી કઢાયા બાદ તે પોતાના બ્હરને લગતું મેદાન શોધી રહયો હતો. અને તે મેદાન કાંઇ કોઇ પણ હુન્નર કળા કે ઇલ્મી લાઇનના આગળ વધી વ્યાજબી ધોરણે સંપતી મેળવવાને લગતું નહિ હતું. ઇસફહાનમાં રઇશ અબુલ ફજલને તેણે કહેલા ફકરા તેની મોટી રાજકીય લાલચની અગમચેતી કરી રહ્યા હતા. અને તે ગામડીઆ તુર્કનું રાજ્ય ઉથલપાથલ કરી નાખી. પોતે શહેનશાહ બનવાની યોજનાઓ કરી રહ્યો હતો. અને આ કામ માટે તેને પોતાના જેવા એક મિત્રની જરૂર હતી.

તેણે જોયું કે આજે ઇસમાઇલીઓના ઇમામો રાજ્ય મેળવવા માટે મથી રહ્યા છે. અને તેઓ તે મેળવવા જે પ્રયત્નો અને યોજનાઓ કરી રહ્યા છે. તેમાં સામેલ થઈ પોતાનો હેતુ પાર પાડવો જોઇએ. આવા હેતુથી તે ઇસમાઇલી દાઇઓના હાથપર પોતાના ઇસમાઇલી હોવાપર ઇમાન લાવ્યો અને સીધો મીસરમાં ફાતમાઇટ ખલીફ મુસ્તનસર બિલ્લાહ પાસે ગયો. અહીં તેની જે કદરશનાશી થઇ તે જાહેર છે. ત્યાંથી પરત આવી ઘણા મુરીદો મેળવી તે અલમોતનો હાકેમ થયો.

ઉપર જે કરામતા લોકોને લગતા વિચારો અપાઇ ગયા છે તેને લગતાજ વિચારો હસનબિન સબ્બાહ તથા તેના મુરીદોના હતા. હસને આ ધર્મને જે નવો લેબાસ પહેરાવ્યો તે તદન નવો અને વિચિત્ર હતો. ઉપરના ઇમામતના સિદ્ધાન્તો કબુલ કરી લીધા પછી હસને સાયન્સની બારીક અને ઉંડી વાતોમાં ઉતરી મુસલમાનો કે જે ખુદાને સર્વ શક્તિવાન ગણે છે. તેને બીલકુલ શક્તિ રહીત જાહેર કીધો. અને જણાવ્યું કે ખુદામાં કાંઇ પણ સીફત છેજ નહિ. તેણે કહી બતાવ્યું કે જો ખુદામાં સીફાતો હોય તો તે માણસના જેવો હોવો જોઇએ. તેટલા માટે તેનામાં કોઇ સીફત નથી એમ માનવું જોઇએ. વળી તેણે જણાવ્યું કે જે શક્તિઓ તેનામાં છે એમ કહેવામાં આવે છે. તે તેનામાં શક્તિઓ છે, તેટલા માટે કહેવામાં આવતું નથી પરંતુ તે શક્તિઓ બીજાઓને આપનાર છે તેથી કહેવામાં આવે છે ખુદાને કાદર કહેવામાં આવે છે તેટલા માટે નહિ કે તેનામાં કુદરત છે પરંતુ તેણે બીજાને કુદરત આપી છે તેથી કહેવામાં આવે છે એવીજ રીતે સઘળી શક્તિઓ તેનામાં છે એમ તેટલા માટે કહેવામાં આવે છે કે તે સઘળી શક્તીઓ બીજાને આપનાર છે. ખુદાની

શક્તિઓની વાત તો એક તરફ પણ ખુદાના હોવાપણાના સંબંધમાં તેણે વ્હેમ જાહેર કીધો. તેની માન્યતા હતી કે ખુદાની સાથે હોવાપણું શબ્દ લગાડી શકીએ નહિ. તેને અમે છે એમ અને નથી એમ પણ કહી શકતા નથી.

ઉપરના હસનના ઇસલામથી વિરૂદ્ધ સિધ્ધાન્તો ઉપરાંત તેમાં તથા તેના જજમાનોમાં એક મુખ્ય સિદ્ધાન્ત એવો હતો કે, "દરેક જાહેરનું એક બાતીન છે" એટલે જાહેર જે કહેવામાં આવે છે તેનો અંતરાર્થ બીજોજ છે. આ એક સિદ્ધાન્ત એવો હતો કે જેના વડે શરીઅતમાં દરેક પ્રકારે ફેરફાર થઇ શકતો હતો, એ પણ બનવા જોગ હતું કે હલાલ હરામ થઇ જાય અને હરામ હલાલ થઇ જાય, આ કારણને લીધે આ ધર્મ મીસરમાં દરેક ખલીફના સમયમાં જુદાજ સ્વરૂપમાં પ્રગટ થયો. તેવીજ રીતે હસન બીન સબ્બાહ પછી અલમોતમાં નવા નવા ફેરફારો થયા. કોઇ વખતે હલાલ વાતો હરામ થઇ ગઇ અને કોઇ વખતે શરાબ સુદ્ધાં હલાલ બની ગયો.

## ૧૩ ફીદાઇઓનો ત્રાસ.

હસનને પોતાના મુરીદોમાં જે માન અને સત્તા હતી તે આજ સુધીમાં કોઇ વડામાં વડા શહેનશાહને પણ પ્રાપ્ત થઇ શકી હશે નહિં. મીસરના ખલીફા કે જેમણે ઇસમાઇલી ધર્મનો પ્રકાશ મોટા મોટા દેશોમાં પાડયો હતો તેમને પણ હસનના જેવું માન તથા સત્તા મળી શકી નથી. તેના એક આંખના અણસારાથી મુરીદો પોતાનો જીવ અર્પણ કરવાને તત્પર રહેતા હતા. અને સ્વર્ગમાં જવાની ઇચ્છા તેમને તેવો ઇશારો મેળવવાને હમેશાં ઉમેદવારી કરાવતી હતી.

મલેકશાહ કે જેનું વર્ણન પ્રથમ આવી ગયું છે તેણે અલમો-

તપર હુમલો કરતાં પહેલા એક પત્ર લખી જણાવ્યું હતું કે "કીલ્લો એકદમ બાદશાહને સુપ્રત કરી આપવો" હસને પોતાનો રોઆબ બાદશાહપર નાખવાના ઇરાદાથી તે પત્ર લાવનાર એલચીની રૂબરૂ પોતાના એક ફીદાઇને આપઘાત કરી મરી જવાનું કહ્યું હુકમ થતાંજ ફીદાઇ આપઘાત કરી મરી ગયો. બીજા એક ફીદાઇને કોઠાપરથી નીચે પડી જઇને મરી જવા ઇશારો કર્યો. ફીદાઇએ હુકમ મળતાંજ કોઠાપરથી પોતાને પછાડી પોતાનો પ્રાણ ખોયો. આ બે ભયંકર અને વિચિત્ર દેખાવો દેખાડી એલચીને રવાના કરી આપ્યો અને કીલ્લાને મજબુત કરવા લાગ્યો.

એવી રીતે તેણે પોતાનું બળ વધારી અને ફીદાઇઓની મોટી સંખ્યા તૈયાર કરી પોતાના દાઇઓ અને પાદરીઓને દુર દુર દેશમાં ફેલાવી આપ્યા થોડા દિવસમાં તુર્કસ્તાનથી મીસર સુધીનું એક પણ શહેર ન રહેવા પામ્યું કે જ્યાં તેના ધર્મનો બોધ ન થતો હોય.

જ્યારે આ ખબરની આસપાસ બહુ ચર્ચા થઇ ત્યારે મોટા મોટા સુલતાનો પણ ગભરાટમાં પડી ગયા. ઉલ્માઓ અને મુજતેહદોએ ખુલ્લી રીતે ફીદાઇઓ અને ઇસમાઇલીઓ વિરૂધ્ધ કુફ્ર અને બેદીનના ફતવા ( ઠરાવો ) પ્રગટ કરવા માંડયા. બાદશાહોએ હુકમ બહાર પાડયો કે જે માણસ પોતાને ફીદાઇ જાહેર કરે અર્થાત જેનાપર ફીદાઇ હોવાનો શક જાય તેને તુરતજ કતલ કરી નાખવો. આ હુકમનુ પરિણામ એ આવ્યું કે ખુરાસાનથી તે તુર્કસ્તાનના કાંઠા સુધી ફીદાઇઓ કતલ થવા લાગ્યા. ફીદાઇ જ્યાં મળતો ત્યાં તેને કતલ કરવામાં આવતો. પરંતુ આ શત્રુવટે ફીદાઇઓનો જુસ્સો વધુને વધુ સતેજ કરી આપ્યો. હવે તેઓ પ્રથમ કરતાં પણ વધારે છુપી રીતે પોતાનું કામ

ચલાવવા લાગ્યા. અને જ્યાં જ્યાં શત્રુઓ હોય ત્યાં ત્યાં જઇ યુક્તિથી તેમને કતલ કરવા માંડયા.

આ સમયમાં હસનના જજમાનોનું બળ શામના મુલકમાં વધી જવા પામ્યું હતું. પરંતુ તે સાથે ખ્રીસ્તી લડવૈયા પણ મુસલમાનો સાથે ધાડી દુશ્મની રાખતા હતા. પ્રોજે દહાડે જેરૂસલમમાં મુસલમાનોને કતલ કરવામાં આવતા હતા. હલબના રાજા રજવાને એક તરફથી ઇસમાઇલી ધર્મ સ્વીકાર્યો. અને બીજી તરફ ખ્રીસ્તીઓ સાથે પ્રીતિ વધારી મુસલમાનોને કતલ કરવા માંડયા પરંતુ રજવાનના મૃત્યુ પછી તેમ થતું અટક્યું. મુસલમાનો બળવો કરી ઉભા થયા અને તેમને જેટલા ઇસિમાઇલી મળ્યા તેટલાને તિક્ષણ તલવારથી ઠાર કર્યા અને કહેવામાં આવે છે કે ઘણીજ ક્રુરતાથી કતલ કર્યા. પરંતુ ફીદાઇઓ પણ પોતાની ફરજથી અળગા ન હતા. તેમના ત્રણ બહાદુર ફીદાઇઓએ બગદાદના ખલીફના ભરેલા દરબારમાં સર્વ લોકોની નજર સામે ખુરાસાનના રાજાપર તેને દમાસકસનો રાજા સમજી હુમલો કર્યો. એવીજ રીતે ઘણા ગવરનરો ઘાતકી ફીદાઇઓના છરીથી માર્યા ગયા. તેમનો રોઆબ ગવરનરો અને સુલતાનો પર એટલો બધો પડયો કે તેઓએ પોતાના પાહાડી મજબુત કીલ્લાઓ પોતાની મેળે તોડી પાડયા, અને તે એટલા માટે કે જો હસન આ કીલ્લાઓ માગશે તો આપ્યા વિના ચાલશે નહિ.

## ૧૪ મીશન પધ્ધતિ.

આ ધર્મ જે જે પરધર્મીઓને વટલાવી પોતાના ધર્મમાં લાવે ત્યાં ધર્મની જુદી જુદી શાખાઓ થઇ પડે. કેમકે પરધર્મીને એકદમ પોતાના ધર્મનો બોધ કરી દેવામાં આવતો નથી. તેઓના ઉપદેશની

રીત એવી હતી કે ફુંકી ફુંકી પગલાં ભરવાં, શિષ્યોના મનની અનુકુળતાની યોજના કરી આગળ વધવું. એકદમ પોતાના ધર્મમાં આવવાનું કહેવામાં આવેતો લોકો માને નહિં માટે યુક્તિથી કામ લીધું હતું. તેમની પધ્ધતિની કેટલીક અગત્યની માહિતી નીચે આપવામાં આવે છે.

" અગર એક શીઆહ જે ઇમામી ઇસમાઇલી ધર્મનો નહિ હોય, તેને વટલાવવો હોયતો દાઇ અથવા પાદરી શીઆહ ધર્મની તાલીમનો દીલોજાનથી સ્વીકાર કરે છે. અલી અને તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની શહાદત વિશે અને તેના કુટુમ્બને કેદ કરવા વિષે તેણે ઘણી દયા ઉપજે એવો વિચાર આપવો. બની ઉમેયા અને અબ્બાસી તરફ તિરસ્કાર બતાવવો એ પ્રમાણે પોતા માટે રસ્તો તૈયાર કરીને પછી ઇશારો કરવો કે શીઆહ ધર્મનો મત સંપુર્ણ રીતે જાણવા સારૂ ઇસમાઇલી ધર્મના છુપા ભેદો શીખવા જોઇએ. "

" જો તેણે એક યાહુદીને વટલાવવો હોય, તો તેણે ખ્રીસ્તી તથા મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું અને જેને વટલાવવા માગતો હોય તેની સાથે મળી જઇને કહેવું જે " મસીઆ " આવનાર છે, તેની વકી ગણવી. પણ રફતે રફતે તેના મગજમાં આ વાત ઉતારવી કે જે "મસીઆ" આવનાર છે તે ઇસમાઇલી ધર્મનો મોટો મસીઆ " અલી સિવાય બીજો કોઇ નથી. "

" જો તે એક ખ્રીસ્તી ધર્મ પાળનારને વટલાવનાર હોય તો યાહુદી લોકોની હઠ તથા મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું. ખ્રીસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ

ઘાલવો પણ ધીમાં રહીને એવો ઇશારો કરવો કે તે સઘળું અલામતી છે. અને તેમાં વધારે ઉંડો ભેદ છે. અને તે ભેદ ખુલ્લો કરનાર માત્ર ઇસમાઇલી ધર્મ છે. પછી તેણે એવી સુચના કરી કે ખ્રીસ્તી લોકોએ " ફારકલીત " ની તાલીમનો અર્થ કંઇ એક દરજ્જે ઉલટો કર્યો છે. એક ફારકલીત " ( બચાવનાર ) તો છેજ અને એ " ફારકલીત " એટલે બચાવનાર દાઇ અથવા મીશનરી પોતાના ખોળ કરનાર મિત્રને સમજાવે કે કયો ખરો બચાવનાર છે ! "

" પોતાના ધર્મના વિચારો છુપા રાખવા. જેઓને પોતાના ધર્મમાં લાવવા માગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કરી કબુલ રાખવો. "

અલીગઢ મોહમેડન એંગ્લો ઓરીયેન્ટલ કોલેજના માજી.પ્રોફેસર ટી. ડબલ્યુ આર્નોલ્ડ કૃત FREECHING OF ISLAM ( પ્રીચીંગ ઓફ ઇસલામ ) નામના પ્રખ્યાત ગ્રંથમાં લખ્યું છે કેઃ—

" ઇસમાઇલી મજહબની મીશન પધ્ધતિનો શોધક અને તેનો ફેલાવો કરનાર અબદુલ્લાહ બિન મેયમુન હતો. આ માણસ મનુષ્ય જાતની પ્રકૃતિ પિછાણવા તથા ધર્મના અકાયદોને જુદી જુદી પ્રકૃતિઓ અને ધર્મોને મળતાં બનાવવામાં ખ્રીસ્તી યસુઆ પંથના સ્થાપકથી પણ વધારે કુશળતા ધરાવતો હતો. ઇસવીસનની નવમી સદીમાં આ માણસે ઇસમાઇલી મજહબમાં નવો આત્મા ફુંકી આપ્યો. અને આ મજહબના મીશનરીઓને જુદા જુદા છુપા વેશોમાં બદલાવી મોકલ્યા. આ મીશનરીઓ ઘણું કરી સુફીઓ અને વેપારીઓનો વેશ ધારણ કરતા હતા. તેવાઓને જુદા જુદા દેશોમાં રવાના કરી આપ્યા હતા. અજ્ઞાન લોકોના ટોળાને તેઓએ શોબદા ( જાદુ

તથા હાથ ચાલાકીના ખેલો ) બતાવ્યા કે જે મોઆજીઝા તરીકે મનાયા. અને કેટલીક અર્થ રહિત વાતો કે જે તસવ્વુફની છુપી અને માર્મીક બાબતો ગણાઇ. તેમની વાતો સાંભળવા તરફ લોકોને અસાધારણ ચાહ ઉત્પન્ન થયો. તેના મીશનરી લોકોએ અસંખ્ય માણુસોને પોતાના મતમાં મેળવી લીધા. જ્યારે તેઓ આબીદોના ટોળામાં ગયા ત્યારે નીતિ અને પવિત્રતાના પુતલાં બની ગયા અને જ્યારે એવા લોકોના સમાગમમાં આવ્યા કે જેઓ મજહબના છુપા ભેદો અને બારીક નુકતાઓ તરફ વલણ રાખે છે ત્યારે તેઓને સામાન્ય અકાયદના છુપા અર્થો જણાવતા, અને લોકોને તેની સમજ અને વલણના પ્રમાણમાં જાદુઇ અસર કરતા. જ્યારે જોયું કે લોકો કોઇ મુક્તિ આપનાર આવનારની રાહ જુએ છે કે જેવી માન્યતા ઘણા મજહબોમાં સાધારણ છે, તો મુસલમાનોને ઇમામ મેહદી, યાહુદીઓને મસીહ અને ઇસાઇઓને ફારકલીતની ખબર સંભળાવી કે હવે તેઓ દુનીયાપર આવી ગયા છે પણ સાથે એમ પણ જણાવી આપ્યુ કે તમો સઘળાઓની ઇચ્છાઓ ત્યારેજ પુર્ણ થશે કે જ્યારે છેવટમાં સઘળાઓને મુક્તિ એનાયત કરનાર હજરત અલી દુનિયામાં ખરૂંજ કરશે. શીઆ લોકોમાં બેસી ઇસમાઇલી મીશનરી પોતાને ચુસ્ત શીઆ મજહબનો જાહેર કરે છે. અને સુન્નીઓના સંબંધમાં જણાવે છે કે તેમણે હજરત અલી તથા તેની ઓલાદપર અતિ જુલ્મો કીધા તથા ત્રણ અસહાબોપર તબર્રા કરે છે. જ્યારે અહીં સુધી પહોંચ્યા જાય છે ત્યારે પોતાની માન્યતા મુજબ શીઆ મજહબની પુર્ણતા માટે ઇસમાઇલી મજહબના છુપા અકાયદોની તાલીમ આપવી શરૂ કરે છે. ”

## ૧૫ મૃત્યુ.

હસન હીં૦ સ૦ ૪૮૭ માં અલમોતનો હાકેમ થયો. અને હીં૦ સ૦ ૫૧૮ ના જમાદી ઉલ આખર માસમાં મૃત્યુને બીછાને પડયો અને જયારે તેને ખાત્રી થઇ કે હવે આ માંદગીથી બચી શકાય તેવું નથી ત્યારે પોતાના જાનેસાદાર અને અલમોતના કોટવાળ "કીયા બુજર્ગ ઉમેદ" ને બોલાવી રાજ્ય તથા ધર્મની લગામ તેના હાથમાં સુપ્રત કીધી. અને વસીય્યત કીધી કે મારા પછી તમોએ વડા સરદાર તરીકે કામ કરવું, પણ રાજ્ય કારભાર "દીહારઅલી" ના હાથમાં સોંપવો, અને લશ્કરી ખાતું હબશના ગવરનર "હસન નસરાની" ને આપવું. આ મુંજબની વસીય્યત કરી સદર માસની તા. ૨૬ ના રોજ તે આ દુનિઆ તજી ગયો. કેટલાક તવારીખ નવીશોનું કહેવું છે કે કીયા બુજર્ગ ઉમેદ એ હસન બિન સબ્બાહનો પુત્ર હતો અને તેણે પોતાના પુત્રનેજ અલમોતનું રાજ્ય આપ્યું હતું.

આપણે જોયું કે એકજ કોલેજમાંથી વિદ્યા સંપાદન કરી નીકળેલા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી એક વડોવજીર થઇ વિદ્યા વૃધ્ધીના અનેક કામો કરી જગતપર ઉપકાર કરી ગયો. બીજો વડો જયોતિષકાર, સુફીયાની કવી અને ઉંડો તત્વજ્ઞાની થઇ પોતાના વિષયનો અખુટ ટેસ્ટ જગતપર રાખી ગયો. અને ત્રીજો પોતાના ઘાતકી કર્તવ્યોથી પોતાનું નામ ખુનીઓની ફેહરીસ્તમાં દાખલ કરાવી ગયો. આ ઉપરથી:—

"એકજ જગોથી નીકળતી બે વસ્તુઓ છુટી પડી એક બીજાથી બીલકુલ વિરૂદ્ધ સ્થિતિ ધારણ કરે છે એક છીપમાંથી બે મોતી નીકળે છે જેમાનું એક બાદશાહના તાજને શોભાવે છે અને બીજું ખર-

લમાં દળાઇ આંખોનો સુરમો બને છે. એક ઝાડપર બે ફુલો ખીલે છે, જેમાનું એક લગનના સેહરામાં ગુંથાય છે અને બીજું નીચે ખરી પડી આવતા જતા વટેમારગુના પગથી ખુંદાઇ નાશ પામે છે. એક ટંકશાળમાંથી નીકળેલા બે રૂપીઆ કે જેમનો એક પરમાર્થના કામમાં વપરાય છે અને બીજો દુર્ગુણ કમાઇ અપ્રમાણિકપણાને ઉત્તેજન આપે છે. તેવીજ રીતે એક પોતાની નસલથી ઉત્પન્ન થએલા બે પુત્રો પૈકી એક ઉત્તમ શોધક, લ.ય. વિદ્વાન તથા જુદા જુદા સદ્ગુણોથી દેશ તથા કોમનો શણગાર બને છે; જ્યારે બીજો એક અજ્ઞાનતાના સાગરમાં આથડીઆં ખાઇ જગતને બોજારૂપ બને છે." નું દ્રષ્ટાન્ત ઘણુંજ અસરકારક સાબીત થાય છે. ખરેખર હસનનું વૃતાન્ત દરેક મનુષ્યને એક આશ્ચર્યકારક જુસ્સો ઉત્પન્ન કરાવનારૂં છે.

હસન મરી ગયો પરંતુ તે પોતાના મુરીદોમાં પોતાના જેવો ઘાતકી અને રાજકીય આત્મા ફુંકી ગયો હતો. જેમ એક લાયક શિક્ષક પોતાના શિક્ષણથી પોતાની શાળાના સેંકડો વિદ્યાર્થીઓને પોતાના જેવા લાયક કરી જાય છે તેમ આપણા હસને પણ પોતાના કામને બરના લાખો માણસો પોતાના લાજમાં તૈયાર કીધા હતા. હસનને અમો ધર્મ અને નીતિનો કટ્ટો શત્રુ ગણીશું, પરંતુ તેણે જે કામ આરંભેલું અને તેમાં જે જે યુક્તિઓયો તેને નિભાવ્યું અને દ્રઢતા હીમ્મત તથા ચતુરાઇથી તેને ફતેહમંદ બનાવ્યું, તેના તો અમારે વખાણ કરવાંજ પડશે. એક ભલા કામમાં નહિ તો એક બુરાજ કામમાં, પરંતુ તે પોતાના ધંધાને એક ઉચ્ચ શીખરે પહોંચાડી ગયો છે.

## ૧૬ કીયા બુજર્ગ ઉમેદ.

હસનબીન સબ્બાહના મૃત્યુ પછી કીયા બુજર્ગ ઉમેદ અલમોતના રાજ્યનો બાદશાહ અને ઇસમાઇલી લાજનો ગ્રાન્ડ માસ્તર યાને દાઇ-ઉદ-દાવાત બન્યો. તેણે હસનની પેઠે પોતાના ફીદાઇઓની શક્તિથી રાજ્ય ચલાવ્યું. તે પોતાની બહાદુર ફોજને વધુને વધુ સતેજ કરવા પ્રયત્નો કરવા લાગ્યો. ઘણા મજબુત કીલ્લાઓ બાંધી આજુબાજુની જમીન સર કીધી. હી. સ. ૫૨૦ માં તેણે મેમુન્દસનો કીલ્લો બંધાવી અબદુલ મલેકને ત્યાંનો હાકીમ નીમ્યો. સાબાન માસમાં અતાબેક શાહેરગીરનો ભત્રીજો રૂદબાર ઉપર ચડી આવ્યો. કીયા બુજર્ગ ઉમેદે તેની સામે લશ્કર મોકલી તેને શીકસ્ત આપી. તેવા સમયમાં ઘણા ગવરનરો અને રાજાઓએ મળી તેના રાજ્ય તથા તેના કીલ્લાઓને પાયમાલ કરવા પ્રયત્નો ચલાવ્યા. આ પ્રયત્નોમાં સુલતાન સંજર પછીના સુલતાન માહમુદે પોતાનું સઘળું બળ આ કામમાં વાપરી દીધું. આ યુવાન સુલતાને એકદમ હુમલો કરી અલમોતનો કબજો કરી લીધો. અને બાતીન્યા લોકોને ભારે નુકસાન પહોંચાડયું. પરંતુ સુલતાન માહમુદના મૃત્યુ પછી કીયા બુજર્ગે અલમોતનો ફરીથી કબજો કરી લીધો. અને પોતાના રાજ્યને કઝવીન સુધી ફેલાવી આપ્યું.

એમ પણ લખેલું છે કે હી૦ સ૦ ૫૨૧ માં સુલતાન માહમુદ સલજુકી અને કીયા બુજર્ગ વચ્ચે ફિસાદ ઉઠયો. સુલતાને ભરંકશને કહેવડાવી મોકલ્યું કે અલમોત તરફથી એક માણસ ઇસફહાન આવે અને ત્યાં સુલેહ થાય, ભરંકશે કીયા બુજર્ગ ઉમેદને સુલતાનની ઇચ્છા જણાવતાં તેણે ખ્વાજા નાસર શીરસ્તાનીને ઇસફહાન મોકલ્યો. ત્યાં સુલ-

તાનની સાથે કેટલીક તકરાર ચલાવી નાસર શારસ્તાની કચેરીમાંથી બહાર આવ્યો, એટલે બજારમાં તેને આમ લોકોએ મારી નાખ્યો. સુલતાને એક એલચી મોકલી કીયા બુજર્ગને જણાવ્યું કે ખ્વાજાનુ મરણ મારી મરજી વિરૂધ્ધ થયું છે. એના જવાબમાં કીયા બુજર્ગે સુલતાનને જણાવ્યું કે, એમજ હોયતો તેના મારનારાઓને સજા કર, અગર તેમ નહિતો સજાની ઉમેદ રાખ. સુલતાને એ વાતપર કાંઇ ધ્યાન આપ્યું નહિ. માટે હિ૦ સ૦ ૫૨૩ માં ઇસમાઇલીઓએ કઝવીનમાં જઇ ચારસો માણસોને કતલ કીધા. તેમાં ત્યાંનો એક અમીર માર્યો ગયો. આ લડાઇમાં ઇસમાઇલીઓ ત્રણ હજાર બકરાં, બસો ઘોડા તથા ખચ્ચર, બસો બળદ અને ઉંટ લઇ આવ્યા.

હી૦ સ૦ ૫૨૫ ના મોહોરમ મહિનાની ચોથી તારીખે ત્રીસ હજાર માણસનું લસ્કર ઇરાકથી લામશતર ઉપર ચડી આવ્યું. કઝવીની લોક લડાઇ કર્યા વગર નાશી ગયા. આ સમયમાં સુલતાન મહમદ ગુજરી ગયો. ઇસમાઇલીઓએ બીજી વાર કઝવીનના પ્રગણામાં લુંટ કરી તેમાં અઢીસો ઘોડા, ચાર હજાર બકરા અને વીશ હજાર ખચ્ચર મળ્યા.

તેના સમયમાં અબુ હાસમ નામના એક શતમાઇટ પુરૂષે ગીલાન શહેરમાં ઇમામતનો દાવો કર્યો હતો, કીયા બુજર્ગે પ્રથમ તેને ધમકી મોકલી પરંતુ જયારે તે ધમકીનો કરડો જવાબ આવ્યો ત્યારે લસ્કર મોકલી તેને હરાવ્યો અને કેદ કરી જીવતો બાળી નાખ્યો.

શામમાં આ સમયમાં ઇસમાઇલી બાતીન્યા લોકોનું બળ નબળું પડી ગયું હતું મુસલમાન અમીરો તેનો નાશ કરતા હતા. ખ્રીસ્તી લોકો સાથે બહુજ નાજુક મામલો બની ગયો હતો પરંતુ ફીદાઇઓના

જુસ્સામાં જરા પણ કમી થવા પામી નહોતી. આઠ ફીદાઇઓએ મુસલના ગવરનર પર એકી વખતે સામટો હુમલો કર્યો. અને તેના પ્રાણ લીધા વિના રહ્યા નહિ. આ આઠ ફીદાઇઓ પૈકી સાત પકડાઇ માર્યા ગયા. પરંતુ એક નાશી છટકી જવા પામ્યો. છટકી જનારની માને પ્રથમ ખબર મળી હતી કે મારો પુત્ર પણ માર્યો ગયો છે તેથી તે ઘણીજ ખુશી થઈ. નવાં કપડાં પહેર્યાં તેલ ફુલેલ લગાડયું અને ઇદના જેવો મહોત્સવ પાળ્યો. પરંતુ થોડા કલાકમાં માલુમ પડયું કે તે તો જીવતો છે, તેથી તે ઘણી દીલગીર થઇ. પોતાના હોળેલા વાળો પીખી નાંખ્યા, કપડાં ફાડી નાખ્યાં અને રોઇને કહેવા લાગી કે મારો પુત્ર શહાદતના ઉત્તમ ધાર્મિક માનથી દુર રહેવા પામ્યો. હસનની કોશીસોનો આ અસર હતો કે, પુરૂષ તો પુરૂષ પણ સ્ત્રીઓ સુદ્ધામાં તેના વચનો અસર કરી ગયાં હતાં.

આ સમયમાં મીસરનો આઠમો ફાતમાઇટ ખલીફ ફીદાઇઓના હાથથી માર્યો ગયો. એટલા માટે કે હસન તેને ઇમામનો વારસ નહિ માનતો હતો. હસન નીઝારની ઇમામતનો તરફદાર હતો. નીઝારને તેનો પીતા ઇમામ સ્વીકારતો નહોતો તેથી તેને રાજય મળવા પામ્યું નહોતું. પરંતુ હસન બીન સબ્બાહના સઘળા મુરીદોમાં તેને ઇમામ સ્વીકારવામાં આવ્યો હતો. અને તેના લોજમાં તે ઇમામ છે એવું શિક્ષણ જે તે પાયરીમાં આપવામાં આવતું હતું. આ બનાવના આઠ વર્ષ પછી ખલીફ મુસ્તરશદ બીલ્લા અબ્બાસી ફીદાઇઓના હાથે બજાર વચ્ચે માર્યો ગયો. તેને કતલ કરવામાં ઘણીજ બે રહેમીથી કામ લેવામાં આવ્યું હતું. પ્રથમ તેનું નાક કાપી લેવામાં આવ્યું અને તેની લાશ સડકપર ઉઘાડે શરીરે રાખી દેવામાં આવી. આ ખલીફ ઉપરાંત કીયા બુજર્ગના સમયમાં તેના ફીદાઇઓના હાથથી કાઝી

મશરેક મગરેબ, સૈયદ હરવી, મુસ્તઅલીનો દીકરો આમર, ઇસ્ફહાનનો અમીર સૈયદ દોલતશાહ, મુરાગાનો ગવરનર મુસતનસર, કઝવીનનો ગવરનર અબુલ કાશમ હસનમુફતી ઇત્યાદી પ્રખ્યાત પુરૂષો માર્યા ગયા હતા.

કેટલાક તવારીખ નવીશોનું કહેવું એમ છે કે કીયા બુઝર્ગ ઉમેદ અલમોતનો કોટવાળ અને હસન બિન સબ્બાનો ભરોસેદાર માણસ હતો પણ આ વાત સાથે એટલી વાત ઉમેરવી જોઇએ કે તે હસન સબ્બાહનો પુત્ર પણ હતો. કીયા બુઝર્ગ ઉમેદ ૧૯ વર્ષ રાજ્ય કરી ઈ. સ. ૫૩૨ માં મરણ પામ્યો.

## ૧.૭ મહંમદ બિન કીયા:બુઝર્ગ

કીયા બુઝર્ગ ઉમેદે પોતાના મરણથી ત્રણ રોજ પહેલાં પોતાના દીકરા મહંમદને ગાદી વારસ ઠરાવ્યો હતો. તેના રાજ્ય કારભારની શરૂઆતમાં બગદાદનો ખલીફ "રાશીદ બીલ્લા" ફીદાઇઓના હાથથી માર્યો ગયો. તેણે પોતાના પીતાના ખુનનો બદલો લેવાને સામગ્રીઓ કરી હતી. તે ફોજ લઇ પોતાનો હેતુ પાર પાડવા માટે રવાના થઇ ચુકયો હતો. રસ્તામાંજ ચાર ફીદાઇઓએ તેને પોતાના બાદશાહી તંબુમાં ઉંઘેલો મારી નાંખ્યો. રાશીદ બીલ્લાના માર્યા ગયાની ખબર જ્યારે અલમોતમાં પહોંચી ત્યારે ત્યાં ઘણોજ આનંદ પ્રગટ કરવામાં આવ્યો. અલમોતના કીલ્લાની આસપાસના સઘળા પહાડોપર સાત દીવસ સુધી રાતને દીવસ નોબતો વગાડવામાં આવી અને આનંદને હદ ઉપરાંત ઉજવવામાં આવ્યો.

આ સંબંધીલ ફીદાઇઓના હાથથી કેટલા લોકો માર્યા ગયા તેની ગણત્રી કરવી એ મુશ્કેલ છે. પરંતુ એટલું તો કહી શકાય છે

કે મનુષ્યના દરેક તબકામાં અને ધર્મમાં કોઇ એવું ન હતું કે જે આ ઘાતકી ફીદાઇઓની છરીથી બચી જવા પામ્યું હોય. ફીદાઇઓએ પોતાનાં ખંજરો વાપરવામાં જરા પણ કંજુસાઇ વાપરી નહોતી. અલમોતને બાદશાહ "શેખુલ જેબાલ" (પહાડી ઘરડો પુરૂષ) ના નામથી પ્રખ્યાત હતો. તેના ડીટેકટીવો અને ફીદાઇઓ દરેક શહેર, દરેક કસ્બા અને દરેક કુટુંબમાં મોજુદ હતા. જે માણસનું નામ આ ભયંકર શેખની ખુની ડાયરીમાં લખાઇ ગયું તેને પોતાનો બચાવ કરવો ગુંબજપર અખરોટ નાખ્યા બરોબર હતો. તેનો કોઈ પણ ઠેકાણે બચાવ થઈ શકતો નહોતો. પવિત્ર મસજીદો, કીલ્લાના મજબુત ગઢો, ઘરના તાળાં વાશેલા દરવાજાઓ વગેરે તેને નકામા હતા. કોઇ માણસ જેવી રીતે જંગલમાં એકલો હોવાને લીધે ડરતો હતો તેવીજ રીતે મોટા મોટા લશકરોના પહેરામાં પણ આ ફીદાઇઓથી ડરતો હતો, આ ફીદાઇઓ માત્ર એટલુંજ ઇચ્છતા કે મરીએ કે મારીએ પરંતુ જેને કતલ કરવાનો હુકમ થયો છે તેને ઠાર કર્યા વીના છોડીએ નહિં. દુશમનોથી બદલો લેવા માટેજ આવાં ખુનનો કરવામાં આવતાં નહિં હતાં, પરંતુ ઘણી વખતે દોલત મેળવવા કે મિત્રોને રાજી કરવા માટે પણ કરવામાં આવતાં હતાં. જે ફીદાઇ પોતાને મળેલા કામ કરવામાં માર્યો જતો તેને શહીદ (અલ્લાહના માર્ગમાં માર્યો જનાર) માનવામાં આવતો. તેમના બાલ બચ્ચાંઓને પુષ્કળ ભેટો આપવામાં આવતી હતી. તેઓ એટલે ફીદાઇઓ મુક્તિની આશાએ અને પોતાના મિત્રોને દુન્યવી લાભો અપાવવા ખાતર ઘેરથી સોગંદ ખાઇને નીકળતા અને જેનો પ્રાણ લેવાનો છે તે જયાં હોય ત્યાં જઈ પહોંચતા. આ કામમાં તેઓ મોતની જરાપણ પરવા કરતા નહિ. બલકે તેઓ મોતનેજ સત્ય હેતુ સમજતા હતા. વેશ બદલી બદલીને તેઓએ એશીયાના

ઘણા દેશોની મુસાફરી કીધી. કેટલીક વખતે યુરોપમાં પણ જઇ પહોંચ્યા. આ ભયંકર ઘાતકી પુરૂષોએ લોકોના અંતઃકરણો પર એટલી બધી છાપ પાડી આપી હતી કે તેનું વર્ણન લખવું એ મનુષ્યની શક્તિ બહાર છે. જે ભક્ત મંદીરમાં ઘુંટણ પડી પ્રાર્થના કરતો હોય અને જે મહેમાન સાથે બેશી જમતો હોય તેને માટે પણ શંકાઓ થતી કે રખેને આ શેખુલ જેબાલનો ફીદાઇ હોય.

ઇસમાઇલીઓ પોતે ખરા મુસલમાનો અને કુરાન તથા હદીસ મુજબ ચાલનારા છે એમ બીજાઓને કહેતા હતા. અને તેઓ જે રાજ્ય મેળવી રહ્યા હતા તે પોતા માટે નહિં પણ ઇમામ ગાએબ માટે છે એમ તેઓ કહેતા હતા. મહંમદ જો કે પોતે બાદશાહ બન્યો હતો પરંતુ તેનામાં રાજકીય કામની યોગ્યતા નહોતી. છેવટે આ વાતની ખબર તેના જજમાનોને લાગી તેથી તેઓ તેના પુત્ર હસનની તરફેણ કરવા લાગ્યા. હસન ઘણો કાબેલ, રાજકીય અલમોતના રાજ્યના સ્થાપક હસન બીન સબ્બાહ જેવો હતો, દીનપ્રતિદીન લોકો તેની તરફેણમાં વધવા લાગ્યા. થોડા દીવસમાં લોકોમાં અફવા ચાલી કે હસન પોતાને ઇમામનો નાયબ જાહેર કરે છે. આ વાતની જ્યારે મહંમદને ખબર પડી ત્યારે તેણે તેને ધમકી આપી અને તેની તરફેણના ૨૫૦ માણસોને કતલ કરી નાખ્યાં. હસને આ વખતે આરોપમાંથી મુક્ત થવા કોશીશ કરી અને કહેવા લાગ્યો કે જે લોકોને કતલ કરવામાં આવ્યા છે તે અધર્મી અને ખુદાને નહિં માનનારા હતા. મને તેમની સાથે બીલકુલ સંબંધ નથી. પરંતુ ગુપ્ત રીતે નવા મુરીદો મેળવવાની કોશીશો કરવા લાગ્યો. પીતાની નાલાયકીએ પોતાનો હેતુ મજબુત કરવામાં સહાયતા આપી. તેનો પીતા પોતાના કબજાના

કીલ્લાઓની દેખરેખ રાખી શકતો નહોતો. કેમકે તેની યોગ્યતાથી તે કામ બહાર હતું. આ કીલ્લાઓ હજારો માઇલ સુધી પહાડોમાં પ્રસરાએલા હતા. આ પહાડી કીલ્લાઓ ખુરાસાનથી લઇ કાસ્પીઅન સમુદ્રના કાંઠા સુધી ત્યાંથી દક્ષીણમાં ઇરાન અયે ખોજીસ્તાન સુધી અને લગભગ સઘળા એશીઆઇ તુર્કસ્તાનના ભાગોમાં આવેલા હતા. જે લોકો નકશો જોઇ શકે છે તે જાણી શકે છે કે આ રાજ્ય અને તેનું બળ કેટલું બહોળું અને બળવાન હોવું જોઇએ. હસન હજુ પોતાનું બળ વધારવા નહોતો પામ્યો તેટલામાં તેનો પીતા મહંમદ ગુજરી ગયો.

## ૧૮ હસન બિન મહંમદ

હસન જ્યારે યુવાન હતો ત્યારે તેણે વિદ્યા પાછળ મન લગાડયું, અને તેની મદદથી નવી બનાવટો કરી લોકોને પોતાપર શીદા કરવા લાગ્યો. જેઓ અભણ હતા તેઓ તેને વિદ્વાન સમજી એમ માનવા લાગ્યા કે હસન સબ્બાહે જે ઇમામના આવવાની વકી આપી છે તે આ હસન બિન મહંમદ છે. મિત્રોનો વિશ્વાસ દીનપ્રતિદીન તેનાપર વધતો ગયો. હસને પણ તેમને એમ બતાવ્યું કે હું જમાનાનો ઇમામ છું. આ વાતની ખબર હસનના પિતાને પડવાથી તેના ૨૫૦ મિત્રોને કતલ કરી નાખ્યા વિગેરેની વાત મહમદના વર્ણનમાં આવી ગઇ છે.

હસન બાદશાહ થયો કે તુરતજ તેણે પોતાનાં ફરમાનો સ્વતંત્રતાથી ચલાવવા માંડયાં. ગાદીપર બેસતાંજ સઘળા દાઇઓ, નકીબો અને વિદ્વાનોને પોતાના દરબારમાં હાજર થવાને હુકમો કાઢયા. અને પ્રસિદ્ધ કર્યું કે ઇમામ પાસેથી કેટલાક ખુબી ભરેલાં ફરમાનો આવ્યાં છે. અને તે ફરમાનો ઉમ્મતપર જાહેર કરવાની ઘણીજ જરૂર છે, આ હુકમો પહોંચતાંજ દુર દુરથી ટોળેટોળાં લોકોનાં આવી અલ્લમોતમાં

એકઠાં થવા લાગ્યાં. આ વખતે અલમોતમાં એટલા માણસો એકઠાં થયાં કે તેટલાં પ્રથમ કોઇ વખત થવા પામ્યા નહોતાં. જ્યારે સઘળા દાઇ, નકીબ અને આસપાસના મુરીદો એકઠા થઇ ગયા ત્યારે રમજાન માસની તા. ૨૭ ના રોજ પોતે મસ્જીદના મીમ્બર પર ચડયો અને એક છટાદાર અને અસરકારક ખુતબો ભણી ઇમામનો આવેલો પત્ર રજુ કર્યો. આ પત્રમાં લખ્યુ હતું કે "હસન અમારો નાયબ, દાઇ અને નકીબ છે. જે સઘળા લોકો અમારી તાબેદારી કરે છે તેઓએ દરેક જાહેર તથા ગુપ્ત વાતોમાં તેની તાબેદારી કરવી જોઇએ. તેના હુકમોને ખુદાના હુકમ અને તેના શબ્દોને ગેબના શબ્દો સમજવા. એ કામ કદી પણ ન કરે કે જેની તે મનાઇ કરે. તેના હુકમને એવી રીતે અમલમાં લાવે કે જેવી રીતે અમારા હુકમને લાવે છે." આ પત્રનો મજમુન વાંચી હસન બોલ્યો કે "સ્વર્ગનાં દ્વારો એ લોકો પર ખુલ્લાં થયાં છે કે જેઓ મારી તાબેદારી કરે. તમો ખુદાના ખાસ માનવંતા બંદાઓ છો. એટલા માટે તમામ શરીયતની તસ્દીથી તમોને મુક્ત કરવામાં આવ્યા છે." આ ખુતબા (ભાષણ) પછી તેણે મોટી ધામધુમથી લોકોને જમણ આપ્યું. આ જમણમાં શામેલ થઇ લોકોએ પોતાના રોજાઓ તોડી નાંખ્યા અને આખો દીવસ ભિન્ન ભિન્ન પ્રકારના આનંદો અને વિષય ભોગમાં પુરો કર્યો. રોજા છોડી નાખવાનો હુકમ કરી તે બોલ્યો કે "આજનો દીવસ ઈદ કીયામતનો છે" તે દહાડેથી તે મતના લોકો ૨૭ મી રમજાનને કીયામતની ઇદ કહે છે તથા તે દહાડો ખુશીમાં ગાળે છે. શરીઅતપર અમલ કરવાનું બંધ થવાથી દારૂ પીવો હલાલ થયો તથા શરીઅતના તમામ હુકમો પર પાણી ફેરવવામાં આવ્યું અને મોટા સાદે પોકાર પાડી કહેવામાં આવ્યું કે "આ જબરદસ્તીના હુકમો પાળવા નહિ." આ સબબથી

બાલીન્યા લોકોને સઘળા મુસલમાનો "મલાહેદા" એટલે બેદીન (અધર્મી) ના નામથી પોકારવા લાગ્યા.

મીસરના ખલીફ મુસતનસર બીલ્લા કે જેને હસન મળ્યો હતો. તેણે પ્રથમ પોતાના વડા પુત્ર નીઝારને ગાદી વારસ નીમ્યો હતો પરંતુ પાછળથી તેનાથી નારાજ થઇ બીજા પુત્ર મુસ્તઅલીને ઠરાવ્યો હતો. નીઝારને મીસરમાં તો ખીલાફત ન મળી પરંતુ હસન બીન સબ્બાહ તથા તેના મુરીદો નીઝારનેજ ઇમામ માનતા હતા. હસન બીન મહંમદે પોતાના સમયમાં એક ચાલાકી એ વાપરી કે પોતેજ ઇમામ હોવાનું જાહેર કર્યું. અને પ્રસિદ્ધ કર્યું કે હું નીઝારના વંશમાંથી છું. વંશાવળીનો સંબંધ બતાવવા માટે એવી વાત બતાવી કે નીઝારના એક નાના પુત્રને હસન બીન સબ્બાહે મીસરમાંથી સાથે લાવી અલમોતમાં ગુપ્ત રીતે ભોંયરામાં છુપાવી રાખ્યો હતો. આ શાહજાદાના સંબંધમાં હસન સિવાય બીજા કોઇને ખબર નહોતી. આ નીઝારી વંશના શાહજાદાએ અહીંજ પોતાનાં લગ્ન કર્યાં. જે દીવસે મારો જન્મ થયો તેજ દીવસે તે શાહજાદાને ઘેર પણ એક પુત્ર જન્મ્યો. એક સ્ત્રીએ મને તથા ઇમામના પુત્રને અદલ બદલ કરી લીધા. કેટલાકો કહે છે કે હસન બીન સબ્બાહના વખતમાં અબુલ હસન સૈયદી નામે એક શખ્શ ઇમામ મુસતનસરની વફાત પછી બાર મહિને મીસરથી અલમોતમાં આવ્યો હતો. તે ગમે તેમ હો પરંતુ હસને વંશાવળી મેળવી પોતાને ઇમામ જાહેર કર્યો. નીઝારી લોકો એમ માને છે કે જ્યારે શરીઅતનો બંધ તુટશે ત્યારે કીયામત થશે. હસનના વખતમાં એમ બન્યું. માટે હસનની દાવતને તેઓ કીયામતની દાવત સમજે છે, હસનને તેના સાળાએ હી. સ. ૫૫૧ માં લામસ્ટરના કીલ્લામાં છરીના ઘાથી મારી નાખ્યો.

મુસફ્ફરશાહ કાતબને એક માતબર માણસે કહ્યું કે એક વખતે હું અલમોત ગયો હતો. ત્યાં એક તખતા ઉપર આ બેત લખેલો હતો.

બેત.

બર દાસ્ત ગીલ શરેહ બતાઇદે એઝદી.
મખદુમ રોઝગાર અલી ઝીકર તસ સલામ,

**અર્થ**—જમાનાના સાહેબ અલી ઝીકર તસ સલામે શરીઅતના તોકને ખુદાની મદદથી ઉપાડી [ કહાડી નાખી ] ( અલી ઝીકર તસ સલામ એ હસનનું નામ છે. )

---

## ૧૯ મહંમદ બિન હસન.

મહંમદ બીજો પોતાના બાપ હસનના મરણ પછી ગાદીએ બેઠો. ગાદીપર બેસતાંજ તેણે પોતાના બાપનાં ખુની તથા તેના સઘળા કુટુંબીઓને કતલ કરી નાખ્યા. મહંમદ પોતાના બાપનો મત ચલાવવામાં તેનાથી પણ શ્રેષ્ટ હતો. ઇમામતના દાવાની તે ઘણીજ કોશીશ કરતો હતો. અને હિકમત તથા ફીલસુફીના ઇલમનો ઘણો દાવો કરતો હતો.

તેના સમયમાં ફખરૂદીન રાઝી નામનો ઉલ્મા રે શહેરમાં વાએઝ કરતો હતો. તેના વિષે લોકોમાં અફવા ઉડી કે તે ઇસમાઇલી લોકોના મતનો અને તેનો તરફદાર છે. આ અચાનક આવી પડેલું તોહમત દુર કરવા એક દીવસ ફખરૂદીન મસ્જીદના મીમ્બરપર ચડયો. અને ખુતબો ભણી જણાવ્યું કે " આ સેવક ઇસમાઇલીઆ મતનો તેમ તેનો તરફદાર નથી." તેમ આનંદના ઉભરામાં આવી જઇ

ઇસમાઇલીઓ વિષે કેટલાક માઠાં વચનો બોલ્યો આ વાતની ખબર જ્યારે અલમોતના બાદશાહ મહંમદને પહોંચી ત્યારે તેણે એક ફીદાઇને શીખવીને રવાના કર્યો. આ ફીદાઇ ફખરૂદીનના મદરેસામાં વિદ્યા સંપાદન કરતો રહ્યો. સાત માસ પછી એક દીવસ ફખરૂદીન પોતાના ઓરડામાં એકલો હતો. ચાકરો બહાર જતા રહ્યા હતા. શાગીર્દોમાંથી પણ કોઈ હાજર નહોતું. આવો પ્રસંગ જોઇ તે ફીદાઇએ ફખરૂદીનને જમીન પર પટકી દીધો અને છાતી પર ચડી બેશી ખંજર તેના ગળાની ચામડી પર રાખ્યું.

ફખરૂદીન—ઘણાજ કાલાવાલા કરી બોલ્યો " મને મારી નાંખવાથી તમારો શો હેતુ છે ? "

ફીદાઇ—" હેતુ એકે તમારી છાતી ફાડી દાર કરૂં. "

ફખરૂદીન—" પણ બાવા તે શા માટે ? "

ફીદાઈ—" એટલા માટે કે તેમ કર્યા સિવાય તમો ઇસમાઇલીઓ વિરૂધ્ધ બોલતા અટકશો નહિ. "

ફખરૂદીન— ઘણા કાલાવાલા કરી દયાની માગણી કરતાં) " હવે પછી તમારા વિરૂધ્ધ એક શબ્દ પણ નહિ બોલું " ફીદાઇએ બીજી વખત કબુલત લીધી અને છાતી પરથી નીચે ઉતરી બોલ્યો,

ફીદાઇ—" તમે એમ ન જાણશો કે મેં દયા લાવી તમોને છોડી દીધા છે. મને હુકમજ તેટલું કરવાનો મળ્યો હતો. જો મને કતલ કરવાનો હુકમ મળ્યો હતે તો તમોને વગર પુછે કતલ કરી નાખતે " એટલું કહી ફરી બોલ્યો. " અમારા બાદશાહ મહંમદ બીન હસને આપને સલામ કહ્યા છે અને તેમની ઇચ્છા છે કે તમો

કીલ્લામાં આવી તેમની મુલાકાત લો. ત્યાં ઘણું બળ આપના હાથમાં આવી શકશે. અમો ઘણીજ વફાદારીથી આપની તાબેદારી કરીશું. ” એટલું કહી બોલ્યો. “ અમારો બાદશાહ કહે છે કે સામાન્ય વર્ગના કહેવાની અમોને બીલકુલ પરવા નથી. એટલા માટે કે તેમના બોલો થોડા દીવસમાં નાબુદ થાય છે. પરંતુ આપના જેવા પ્રખ્યાત આલીમ અને ફાઝીલના બોલો બેશક બીવડાવનાર છે. એટલા માટે કે પથ્થર-પર કોતર્યા જેવા થઇ જાય છે. અને તેને નાબુદ કરવાની કોશીશ કરતાં પણ નાબુદ થતા નથી.

ફખરૂદીન—“ હું અલમોત આવવાને હિમ્મત કરી શકીશ નહિ પરંતુ તમારા બાદશાહનો હમેશાં એહસાનમંદ રહીશ અને કદી પણ તેમની વિરૂધ્ધમાં એક શબ્દ પણ બોલીશ નહિ. ”

ત્યાર બાદ ફીદાઇએ બે કપડાંના થાનો અને અશરફીઓ ફખરૂદીન આગળ ભેટ ધરી કહ્યું “ આ પગાર આપને દર વર્ષે બરા-બર મળતો રહેશે એટલું કહી ઓરડા બહાર નીકળી જતો રહ્યો, ફખરૂદીને પોતાના મૃત્યુ સુધી આ વચનોને નિભાવ્યાં. ઇસમાઇલી લોકોના સંબંધમાં ઉપલા બનાવથી તેમની પ્રકૃતિમાં જે ફેરફાર થયો હતો તેને લીધે લોકોમાં તેઓ ઇસમાઇલીઓના તરફદાર છે એવો વહેમ થવા લાગ્યો. એક દીવસે એક શાગીર્દે ( શિષ્યે ) તેનું કારણ પુછતાં જવાબ આપ્યો કે “ હું એ લોકોને ખરાબ કહે-વાને પસંદ કરતો નથી કે જેની પાસે તિક્ષણ ખંજરો પુરાવા તરીકે છે. અને તેમના ઇરાદાઓ ઘણા મજબુત છે. ”

આ સમયમાં બાતીન્યા લોકોનું બળ ઇરાનમાં વધી ગયું હતું. પરંતુ શામમાં સુલતાન સલાહુદીનની ફતેહે તેમના બળને ઘણુંજ

નુકશાન પહોંચાડયું હતું. સલાહુદીન એજ માણુસ છે કે જેણે ઇસમાઇલીઓનું મથક અને બની ફાતમાનો મીસરની ખીલાફતનો નાશ કર્યો. આ કામથી ફુરસદ મેળવી શામનો મુલક પોતાના કબજામાં કરી તે દીન ઇસલામનો સાચો હિમાયતિ બની ગયો. તેણે પોતાની જીંદગીનો લગભગ સઘળો વખત યુરોપીયન લોકો સાથે લડવામાં ગાળ્યો હતો, પરંતુ તેને ઇસમાઇલીઓ પોતાનો કટ્ટો શત્રુ સમજતા હતા. પરિણામ એ આવ્યું કે જુદા જુદા ફીદાઇઓ ખંજર લઇને તેના પ્રાણ લેવા રવાના થયા. હલબ શહેરની બહાર કે જયા તે પોતાના કેમ્પમાં ઉતર્યો હતો ત્યાં ચાર ફીદાઇ એક પછી એક હુમલો કરી દોડયા. પરંતુ ફતેહમંદ થયા નહિં. કેટલાકતો તેની બીલકુલ પાસેજ પહોંચી ગયા હતા; પરંતુ ખુદ સલાહુદીને તેના હાથો પકડી લીધા હતા. સલાહુદીન આવી રીતે ફીદાઇઓથી બની જવા પામ્યો પરંતુ તેઓના અવાર નવાર હુમલાઓથી તે ડરી જઇ તેમની સરહદ છોડી જતો રહ્યો અને ઇસમાઇલી લોકોના શામના મસીઆત કીલ્લાનો ઘેરો છોડી દીધો. ઇસમાઇલીઓ આથી ઘણા ખુશી થયા અને ત્યારબાદ તેઓએ સલાહુદીન તરફ કદી પણ હુમલો કર્યો નહિં. સુલતાન સલાહુદીનના ગયા પછી રશીદુદીન અબુલ હસન કે જે સીનાનના નામથી પ્રખ્યાત હતો, તે શામના ઇસમાઇલીઓનો બાદશાહ થયો. તેણે પોતે પેગંબર હોવાનો દાવો કરી એક આસમાની કીતાબ તેમની આગળ રજુ કરી. તેણે પોતાને શ્રેષ્ટ બનાવવાના કામમાં એટલે સુધી હિમ્મત કરી કે પોતાને "ખુદાનો આવતાર" જણાવવા લાગ્યો. ઇસમાઇલી લોકો તેના ઘણા હીમાયતી હતા. સીનાને પોતાનો એક એલચી જેરૂસલમના યુરોપીયન બાદશાહ એમોરી પાસે મોકલ્યો. ત્યાં ઘણીજ વિચીત્ર રાજકીય ખટપટો ચાલતી હતી, તેથી તાસુબી યુરોપીયનોના હાથથી તે એલચી મારેં ગયો.

સીનાને પોતાના એલચીનો ખુની માગ્યો; પરંતુ યુરોપીયનોએ તે આપવા ના કહી, પરીણામ એ આવ્યું કે યુરોપીયનો અને ઇસ્લામીઓ વચ્ચે વિરૂદ્ધતા ચાલવા લાગી. પ્રથમ ઇસમાઇલીઓ મુસલમાન લોકોને કતલ કરવા સારૂ ખ્રીસ્તીઓને મદદ આપતા હતા; પરંતુ હવે ખ્રીસ્તીઓના તેઓ શત્રુ બની ગયા. ફીદાઇઓનાં ખંજરો યુરોપીયન સરદારોપર તેજ થવા લાગ્યા. જેવી રીતે પ્રથમ મુસલમાન સરદારો ફીદાઇઓના ખંજરથી કતલ થતા હતા તેવીજ રીતે હવે ખ્રીસ્તી સરદારો કતલ થવા લાગ્યા.

જે લોકોએ કૃઝેડની લડાઇનું વર્ણન વાંચ્યું છે તેમની જાણમાં હશે કે આ લડાઇમાંની ત્રીજી લડાઇમાં ઇંગ્લાંડનો શુરવીર રાજા રીચર્ડ અને ફ્રાન્સનો ફીલીપ જેરૂસલમમાં આવ્યા હતા. ત્યારે સ્ત્રીઓના સમાગમ, વ્યભીચારી વૃત્તીઓ અને અદેખાઇએ એક બીજાને અન્યો અન્ય દુશમન બનાવી દીધા હતા. ફીલીપ થોડા દીવસ રોકાઇ ફ્રાન્સ જતો રહ્યો. અને પોતાની જગોએ તાએરના મારકવીસ સરદાર કનરાડને રાખી ગયો હતો. કનરાડ દરેક કામમાં રીચર્ડની નુકતેચીની કરતો હતો. તથા ફીલીપ બાદશાહની ઇચ્છા મુજબ રીચર્ડને ગુન્હેગાર ઠરાવતો હતો તેની આવી વર્તણુંકને હજુ થોડા દીવસ થવા પામ્યા હતા કે એક દીવસે તાએરના બજારમાં એક ફીદાઇએ તેને ખંજર ભોંકી ઠાર કર્યો. સઘળા પ્રખ્યાત ઇતિહાસકારોનું કહેવું છે કે આ ખુન ઇંગ્લાંડના રાજા રીચર્ડે ખાનગી ખટપટ કરી કરાવ્યું હતું જો કે ઇંગ્રેજી તવારીખ નવીશો પોતાના રાજાનું કલંક દુર કરવા ઘણી કોશીશ કરે છે. પરંતુ આ બાબતની શામના મુસલમાનો અને અરબી ઇતિહાસીકકારોને બરોબર ખબર હતી. તેઓએ લખ્યું છે કે ઇસમાઇલીઓના સરદાર સીનાન સાથે સંબંધ જોડી રીચર્ડે કનરાડને કતલ

કરાવ્યો છે. આ કાવત્રાંનો એ કરતાં વધુ પુરાવા શો જોઇએ; કે ઇસમાઇલીઓ પોતે પણ આ વાતને માન્ય રાખી કહેતા હતા કે રીચર્ડે પોતે અમોને આ કામ માટે નીમ્યા હતા. ત્યાર બાદ થોડી મુદતમાં ખ્રીસ્તીઓ અને ફીદાઇઓ વચ્ચે પાછો શત્રુતાનો જુસ્સો ઉત્પન્ન થઇ જવા પામ્યો. યુરોપીઅનોને એક [illegible] રાજકર્તા ફ્રેડરીક બારબરૂસા જ્યારે ગીલાન શહેરનો ઘેરો ઘાલી [illegible] હતો તે યુરોપના મધ્ય ભાગમાં એક ફીદાઇથી માર્યો ગયો. [illegible] છેવટ સુધી પતો ન લાગ્યો કે આ ફીદાઇ શામથી આવ્યો હતો [illegible]નથી, અથવા શામવાળાની લાંચ ખાઇ તેણે તે કામ કર્યું હતું [illegible] બગદાદવાળાની.

કનરાડના માર્યા ગયા બાદ એ વર્ષે [illegible] શામ્પેન જેરૂસલમની મુસાફરીએ ગયો. ત્યારે તે મસ્યાતમાં [illegible] સીનાનનો મેહમાન થયો. અહીં તેને કીલ્લાના બુરજો દેખાડ [illegible]વ્યા, એક સૌથી મોટા બુરજના દરેક પગથીઆપર બબે [illegible] ઉભા હતા. તેમને દેખાડી સીનાને કહ્યું કેઃ—એમાં તો શક [illegible] અમારા જેવા વફાદાર સીપાઇઓ તમોને મળ્યા હશે નહિ [illegible] કહી એક પગથીઆ તરફ તેણે ઇશારો કર્યો. ઇશારો થતાંજ એ [illegible]મો જે ત્યાં ઉભા હતા તે જમીનપર પડી ગયા. અને તેમનાં શરીર [illegible]ચુરા થઇ ગયાં આ તમાશો દેખાડી સીનાન બોલ્યો કે આ [illegible]ઓજ કાંઇ એવા નથી. સઘળાઓ કે જેઓ ઉજળાં કપડાં [illegible] ઉભા છે તેને જો ઇશારો કરૂં તો તેઓ પણ પડી જઇ [illegible]" ખ્રીસ્તી બાદશાહે કહ્યું "મને તો શું પણ કોઈ પણ [illegible] આવી રઇયત મળી હશે નહિ" કાઉન્ટ શામ્પેન જ્યારે [illegible]ના થતી વખતે સીનાનાથી રૂજા લેવા લાગ્યો ત્યારે સીનાને [illegible] મહેમાનને કહ્યું કે

"જો આપનો કોઇ દુશમન હોયતો બતાવો કે જેને મારા શીદાઇઓ ઘણીજ ઉતાવળથી કતલ કરી નાખશે."

મહંમદના વખતમાં નીઝારીઓએ ઘણાં ખુન કીધાં. રસ્તા લુંટયા અને લોકો ઉપર ભારે વિપતી ગુજારી હતી. મહંમદ હી. સ. ૬૦૭ માં ગુજરી ગયો. કહે છે કે તેને તેના દીકરા જલાલુદીને ઝેર આપ્યું હતું.

## ૨૦ જલાલુદીન હસન.

જલાલુદીન ગાદીપર બેઠો અને પોતે બીજા હસનના નામથી પોતાની દુવાઈ ફેરવી. આ હસનના હુકમો મુસલમાની શરીઅતને મળતા હતા. તે ઇસલામી શરીઅતની પુરેપુરી બજાવણી કરતો હતો. તે પોતાના બાપના મતને ધિક્કારતો હતો. તેણે દેશમાં મસજીદો બંધાવી તથા બાંગ તકબીર તથા જુમ્માની નમાજ જારી કીધી. તથા બગદાદના ખલીફ નાસરલ દીનલ્લા, સુલતાન મહમદ ખારઝમશાહ અને ઇરાનના બીજા રાજાઓ તથા હાકેમો :આગળ એલચીઓ મોકલી પોતાનો મત જાહેર કર્યો. તખ્તપર બેસતાંજ રાજ્યના સઘળા ઉલ્મા-ઓને કીલ્લામાં બોલાવ્યા, નમાજની સફો દુરસ્ત કરવામાં આવી, મસજીદો આબાદ થઇ. કુરાને મસ્જીદ શીખવવાના મદરેસાઓ સ્થાપ્યા. તેણે સઘળા બાદશાહો પાસે પોતાના એલચીઓ મોકલ્યા હતા તે પૈકી કઝવીનના કેટલાક લોકોને તેની વાતપર વિશ્વાસ આવ્યો નહી. જલાલુદીને તેમને ખાત્રી અપાવવા પોતાના કિલ્લામાં બોલાવી હસન બિન સબ્બાહની સઘળી કીતાબો તેમની રૂબરૂમાં બાળી નાખી. ગાદીપર બેઠાને બીજે વરસે તેણે પોતાની મા તથા પોતાની સ્ત્રીને મોટી ધામ-ધુમ સાથે હજ કરવા રવાના કર્યા. આ બાદશાહી હજનું સરઘસ

જે રાજ્યની હદમાં થઇને નીકળતું હતું, તેઓ તેનો ઘણો સત્કાર કરતા હતા. બગદાદના ખલીફે એટલે સુધી પ્રીતી દેખાડી કે ખારઝમના શાહી સરઘસ કરતાં પણ આગળ અલમોતનું સરઘસ રવાના કર્યું. ત્યાર બાદ દોઢ વર્ષ લગી દરેક બાદશાહનો મહેમાન થયો. દરેક બાદશાહે ઘણોજ પ્રેમપુર્વક તેનો સત્કાર કર્યો. પરિણામ એ આવ્યું કે દુનીયાના સઘળા ઇસલામી રાજ્યો તેને ચાહવા લાગ્યા. પરંતુ ઈસમાઇલી લોકો તેના દુશ્મન બની ગયા. આજ દુશ્મનીના કારણથી તેને ઝેર આપવામાં આવ્યું એમ કહેવામાં આવે છે. હી. સ. ૬૧૮

## ૨૨ અલાઉદ્દીન મહંમદ.

અલાઉદ્દીન બીજા મહંમદનું નામ ધારણ કરી ગાદીએ બેઠો. આ વખતે તેની વય માત્ર નવ વરસની હતી. ઇસમાઇલી લોકો ઇમામની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણે સરખી માને છે. તેથી અલાઉદ્દીન જે હુકમ કરતો તે બરાબર અમલમાં આવતા, બાદશાહ બાળક હોવાથી વજીરો કારભાર ચલાવતા હતા. વજીરોએ બાદશાહના પીતાના ખુનીઓને શોધી કતલ કરી નાખ્યા; પરંતુ બાદશાહના પીતાના વખતમાં જે શરીયતનો રીવાજ થઈ ગયો હતો તે નાબુદ થવા લાગ્યો. અને તેની જગો હસનબિન સબ્બાહના કાનુનોએ લેવા માંડી, અલાઉદ્દીને એક ઘેટાનું ટોળું પાળ્યું હતું. તેની સાથે રમ્યા કરતો હતો અને રાજ કારભારમાં સ્ત્રીઓનો મોટો હાથ હતો. અલાઉદ્દીન હજુ યુવાવસ્થાએ પહોંચ્યો હતો, તેટલામાં સખ્ત માંદો પડયો. એક અજ્ઞાન વૈદે તેની ફસ ખોલવાની સલાહ આપી. ફસ ખોલી પુષ્કળ લોહી કાઢી લેવામાં આવવાથી બાદસાહનું મગજ હમેશાંને માટે નબળું પડી ગયું, હવે તે રાત દિવસ રમત ગમતમાં

મચ્યો રહેતો હતો. રાજ્ય સંબંધી કોઈ બાબત તેને કહેવામાં આવતી તો કહેનારને તુરતજ કતલ કરી નાખતો. લાચારીથી લોકોએ દરેક કામને તેનાથી છુપાવવા માંડયું. તેમ કોઈ પણ બાદશાહ પાસે જવાની હિમ્મત પણ કરી શકતો નહિં. આમ થવાથી રાજ્યનું બળ નબળું પડવા લાગ્યું પરંતુ ફીદાઇઓનો જુસ્સો પ્રથમના જેવોજ સતેજ હતો.

આ સમયમાં સુલતાન ખારઝમે કોઇ વાતથી ખુશી થઈ જઈ નેશાપુર તથા તેની આસપાસનો દેશ અમીર આરખાનને આપી દીધો હતો. આરખાન કોઇ જરૂરના કામને લઇ મુસાફરીએ ગયો હતો. તેની અવેજીમાં કામ કરનારે બાતીન્યા લોકોપર હુમલો કરી તેમના કેટલાક કીલ્લાઓ લુટી લીધા. આ ખબર અલમોતમાં પહોંચતાંજ તે બાબતનો જવાબ માગવામાં આવ્યો. એલચીઓને ઘટતો જવાબ આપવાને બદલે તેમની આગળ ગુસ્સાથી કેટલાંક ખંજરોનો ઢગલો કરી દેવામાં આવ્યો. આ બનાવથી અલમોતનો દરબાર ગુસ્સે થયો અને કેટલાક ફીદાઇઓને રવાના કર્યા. આ સાહસીક ફીદાઇઓએ પહેલાજ હુમલામાં આરખાનને ઠાર કર્યો. ફીદાઇઓ આરખાનને મારી નાશી જવાને બદલે લોહી લોહાણ ખંજરો હાથમાં લઈ શહેરના બજારમાં ઘુસ્યા. તેઓ પોતાના બાદશાહ અલાઉદ્દીનની અઝમત અને સત્તાને પોકારી પોકારીને કહેવા લાગ્યા. ઉપરાંત તેઓએ જણાવ્યું કે હજુ તો અમારે સુલતાન ખારઝમના વઝીરથી બદલો લેવાનો છે. એટલું કહેતાંજ તેઓ વઝીરના મહેલમાં ઘુસી ગયા અને તેને શોધવા લાગ્યા પરંતુ તેટલી વારમાં તો શહેરના લોકોએ હલ્લો કરી તેમને પથ્થરોથી મારી નાખ્યા. આ સમયમાં અલમોતથી બદરૂદીન એહમદ નામનો એક એલચી વઝીરને મળવા આવતો હતો. રસ્તામાંજ તેને ફીદાઇઓના માર્યા ગયાના સમાચાર મળ્યા તેથી તે ત્યાંજ રોકાઇ ગયો. અને એક

પત્ર લખી વજીરને પુછ્યું કે " હવે તમારી શી મરજી છે? હું રૂબરૂ આવું કે પરત જતો રહું." વજીર આરખાનના માર્યા ગયાની અને પોતાની ફીકરમાં ફીદાઇઓને ઘુમતા જોઈ તેના પર રોઆબ ગાલેબ થઇ ગયો. તુરતજ તે એલચીને તેના રક્ષણ સાથે બોલાવ્યો. એલચીનો બહુજ સત્કાર કર્યો અને જે શરતો રજુ કરે તે પર સુલેહ કરવા ઇચ્છા જણાવી. છેવટે બે શરતો પર સુલેહ થઇ કે " લડાઇ બંધ કરવી અને દામગાનનો કીલ્લો ઇસમાઇલી લોકોને વેચાતો આપી દેવો."

આ સુલેહનામાપર સહીઓ થઇ ગયા બાદ પણ એલચી થોડા દીવસ વજીરનો મહેમાન રહયો. એક દીવસ વજીર સાથે બેસી જમતો હતો. વાતવાતમાં એલચી બોલી ઉઠયો કે " અમારા ચાકરો અને મિત્રોથી ભાગ્યેજ કોઇ જગો ખાલી હશે. ખુદ આપના દરબારીઓ અને બોડીગાર્ડોમાં અમારા કેટલાક ફીદાઇઓ મોજુદ છે. વજીરે આ સાંભળી ગભરાઇને પુછ્યું " તે કયા કયા લોકો છે?" એટલું કહેવા સાથેજ પોતાનો રૂમાલ એલચી તરફ ફેંકયો, જેનો હેતુ એ હતો કે હું તેના બચાવનો વાયદો કરૂંછું. વઝીરનું રૂમાલ ફેંકવું હતું કે:- તેના નોકરોમાંથી પાંચ માણસો સામે આવી ઉભા રહ્યા અને બોલ્યા " અમો ગુપ્તી ફીદાઈ છીએ." એ પાંચ પૈકી એક હિંદુસ્તાની હતો. તેણે હિમ્મતથી આગળ વધી જણાવ્યું કે " આજરોજ અને અત્યારેજ હું તમોને કતલ કરી નાખતે, પરંતુ તેમ નહિ કરવાનું કારણ એટલુંજ કે મને હજુ સુધી તમોને કતલ કરવાનો હુકમ મળ્યો નથી. આ વાત સાંભળતાંજ વજીર નેતરની સોટીની પેઠે થરથરવા લાગ્યો અને ગભરાઇ તે નોકરોના પગોપર પડયો અને કહેવા લાગ્યો કે " મને મારી નાખશો નહિ. હું સોગંદ ખાઇને કહું છું કે હું હમેશા

તમારા બાદશાહનો એક અદના દાસ હોવાનું સમજીશ " બદરૂદીને તેને દીલાસો આપ્યો. અને અલમોતમાં જતો રહ્યો.

આ બનાવની ખબર સુલતાનને પડતાં તે વજીરના બાયલાપણાને લીધે બહુજ નારાજ થયો. અને પત્રથી તેને ઘણોજ ઠપકો આપ્યો અને હુકમ આપ્યો કે " આ પત્ર પહોંચતાંજ તે પાંચે ગુપ્તી ફીદાઇઓને જીવતા બાળી દેવા. બાદશાહના હુકમની અમાન્યતા થઇ શકતી નહોતી પરંતુ તેની સ્થિતી આ વખતે ઘણીજ દયાજનક હતી, પોતે ફીદાઇઓથી ડરતો હતો અને પોતે આપેલો વાયદો તોડવો પડે છે તેને માટે રોતો હતો. પરંતુ જે ઇસમાઇલીઓ અગ્નિમાં બળી રહ્યા હતા તેઓ મોટે અવાજે આનંદના પોકારો કરતા અને કહેતા હતા, કે અમોને શહાદત મળે છે અને તેમ કહેવા સાથે તેમના બાદશાહ અલાઉદીન મહંમદના વખાણ કરતા હતા. જ્યારે આ વાતની ખબર અલમોતમાં પહોંચી ત્યારે તેઓ સમજ્યા કે આ કામ વજીરની ઇચ્છાથી થયું નથી. પરંતુ ખાનગી રીતે લખી જણાવ્યું કે " તમોએ અમારા પાંચ વફાદાર ફીદાઇઓને અગ્નિમાં બાળી નાખ્યા છે. જો તમો પોતાનો પ્રાણ બચાવવા ચાહતા હોતો દરેકના પ્રાણના બદલામાં દશ દશ હજાર અશરફીઓ રવાના કરો. વજીર આટલો દંડ આપવાથી નીકાલ થાય છે એમ સમજી ઘણોજ ખુશી થયો. પત્ર લાવનાર એલચીનો ઘણોજ સત્કાર કર્યો અને તે દંડની રકમ રવાના કરવા ઉપરાંત દામગાનનો કીલ્લો અલમોતના બાદશાહને વેચાતો આપવાથી જે રકમ વસુલ થઇ હતી તે પણ આપી દીધી.

હુસેન નામનો એક શખ્સ કે જે અલાઉદીનના પુત્ર રૂકનુદીનની ઉશ્કેરણીથી અલાઉદીનનું કામ પુરૂં કરવાને તક શોધતો હતો. એક

વખત મધરાતે અલાઉદ્દીન બકરાંના તબેલામાં સુતો હતો ત્યાં જઇ ઘુસીને તેનું ગળું તબ્બર નામના કુહાડા જેવા હથીઆરથી કાપી નાખ્યું. હી. સ. ૬૫૩

## ૨૨ રૂકનુદ્દીન ખુરશાહ.

અલાઉદ્દીન પછી તેનો દીકરો રૂકનુદ્દીન ખુરશાહ થયો. બાદશાહ થતાંજ તેણે પોતાના બાપના ખુનીને તેના પુત્ર સહીત કતલ કર્યો. આ બાદશાહ અલમોતના રાજ્યનો છેલ્લો બાદશાહ હતો. ગાદીપર બેઠો ત્યારે ઘણીજ નાની વયનો હતો. અલાઉદ્દીનના વખતમાં જે રાજ્ય વ્યવસ્થા નબળી પડી ગઇ હતી તે તેનાથી સંભાળી શકાય તેમ નહતી. આવા ઇસમાઇલી લોકોના નિર્બળપણાના સમયમાં તાતારી લોકોનું એક બળવાન લસ્કર તીડોના દળની પેટે ચડી આવ્યું અને હલાકુખાન ઇરાન તથા એરાકના રાજ્યોને પાયમાલ કરવાને રવાના થયો. તાતારી લોકોના રાજ્યપર આ સમયમાં મનકુખાન રાજ્ય કરતો હતો, અને દેશો જીતવાનું કામ હલાકુખાનને સુપ્રત હતું. કેટલીક બાબતોથી જણાઈ આવે છે કે પ્રથમ ઇસમાઇલીઓએજ આ લોકોને છેડયા અને તેના બાદશાહી કુટુંબપર હુમલા કર્યા પરંતુ સામાન્ય રીતે સઘળા ઇતિહાસકારોનું કહેવું છે કે ઇસમાઇલીઓના જુલમથી લોકો કંટાળી ગયા હતા અને તેથી બગદાદના ખલીફ મોઅતસીમ બિલ્લા અને કઝવીન શહેરના આગેવાન લોકો તરફથી તાતારી લોકોના શહેનશાહને લખવામાં આવ્યું કે "ઇસમાઇલી લોકો દોઢસો વરસથી આખા એશીઆ ખંડને પાયમાલ કરી રહ્યા છે તેનું જોર નબળું પાડવા અમો અશક્ત છીએ." આવા પત્રો પહોંચતાંજ મનકુખાન ફોજ રવાના કરવાને તૈયાર થઇ ગયો, પોતાના ભાઇ હલાકુખાનને એક મોટા લશ્કર સાથે દક્ષિણ તરફ રવાના કર્યો. તેને રવાના કરતી

વખતે કહ્યું કે "હું તને એક બળવાન લસ્કર અને શુરવીર સવારોના રસાલા સાથે રવાના કરૂં છું. આ એવા બહાદુર સીપાઇઓ છે કે તેના જેવા ઇરાન તથા તુરાનમાં બીજે મળી શકે તેમ નથી. ખબરદાર! દરેક બાબતમાં ચંગીઝખાની પદ્ધતિની નકલ કરજે, અને આપણા રાજ્યને અરલ સરોવરથી લઇ નાઇલ નદી સુધી વધારી આપજે. જે લોકો તાબેદારી કરે અને પોતાના ભાગ્ય તારા હાથમાં સુપ્રત કરી આપે તેમની સાથે મહેરબાની કરજે; પણ જેઓ વિરૂદ્ધતા કરે તેની સાથે કોઇ પણ પ્રકારની દયા કરીશ નહીં. તેમને તેમના બાલ બચ્ચાંઓ સહીત કતલ કરી નાખજે. ઇસમાઇલીઓનો નાશ કરવા પછી તારે એશાકનો મુલક ફતેહ કરવાનો છે. બગદાદનો ખલીફ જો તારી તાબેદારી કરે અને તારા આશ્રયમાં આવવાનું પસંદ કરે તો તેના પર મહેરબાની કરજે; પણ જો તે જરાપણ વિરૂદ્ધતા કરે તો તેનો પણ એજ હાલ કરજે કે જે બીજાઓનો થાય."

આ સમયમાં ખ્વાજા નસીરૂદીન તુસી રૂકનુદ્દીન ખુરશાહનો વજીર હતો. આ વજીરનું અહીં આવવાનું કારણ વિચીત્ર હતું. જયારે તેની વિદ્યાની ખ્યાતિ બહુજ થઇ ત્યારે તેણે બગદાદના ખલીફને ખુશ કરવા એક કીંમતી ગ્રંથના મુખ્યમાં ખલીફ મોઅતસીમ બીલ્લાનું નામ દાખલ કરી ખલીફને મુરબ્બી બનાવવાની કોશીશ કીધી. ખલીફ એ ગ્રંથને જોઇ પ્રથમતો ઘણો ખુશી થયો; પરંતુ ઇબ્ને અલકમી કે જે ખલીફનો વજીર હતો. તેને ખ્વાજા નસરૂદીન સાથે શત્રુવટ હતી, તેણે ખલીફને નારાજ કરવા ખાતર એ નુક્તેચીની કરી કે આપના માન સાથે આ ગ્રંથમાં "પૃથ્વીપર અલ્લાહના ખલીફા" એવા શબ્દો લખવામાં આવેલા નથી. આ વાત સાંભળતાંજ અજ્ઞાન અને ટુંક બુદ્ધિનો ખલીફ ગુસ્સે થઇ બોલ્યો કે "ગ્રંથકર્તા મોટો બેવકુફ જણાય

છે.” ત્યારબાદ એ ગ્રંથને દજલા નદીમાં ડુબાવી દેવામાં આવ્યો. આ બનાવથી નસીરૂદીન બહુજ દીલગીર થયો અને બદલો લેવાને માટે ઉશ્કેરાઇ ગયો. બગદાદના ખલીફના હાથથી પોતાનું રક્ષણ કરવાને અલમોતના રાજ્યમાં જઇ રહ્યો. અહીં તેનો ભારે સત્કાર થયો અને વડા વજીરની પદવી પર નીમી આપ્યો. થોડા દીવસમાં જ્યારે તેને માલુમ પડયું કે અલમોતનો બાદશાહ પોતાની ઇચ્છા પાર પાડવાને તૈયાર નથી અને તે સાથે એમ પણ વિચાર થયો કે આવા નાજુક સમયમાં સૌથી વડો મુરબ્બી તાતારનો બાદશાહ થઇ શકે છે તેથી તેણે અહીં બેવફાઇ કરી તાતારી લોકોને લાવવાની કોશીશ કરવા માંડી.

હી. સ. ૫૬૪ માં હલાકુખાનની પહેલાં મએસુર નામે મુગલ સરદાર મુગલોની ફોજ લઇ અલમોતના મુલકમાં આવ્યો. અલમોત પાસેના એક પહાડી કીલ્લા પાસે રૂકનુદીન અને તેનો મુકાબલો થયો. જેમાં મુગલોને પાછું હટવું પડયું પણ તેઓએ ઇસમાઇલીઓનાં ખળાં બાળી નાખી દેશમાં બીજી ઘણી ખરાબી કરી.

મએસુરનું લશ્કર આવતા પહેલાં રૂકનુદીને પોતાના ભાઈ શહેનશાહને મુગલ સરદાર મએસુર પાસે મોકલ્યો હતો પરંતુ મએસુરે તેને હલાકુખાનની તરફ જવા સલાહ આપવાથી તે તેની પાસે ગયો. હલાકુખાને રૂકનુદીનને કહેવડાવી મોકલ્યું કે “ હું તારા ભાઇ શહેનશાહને તાબેદારીની સનંદ તરીકે કબુલ કરૂં છું તું જ્યારથી રાજ્યપર બેઠો છે ત્યારથી તારાથી ગુનાહો થયા નથી માટે હવે તારે પોતાને કીલ્લાઓ તોડી મારી હજુરમાં આવવું જોઇએ. ” મએસુરને હુકમ લખી મોકલ્યો કે રૂદબારમાંથી લશ્કર બહાર કાઢી લેવું. રૂકનુદીને આ હુકમ પહોંચતાંજ પોતાના કીલ્લાના કેટલાક કાંગરા તોડી નાખ્યા.

હલાકુખાનના એલચી સદરૂદ્દીન જંગીએ આવી જણાવ્યું કે "રૂકનુદ્દીને કેટલાક કીલ્લા તોડી નાખ્યા છે, પણ આપની હેબતથી આપની હજુરમાં આવતાં બીહે છે. તથા તે માટે એક વર્ષની મહેતલ માગે છે."

બાદશાહે સદરૂદ્દીન જોડે "શકાકી" નામના એક શખ્શને મોકલી રૂકનુદ્દીનને કહેવડાવ્યું કે "જો તારે સુલેહ કરવી હોય તો શકાકીને દેશનું કામ સોંપી તરત અમારી હજુરમાં આવવું." રૂકનુદ્દીને આ હુકમનો અમલ કરવામાં ઢીલ કીધી અને પોતાના વજીર શમશુદ્દીન કેલકી તથા તેના કાકાના દીકરા સહેફુદ્દીનને એલચીઓ સાથે બાદશાહ પાસે મોકલી ઢીલ થવાના બહાના જોડી કહાડયાં અને ગરદકુ તથા કોયસ્તાનના કારભારીઓને લખ્યું કે "તમારે બાદશાહની હજુર જઇ તાબેદારી કબુલ કરવી."

હલાકુખાનનો ઝુંડો દમાવંદમાં હતો ત્યારે સેહેફુદ્દીનને કેટલાક એલચીઓ સાથે મેમુનદસ તરફ મોકલી રૂકનુદ્દીનને કહેવડાવ્યું કે જો તું તારૂં હિત ચાહતો હોય તો, બાદશાહે દમાવંદમાં મુકામ કર્યો છે ત્યાં તારે આવવું. વખત લાગે તો તારા દીકરાને આગળ મોકલવો." આ સંદેશો પહોંચવાથી રૂકનુદ્દીન ધ્રુજવા લાગ્યો અને હલકા માણસોની સલાહથી એક ગુલામડીના છોકરાને એલચીઓ સાથે મોકલી ભાઇને પાછો મુકવા અરજ કરી. હલાકુ રૂદબારના દેશમાં આવ્યો ત્યારે તેને આ દગાઇ માલુમ પડવાથી તે છોકરાને પાછો મોકલાવી રૂકનુદ્દીનને કહેવડાવ્યું કે "એ છોકરો ખિજમતને લાયક નથી માટે જો શહેનશાહને છોડાવવો હોય તો તારા બીજા ભાઇને મોકલાવ."

આ વખતમાં શમશુદ્દીન વજીરે ગરદકુના કોટવાળ તાજદ્દીનને બાદશાહની હજુરમાં પહોંચાડવાથી શહેનશાહને રજા મળી પણ તેનો

એવો હુકમ હતો કે તેના ભાઇને કઢી મેમુનદસને ખરાબ કરી અહીં આવવું.

તવાચીખાન પરગણામાં લશ્કર એકઠું કરતો હતો. તે હલાકુના લશ્કરને આવી મળ્યો. અને શવાલ મહિનાની ૧૭ મી તારીખે મેમુનદસને ઘેરો ઘાલ્યો. પચીસમી લડાઇ શરૂ થઇ. બીજે દહાડે રૂકનુદ્દીને પોતાના ખરા દીકરાને પોતાના ભાઇ ઇરાનશાહની જોડે બાદશાહ આગળ મોકલી જીવતદાન માગ્યું. અને ૨૯ મી તારીખે ખ્વાજા નસીરૂદ્દીન તુસી વીગેરે અમીરો સાથે રૂકનુદ્દીને બહાર આવી ઘણો માલ અને રોકડ બાદશાહને ભેટ ધરી. બાદશાહે તે સર્વે લશ્કરમાં વહેંચી આપ્યું.

રૂકનુદ્દીને મેમુનદસમાંથી બહારથી નીકળતાં બાદશાહતને ત્રણ તલાક આપી એક ચાદર ઓઢીને હલાકુના લશ્કરમાં પહોંચ્યો. હલાકુએ તેને એક તાતારી ટોળાંને સોંપ્યો.

રૂકનુદ્દીને બાદશાહના હુકમથી પોતાના ખાસ માણસોને એલચીઓ સંગાથે રૂદબારના પ્રગણાના મજબુત કીલ્લા તોડી પાડવા માટે મોકલ્યા. તેમણે ખજાનાથી ભરપુર એવા ચાલીસ કીલ્લાઓને જમીન બરાબર કીધા. અલમોત, લામસ્તર તથા બીજા કેટલાક કીલ્લાના રહેવાશીઓએ તાબે થવાના બહાના કાઢી કહ્યું કે, "બાદશાહની સવારી અહીં આવશે ત્યારે અમો હુકમ ઉઠાવીશું" ત્રણ વર્ષ પછી બાદશાહ અલમોતની નજીક પહોંચ્યો અને તેમને દહેશત બતાવવા રૂકનુદ્દીનને કીલ્લા નીચે મોકલ્યો. પણ કીલ્લાને ઘેરવા સારૂ મુકી પોતે લામસ્તર ગયો. ત્યાંના લોકો તાબે થયા અને અલમોતવાળાએ પણ માફી માગી. કીલ્લાના જમાદારે લશ્કરમાં આવી ત્રણ રોજની મહેતલ લીધી તેટલામાં ત્યાંની રઇયતે પોતાના માલનો બચાવ કીધો. ચોથે રોજ કીલ્લામાં જે કાંઇ રહ્યું હતું તે સઘળું લશ્કરે લુટી લીધું.

અલમોત એક પહાડ છે તેની શીકલ જમીન પર ઉંટ બેઠેલો હોય તેવી છે. અલમોતનો કીલ્લો એવો તો બુલંદ હતો કે તેને તોડતી વખતે તોડનારાઓને આસમાનના બુરજો તોડતા હોય એવું લાગતું હતું.

હલાકુખાન રૂકનુદીનના લશકરને વિખેરી નાખી હી. સ. ૬૫૪ માં જીલહજ મહિનામાં પોતાની ઉમેદથી ફળદ્રુપ થઇ હમદાનની કોરના અઝુક નામના ગામમા ગયો. ત્યાં રૂકનુદીનને સાથે લીધો હતો. તેના પર કૃપા દ્રષ્ટિથી વરતવામાં આવતું હતું. રૂકનુદીનને બાદશાહના એલચીઓ સાથે પોતાના ખાસ માણસો આપી શામના મુલકના કીલ્લા ચંગીઝખાનના હાકમોને સોંપવા હુકમ કર્યો.

રૂકનુદીને પોતાને મનકુખાન પાસે મોકલવા બાદશાહને અરજ કરી. બાદશાહ અજબ થયો પણ અરજ પોતાને અનુકુળ પડવાથી કબુલ રાખી અને તેની રખેવાળી વાસ્તે મુગલોની એક ટોળકી આપી. રૂકનુદીન ગરદકુ પોંહચતાં મનકુખાનના એલચીઓએ મનકુખાન તરફથી તેને કહ્યું કે તું ગરદકુ વિગેરે કીલ્લા કેમ સોંપતો નથી : તે કીલ્લાને તોડી પાછો આવ. તે પાછો ફર્યો ત્યારે એલચીઓએ મિજબાનીના બહાનાથી તેને તીણી તરવારથી મારી નાખ્યો. બીજી એક જગોએ એમ લખ્યું છે કે મનકુખાને જ્યારે રૂકનુદીનના આવવા વિષે સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો અને કહ્યું કે " તેના ઘોડાઓને નકામી તકલીફ શા માટે આપવી જાઇએ. " એમ કહી તેને મારી નાખવા જલ્લાદો મોકલ્યા અને તેને રસ્તામાંજ મારી નાખવા હુકમ કીધો.

ઇસમાઇલીઓને સમાપ્ત કરવામાં મનકુખાનનો એવો હુકમ હતો કે; તેઓમાંના એક પારણામાં સુતેલા બાળકને પણ જીવતું મુકવું નહીં. રૂકનુદીનના મરણ પછી તેના નોકરો તથા લશ્કર જે હાકેમને

સોંપવામાં આવ્યા હતા તે બધાઓને મારી નાખ્યા અને પોતાના એક ખાસ માણસને કઝવીન તરફ મોકલી રૂકનુદીન ખુરશાહના દીકરા, દીકરી, ભાઇ, બેન, ખેશ, કુટુંબ, અને તેની આખી કોમને કાપી નંખાવી. માત્ર તેઓમાંથી બે શખ્સો બુલગાન ખાતુને સોંપ્યા. તેઓને તેણીએ પોતાના બાપ ચકતાઇના વેરમાં મારી નાંખ્યા.

કીયા બુજર્ગ ઉમેદની નસલ તુટી ગઇ. કોઇ માણસ તેમનામાંથી જમીન ઉપર રહ્યું નહીં. મનકુખાને હુકમ કહાડયો કે ખોરાસાન, રૂદબાર અને કોહસ્તાનના મુલકોમાં જે ઇસમાઇલી હાથ આવે તેને ઠાર કરવો જેથી બધા ઇસમાઇલીઓ કતલ થઇ ગયા. આ કતલને " ઇસમાઇ-લીઓની કીયામત " નું નામ આપવામાં આવ્યું છે.

ખ્વાજા નસીરૂદીન તુસીની કોશીશ અને હલાકુખાનના બળવાન લશકરે ઇસમાઇલી લોકોની દોઢસો વર્ષની મજબુત અને ભયાનક સત્તાનો અંત આણી દીધો અને છરીવાળા ઘાતકી ફીદાઇઓના હાથથી જગતને મુક્ત કર્યું.

જે સમયમાં હલાકુખાનના લશકરે ઇસમાઇલી લોકોનું મુળ કાઢી નાખ્યું તેજ સમયમાં મીસરના સુલતાને શામના ઇસમાઇલીઓનું કાસળ કાઢવા માંડયું. પરિણામ એ આવ્યું કે ફીદાઇ બનવું એ મુસ-લમાનોમાં પાપ ગણાવા લાગ્યું. છેવટે સપુર્ણ કતલ પછી ફીદાયતની છરી હમેશાને માટે બુઠી થઇ ગઇ. આમ થવાથી સઘળા રસ્તાઓ નિર્ભય થઇ ગયા. મુસાફરો મદદ વગર આવજા કરવા લાગ્યા. વેપારી લોકો પોતાનો માલ ઠેક ઠેકાણે લઇ જઇ વેપાર કરવા લાગ્યા તથા એકંદર જે પડતીનાં કારણો હતાં તેનો નાશ થયો જોઇ લોકો હર્ષ પામી હલાકુખાનને આશીર્વાદ દેવા લાગ્યા.

**સમાપ્ત.**

# * સર માારકોપોલોએ રચેલા ગ્રંથના અંગ્રેજી ભાષાન્તરનો ઉતારો.

## ૨૩ પહાડી ધરડા પુરૂષ સંબંધી.

( પ્રકરણ ૨૩–૨૪ પૃષ્ટ ૧૩૯ થી ૧૪૨ )

" પહાડી ધરડો માણુસ " " મુલહિદ " ગામમાં અગાઉ રહેતો હતો અને તેનો અર્થ " આરામની જગ્યા " એવો થાય છે. મેસર્સ મારકોપોલો કે જેણે તે દેશમાં કેટલાક દેશીઓ પાસેથી સાંભળીને જે પ્રમાણે તવારીખ વર્ણન કીધી છે તેમ હું તમોને આખી તવારીખ કહીશ "

" તે વૃદ્ધ પુરૂષ તેઓમાં અલાઉદ્દીનના નામે ઓલખાતો હતો. એ પહાડો વચ્ચેની એક ખીણ તેણે પુરાવી નાખી હતી અને ત્યાં

---

* વેનિસ શહેરના રહેવાશી સર મારકો પોલોએ રચેલા " પુર્વ તરફના દેશો અને ચમત્કારો " નામના ગ્રંથનું ફ્રાન્સીસ કર્નલ સર હેનરી યુલ. આર. ઇ. સી. બી. કે. સી. એસ. આઇ. એ કરેલું અંગ્રેજી ભાષાન્તર, કે જેમાં હેનરી કોર્ડીરે ( પારીસ ) થોડા વખત અગાઉ કરેલી શોધને અનુસરી કરેલા ફેરફારવાળા તથા એમી ફ્રાન્સીસ યુલ એલ. એ, સાક એન્ટ સ્ટ્રોટ વીગેરેએ રચેલા પોતાના પિતા હેનરી યુલના જીવનચરિત્ર સાથે નકશા તથા ચીત્રોવાળા પુસ્તકનું લંડનમાં આલ્બામાર્લ મોહલામાં વસનાર જોહન મુરે ઇ૦ સ૦ ૧૯૦૩ માં બે ભાગમાં છપાવી બહાર પાડેલા ત્રીજી આવૃતિના ગ્રંથનો આ ઉતારો આપવામાં આવ્યો છે. લખનાર.

સૌથી મોટો, સૌથી ખુબસુરત અને કદી દીઠામાં ન આવ્યો હોય તેવો બગીચો દરેક જાતના મેવાના ઝાડોથી ભરપુર બનાવ્યો હતો. તેના અંદર ઘણાજ ખુબ સુરત તંબુઓ અને મહેલો જેનો આપણને ખ્યાલ પણ ન આવી શકે એવા ગિલીટ ચડાવેલા અને સરસ રંગના બનાવ્યા હતા. તેમાં નેહરો હતી. જેમાં દારૂ, મધ, દુધ અને પાણી ખુલ્લાં વહેતાં હતાં. અને તેમાં ઘણીએક બાનુઓ અને ઘણીજ ખુબ-સુરત છોકરીઓ જે દુનિયામાં મુશકેલાઇથી મળી શકે તે હતી. તેઓ દરેક જાતના વાજીંત્રો વગાડી જાણતી અને ઘણુંજ મધુર ગાયન ગાતી તથા એવી રીતે નાચતી કે, જોનારનું મન હરણ કરી લેતી; કારણ કે તે ઘરડા પુરૂષની મતલબ એ હતી કે, લોકો એમ માને કે, ખરેખર જન્નત એજ છે. તેણે તે બાગ જે પ્રમાણે હજરત મહંમદ નબીએ જન્નતનું બયાન આપ્યું હતું કે, તે ખુબસુરત બગીચો છે. જેમાં દારૂ, દુધ, મધ અને પાણીની નેહરો તથા જન્નતમાં રહેનારા-ઓની ઘણીજ ખુશાલી માટે ખુબસુરત સ્ત્રીઓ છે તે પ્રમાણેનો બનાવ્યો હતો. જે કોઇ તેનો એસેસીન (ખુની) નહિ થાય, તેને તે બગીચામાં દાખલ થવા આપવામાં નહિ આવતો. તે બગીચામાં દાખલ થવાના દરવાજા પાસે ગઢ હતો. તે એવો મજબુત કે આખી દુનિયાને અંદર પેસતાં અટકાવે અને તે સિવાય અંદર આવવાનો બીજો રસ્તો નહિં હતો. તેણે પોતાના દરબારમાં બારથી વીશ વર્ષ સુધીની ઉમરના કેટલાક છોકરાઓ કે જેઓને સિપાઇ બનવાનો શોક હતો, તેમને રાખ્યા હતા. તેઓને જેમ હજરત મહમદ નબી કહેતા તેમ જન્નત વિષે કહેતો અને જેમ મુસલમાનો હજરત મહંમદ નબીને માનતા તેમ તે છોકરાઓ તે ઘરડા પુરૂષને માનતા હતા. પછી તેઓને ચાર, છ કે દશ દશને એકી વખતે એવી ચીજ ખાવાની આપતા કે, જેથી ભરઊંઘમાં તેઓ પડી જતા. પછી તેમને ઉચકાવીને

તે જન્નતમાં દાખલ કરાવતો તેથી જ્યારે તેઓ જાગતા ત્યારે પોતાને જન્નતમાં જોતા."

## ૨૪ શાએર ડી. જાનવિલના ગ્રંથનો ઉતારો.

ટીપ ૧ લી. "આ ફ્રેન્ચ સમજુતી અપુર્ણ છે તો પણ તેમાં સત્યતાનું બીજ છે" "હુસેનના શોકારક મોતના વખતથી અલીના ખાનદાનથી ઉતરેલાઓ તે પેગમ્બરના ખરા વારસ છે એમ લોકો માને છે. એમ માનનારાઓ પોતાના ધર્મના મતો છુપા રાખવાની કોશીશ કરવાને લીધે અને વળી તરેહવાર મતો ધરાવવાના સબબથી એઓના ધર્મની વલણ વિચિત્ર અને ગુપ્ત છે. એક તરફ અલીને ખુદાનો અવતાર લીધો હોય એવી રીતે માને છે અને તેની ઓલાદને પણ તેના જેવો દરજ્જો આપે છે અને બીજી તરફ બીજો ફીરકો એવો પણ છે કે જે પોતાને દીનનો કલમો અને બીજા ફરમાનથી છુટો ગણે છે. હજરત અલીને માનનારાઓમાંનો એક ફીરકો ઇસલામી છે. જેઓ શીયા પણ ગણાય છે. તે મુખ્ય ફીરકો છે. અને અસલ ધર્મના મતથી આડે રસ્તે જનારી શાખાની એ જડ છે. એ નામ તેઓએ તેમના સાતમા ઇમામના નામપરથી ધારણ કીધેલું છે. જે ઇમામ વિષે તેઓ એમ માને છે કે તે જમીનમાં ગયો છે પણ દુનિયાનો છેડો આવશે ત્યારે તે દીવસે પાછો આવશે. ઈ. સ. ૧૦૯૦ માં ઇરાનની ઉત્તર તરફના પહાડી પ્રગણામાં રહેનાર સબ્બાહના દીકરા હસને આ ઇસમાઇલી ખાનદાન સ્થાપ્યું હતું. અને એકસો સીત્તેર વર્ષ પછી મંગોલ લોકોએ તે કોમને દાબી નાખી. તે વખત સુધી હસને જે ખાનદાન સ્થાપ્યું હતું તે પુર્વ કોહીસ્તાનમાં બધે ઠેકાણે નહિ તો કેન ગામ સુધી ફેલાઇ ગયું હતું. કાઝમાનની ઉત્તર પુર્વ દિશા તરફ બત્રીસ

માઝલ છેટે અલમોનમાં તેઓનું મુખ્ય મથક હતું. અને આખા સંસ્થાનમાં બધે ઠેકાણે ઘણા મજબુત કીલ્લાઓ તેઓ ધરાવતા હતા."

"ડી૦ સાસીએ એ પ્રમાણે સાબીત કીધું હોય એમ દેખાય છે કે એક જાતનો રેપો જેને "હશીશ" કહે છે તે તેઓ વાપરતા હતા. તે ઉપરથી તેઓ "હશીશીન" કહેવાય છે. તેઓની મારી નાખવાની અને જુલમ કરવાની રીત ઉપરથી "એસેસીન" એટલે ખુન કરનાર એ નામ હાલના વખતમાં વપરાય છે. આ રીત વાપરવાની અસલ નેમ તેઓની એ હતી કે ખરા ધર્મને માનનારાઓ તેઓ ઉપર જુલમ કરે તો તેઓના સામે તલવારથી ન થવા માટે બીહવડાવવાની અને સજા કરવાની એ રીત તેઓએ દાખલ કીધી."

"મેં. જી. ટેકસ્ટનો "એસેસિન" શબ્દ વાપર્યો છે. કારણ તે ઇટાલિયન ભાષામાં મુળ શબ્દને બને તેટલી વધારે ચોકસાઇથી બતાવે છે. કોઇ એક બીજા ગ્રંથમાં તે શબ્દ "ચોઝીની" નામથી વપરાએલો હોય એમ આપણુને માલુમ પડે છે. જોન વીલી નામનો ગ્રંથકર્તા તેમને 'એસેસિસ" કહે છે અને નાન્જીર્સ અને બીજાઓ "હેર્સેસિડે" કહે છે. આ પ્રમાણે ઘણા જુદા જુદા નામ આપવામાં આવે છે."

"મુલહિત નામની સમજણ. (રામુશીઆમાં છે તેમ) મુલહિત એ નામનો અર્થ અરબીમાં "ખરા ધર્મથી આડી રીતે જનારાઓનું રહેઠાણ" એમ થાય છે. અરબીમાં "મુલહિદ" જેનું બહુવચન "મુલહિદા" છે. જે બોલનું ઇરાની તવારીખમાં ઉપલી કોમને નામ આપવામાં આવ્યું છે. અને હજુ સુધી ઇસમાઇલીને લગતા થોડા

ફીરકાઓ જેવા કે "દરૂશીશ" "નુસેરી" માટે સુન્ની અરબો એ નામ આપે છે."

"તબકે નાસરી" નો લખનાર અલમોતના કીલ્લાને "મુલાહિદ તલમોત એટલે મોતના મુલાહિદ એટલે ધર્મથી આડે રસ્તે જનાર એમ કહે છે."

"વાટ એ ડાયરડેસ અરામ" એક જી. ટેકસ્ટનું વાકય જે અમે જાળવી રાખ્યું છે તેનો તરજુમો અમે કર્યો છે તે પ્રમાણે રાખવો જોઇએ. હું ધારૂં છું કે મારકોએ એક પુર્વ તરફનું નામ અથવા શબ્દ સમજાવવાને બીજો અજાણતાં વાપર્યો છે. કારણ કે "દુષ્ટ" "પાપી" ના અર્થમાં "હરામ" ને બદલે અરામ વપરાર્યો છે, એ સમજાવવું શકય જણાય છે."

"પોથિઅર્સના પુસ્તકમાં :"ડેસઆરામ" (ફ્રેન્ચ ભાષાનો શબ્દ) ને બદલે "પૃથ્વી ઉપરના ઇશ્વર" એવા અર્થવાળા શબ્દો "વેલ્ટ ડાયર એન ફરેકો ઇસ ડીક્ષ ટેરિયન વપરાયલા માલુમ પડે છે. પહેલાના શબ્દો સમજી શકાય તેવા નથી, તેમ જાણવાથી પ્રથમના અસ્પષ્ટ શબ્દો સમજી શકાય તેવા નથી, વળી પ્રથમના સ્પષ્ટ શબ્દોને બદલે તેને દાખલ કરવામાં આવ્યા હોય તેમ લાગે છે. નવો શબ્દ સમુહ ખરેખર "મુલાહિદા" નો અર્થ બતાવતો નથી. પણ ચાલતા સંપ્રદાયથી વિરૂદ્ધ મતની મુખ્ય ખુબી બતાવે છે. આ સુધારો ઘણું કરીને માર્કોપોલોએ કર્યો હોય તેમ જણાય છે. કારણ કે તે ખરેખર ઘણા વખત અગાઉ કરવામાં આવ્યો છે.

"ખાનીકાફ" અને તે પહેલાં "મુલહિત" એ અલમોતપરથી નામ નીકળેલું છે, એમ જે. આર. ફોરેસ્ટર માને છે, પણ મુલહિતનું

મળતાપણું "મુલહિત" અથવા "મુલાહિદા" ને વધારે મળતું છે. આરમિનીયન તવારીખમાં ઇસમાઇલી દેશને "મુલહિત" એ નામ આપેલું છે. અને "રબી બેનજામીને" બારમી સદીમાં અને "રૂબરૂકી" એ તેરમી સદીમાં "મુલહિત" એ પ્રમાણે બોલ તેવી રીતે લાગુ પાડયો છે. હલાકુના હુમલાના ચીનાઈ વર્ણનમાં તેને મુલહિદનું રાજ્ય કહેવામાં આવ્યું છે."

## ૨૫ હલાકુની સવારીના ચાઈનીઝ વર્ણનનો ઉતારો

" જેરૂસલમની યાત્રાએ જનારાઓએ "જબ્લલેબેનાન" પહાડની ઉતરે આવેલા પહાડોમાં વસનાર કોમની શાખાના સરદારને " પહાડનો ઘરડો પુરૂષ " એ નામ આપ્યું છે. જે અરબીમાંથી " શેખુલ જબલ " બોલનો તરજુમો છે. પણ હામરના લખવા પ્રમાણે અલમોતના શેહન્શાહને જે પોતાને સુલતાન મલેક કે, અમીર કંઇ નથી કહેવડાવતો તેનું નામ છે એમજ હોય એમ લાગે છે. કારણ તેના દેશને " બિલદુલ જબલ " એમ કહેતા હતા "

## ૨૬ પહાડી ઘરડો પુરૂષ પોતાના એસેસિનોને કેવી રીતે કેળવતો ?

( પ્રકરણ ૨૪ પૃષ્ટ ૧૪૨–૧૪૪–૧૪૫ )

" આ ઘરડો પુરૂષ પોતાના ચેલાઓને એમ કેળવતો કે જ્યારે તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એવી ખુશનુમા જગ્યામાં જોતા કે, તેઓ ધારતાકે, ખરેખર તેઓ જન્નતમાં છે. અને પછી તે બાનુઓ અને છોકરીઓ તેઓને જીવ ભરાય એવી રીતનો તેઓ સાથે પ્યાર કરતી. જુવાન પુરૂષ જે કંઇ માગે તે તેઓના માટે ત્યાં હતું. તેઓ પોતાની મરજીથી તે જગ્યા કદી પણ છોડતે નહિ એવી હતી. હવે

આ શાહજાદો જેને આપણે ઘરડો પુરૂષ કહીએ છીએ તે પોતાનો દરબાર દબદબા ભરેલી અને ઉંચી રીતે રાખતો હતો. અને ભોળા લોકો જેઓ તેની આસપાસ રહેતા તેઓને એમ મનાવતો કે, હું મોટો નબી છું, જ્યારે પોતાના એસેસીનમાંથી કોઇને કાંઈ કામે મોકલવા ચાહતો ત્યારે ઉપર કહ્યા પ્રમાણે તેને પીવાનું આપતો. પછી તેને પોતાના મેહેલમાં લઇ જવા હુકમ કરતો અને પછી જ્યારે તે જુવાન પુરૂષ ઉઠતો ત્યારે તે બગીચામાં નહિ, પણ તે કીલ્લામાં પોતાને જોતો. જે જોઇ તે નાખુશ થતો. પછી તેને તે ઘરડા પુરૂષની હજુરમાં લઇ જતા અને પોતે જાણે એક નબીની હજુરમાં હોય તેમ ઘણાજ માન સાથે જુકીને સલામ કરતો, પછી તે ઘરડો પુરૂષ તેને પુછતો કે, તું ક્યાંથી આવ્યો ? તે કહેતો કે, હું જન્નતમાંથી આવ્યો. તે જન્નત જેવી હજરત મહમદ ન બીએ પોતાના કાયદાની બુકમાં લખી તેવીજ હતી. જેથી જે લોકો તે વખત આસપાસ ઉભેલા હોય ને જેમને દાખલ કરવામાં નહિ આવ્યા હોય તેઓને તેમાં દાખલ થવાની ઘણીજ ખાહેશ થતી. ”

“ પછી તે ઘરડા પુરૂષને જ્યારે કોઇને મરાવી નાંખવો હોય ત્યારે તેવા એક જુવાનને કહેતો કે, ફલાણા ફલાણાને જઇ મારી નાખ ને જ્યારે તું પાછો આવશે ત્યારે મારા ફીરશતા તને જન્નતમાં લઇ જશે ને તુ જો મરી જશે તો પણ મારા ફીરસ્તાને હું કહીશ તો તને જન્નતમાં લઇ જશે. આ પ્રમાણે તેમને મનાવતો અને તેઓને પછી તે જન્નતમાં જવાની એવી મોટી ખાહેશ રહેતી કે, ગમે તેવો હુકમ તે કરવા સારૂ પોતાની જાન જોખમમાં નાંખવા અચકાતા નહિ. એ પ્રમાણે જેને ચાહતો તેને તે ઘરડો પુરૂષ મારી

નંખાવતો અને રાજાઓના પેટમાં બીક ઉપજાવતો, જેથી તેઓ તેના ખંડણી આપનાર થઇ જતા. અને પછી સલાહ અને દોસ્તી સાથ તેઓ ઘરડા પુરૂષ સાથ વર્તતા. ”

“ મારે કહેવું જોઇએ કે, તે ઘરડા પુરૂષના હાથ હેઠળ બાગ્ન હતા. જેઓ તેના કામની નકલ કરતા અને તેજ પ્રમાણે ચાલતા. એઓમાંના એકને દમાસ્કસ અને બીજાને કુર્દસ્તાનમાં મોકલી આપ્યા. ”

ટીપ ૧. “ જો કે આ વાત નવાઇ જેવી છે, તો પણ એમ જણાય છે કે આવીજ વાત પુર્વ તરફના દેશોમાં બધે પ્રચલિત હતી. ઓડોરિકે તે વાત લંબાઇથી વર્ણવી છે. તેથી જરા ટુંકમાં એક ચીના મુસાફરે કહી છે. અને તે વાત અરબી ભાષા ઉપરથી હોમરે માઇન્ટ ડી. ઓરીયંટ નામના પુસ્તકમાં કહી છે. ”

## ૨૭ ચીના મુસાફરના વર્ણનને ઉતારો.

“ મુલાહિદ દેશના સિપાઇઓ તે પક્કા લુટારા છે. જ્યારે તેઓ કોઇ પણ વ્યસની જુવાની પુરૂષને જુએ છે. ત્યારે તેને ફાયદા અથવા લાભની લાલચથી લલચાવે છે તેને એટલી હદ સુધી લલચાવે છે ને ઉશ્કેરે છે કે તે પોતાના હાથથી પોતાના મોટાભાઇ કે પોતાના બાપને મારી નાખવા તેને કહેવામાં આવે તો મારી નાંખવા તૈયાર થાય, એવી હદપર જ્યારે તે પહોંચે ત્યારે તેને કેફ પીવરાવી પીધેલો બનાવી તે હાલતમાં તેને એકાંતની આરામની જગ્યામાં લઇ જાય છે. જ્યાં તેને મધુર ગાયન અને ખુબસુરત સ્ત્રીઓથી ચકચુર કરવામાં આવે છે. કેટલાક દીવસ સુધી તેની બધી ઇચ્છા પુરી પાડવામાં આવે છે. અને પછી જ્યારે તે ઉંઘમાં હોય ત્યારે તેની આગલી જગ્યાપર લઇ જવામાં આવે છે. જ્યારે તે જાગે છે ત્યારે તેને પુછવામાં આવે

છે કે, જો તે ખુની થાય તો તેને તેજ સુખથી બદલો આપવામાં આવે. પછી ધર્મ પુસ્તકો અને બંદગી તેને શીખવી એવો ગરમ કરવામાં અને જોસમાં લઇ આવવામાં આવે છે કે કંઇપણ કાર્ય તેને કરવાનો હુકમ કરવામાં આવે તો તે બજાવવા માટે દીલગીર થયા વગર કે મોતથી બીધા વગર તે બજાવે છે. ”

“ ક્રુઝેડર લોકોનો એક ઇતિહાસકાર જણાવે છે કે તે જાતીનું મથક ઇરાનમાં હતું એ વાત ખરી પણ સીરિયાનો હાકેમજ માત્ર તેમને પરિચિત હતો અને તેને વિષે વિલિયમ ડી. નાનજીર્સ નિચે પ્રમાણે જણાવે છે:—

“ દુરના અને નજીકના બંન્ને આરબ લોકો અને ખ્રીસ્તી લોકો તેનાથી બહુ ડરતા હતા. કારણ કે તે બંન્ને વર્ગના ગમે તે રાજાઓને પોતાના દુતોની મારફત મરાવી નાખતો. કારણ કે પોતાના રાજમહેલમાં પોતાના દેશના યુવાનોને ઉછેરતો અને પછી તે તેમને ઘણી ભાષાઓ અને ખાસ કરીને તેઓના ઇશ્વરથી બીહવાને અને મરણના જોખમે પણ તેના હુકમ માનવાને શીખવતો અને તેમને કહેતો કે આવી વર્તણુક સ્વર્ગના આનંદ ભોગવવાનું દ્વાર થઇ પડશે અને જે કોઇ આ પ્રમાણે પોતાના ઇશ્વરના હુકમને અમલમાં લાવતાં મરણ પામશે તો તે ફીરીસ્તા તરીકે પુજાશે. ફીદાઇ અથવા શેખના આસ્તીક શિષ્યો તેને (શેખને) ખરા ભાવથી તાબે થતા તેના દાખલા તરીકે ફ્રેપિનો અને મરીનો સાનુન્ટો જણાવે છે કે શેમ્પેનનો અમીર હેનરી ( જેરૂસલમનો નામનો રાજા ) સિરિયાના ઘરડા પુરૂષની મુલાકાતે આવ્યો એક દિવસે જ્યારે તેઓ સાથે ફરતા હતા, ત્યારે તેઓએ કેટલાક સફેદ પોશાકવાળા છોકરાઓને એક ઉંચા મિનારાપર બેઠેલા જોયા. શેખે અમીર તરફ ફરીને તેને પુછ્યું “ મારે આજ્ઞાંકિત પ્રજા

છે તેવી આજ્ઞાંકિત પ્રજા તમારે છે ? ” અને અમીરને જવાબ આપવાનો અવકાશ આપ્યા પહેલાં તેણે બે છોકરાઓને કાંઈ નિશાની કીધી અને તુરતજ તેઓ તે ઉંચા મિનારાપરથી કુદી પડયા અને તુરતજ ત્યાં મરણ પામ્યા. ”

“ જ્યારે ફ્રેડરિક બાદશાહ વેઉલબોની મુલાકાતે ગયો હતો ત્યારે આમજ બન્યું હતું. તે વાત સેન્ટો નોવેલો એન્ટીએમાં કહેવામાં આવી છે. અને બોડિન ડિ. સેબોરો નામની નવલકથામાં તેજ પ્રમાણે તેને દાખલ કરવામાં આવી છે. ”

“ મહાન પીટર વિષે પણ ધીમે ધીમે તેવી વાત બોલાવી લાગી છે. એમ કહેવામાં આવે છે કે કોપનહેગનમાં રાઉન્ડ ટાવર ( ગોળ મિનારો ) ના મથાળા ઉપર તે અને ડેન્માર્કનો રાજા ઉભો હતો તે સિપાઇને કુદી પડવાનો હુકમ કરીને તેણે તેને ( ડેન્માર્કના રાજાને ) પોતાની પ્રજાનું આજ્ઞાંકિતપણું બતાવ્યું હતું ”

“ સીરીઆ અથવા ઇરાનના ઇસમાઇલી દુતોએ જે સૌથી વધારે જાણવા લાયક પુરૂષોના ખુન કર્યા અથવા તેમના ખુન કરવાની કોશીસ કરેલી કહેવાય છે તે નીચે પ્રમાણે છે.

ઇ० સ० ૧૦૯૨ માં ઇરાનના પાદશાહ શાહ સલજુકિનના સત્તાવાન દિવાન નિઝામ ઉલ—મુલ્કનું પ્રથમ અને જરા પછીથી તેના બે દીકરાનું ખુન કરવામાં આવ્યું હતું. ઇ० સ० ૧૧૦૨ માં હોમઝ શહેરના બાદશાહનું તેની મુખ્ય મસજીદમાં ખુન કરવામાં આવ્યું હતું. ઇ० સ० ૧૧૧૩ માં ડમાસકસની મુખ્ય મસજીદમાં મુસલના રાજા મોઉદુદીનનું ખુન કરવામાં આવ્યું હતું. આશરે ઇ.સ.૧૧૧૪ માં સુલતાન સંજરશાહના વજીર અબ્દુલ મુઝફરઅલીનું અને સંજરશાહના

બાપના કાકાનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૧૬ માં બગદાદ શહેરમાં મરાધાના બાદશાહનું ઈરાનના સુલતાન મહંમદની સમક્ષ ખુન કરવામાં આવ્યુ હતું. ઈ૦ સ૦ ૧૧૨૧ માં કેરોમાં મીસરના બળવાન વજીર અમીર અબદુલનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૨૬ માં મુસલની મોટી મસજીદમાં મોસલ અને અલેપ્પોના રાજા કાસમ એકસોકોંટનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૨૭ માં ઇરાનના બાદશાહ સંજરશાહના વજીર મોઇનુદ્દીનનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૨૯ માં મીસરના ખલીફ આમીર બીલ્લાનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૩૧માં ડુમાસકસના રાજા તાજુલ મુલ્કબરીનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૩૪ માં શમશુલ મુલ્ક અને તેના દીકરાનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૩૫ થી ૧૧૩૮ સુધીમાં ખલીફ મુસ્તરશીદ, દાઉદ અને આઝરબેજાનના રાજા સેલજુકીયાના ખુન કરવામાં આવ્યાં હતાં. ઈ૦ સ૦ ૧૧૪૯ માં ત્રીપોલીના કાઉન્ટ રેમાન્ડ અને ઈ૦ સ૦ ૧૧૯૧માં આઝરબેજાનના રાજા કીઝીલ આરાઝલેનનું ખુન કરવામાં આવ્યું હતું. ઈ૦ સ૦ ૧૧૯૨ માં જેરૂસલેમના રાજા કોનરાડ ઑફ મોન્ટ ફેરેટનું ખુન કરવામાં આવ્યું હતું. રીચર્ડ રાજાએ આ ખુન કરાવ્યાનું કહેવાય છે. ઈ૦ સ૦ ૧૨૧૭ માં હમદાનના રાજા આઘલમીસનું ખુન કરવામાં આવ્યું હતું.

“અને ઈ૦ સ૦ ૧૧૭૪ અને ૧૧૭૬ માં મહાન સલાહુદ્દીનને ઈ૦ સ૦ ૧૧૭૧ માં બગદાદના સુબા અને મુગલ લોકોના ઈતિહાસકાર અલાઉદ્દીન જુવેનીને અને ઈ૦ સ૦ ૧૧૭૨ માં ઇંગ્લાંડના રાજા એડવર્ડને મારવાની કોશીશ કરી હતી.”

"પાછળના વર્ષોમાં ફીદાઇ લોકો પૈસાની ખાતર (બાહુતી) મારાઓનું કામ કરતા એમ જણાય છે. બિબર્સ પોતાના દરબારના એક કાગળમાં જ્યારે જરૂર પડે ત્યારે તેમને કામે લગાડવાનો અહં-કાર કરે છે. એક મુસલમાન ગ્રંથકર્તા એડવર્ડ રાજાને મારી નાખવાની કોશીશ બિબર્સે કરાવી હતી તેમ કહે છે."

**ટીપ**—૨ "હેમર અલમોતના શેખ અથવા મોટા હાકેમના હાથ નીચેના મુખ્ય માણસોને "મોટા ઉપ ધર્મગુરૂઓ" એવું નામ આપે છે અને તેના માનવા પ્રમાણે તેઓમાંનો એક સીરીઆનો રાજા હતો. એક ઇરાનની પુર્વમાં કાહીસ્તાનમાં રહેતો હતો. પણ કુર્દીસ્તાનમાં કોઇ રહેતો હતો કે નહિ તે વિષે હેમર કાંઇ કહેતો નથી"

"કર્નલ મોન્ટેથ કાંઇ પુરાવો અથવા વિગત આપ્યા સિવાય કહે છે કે એસેસિનમાંની કેટલીક ટોળીઓ, સીરીઆ, કુર્દિસ્તાનમાં, (માન સરોવરની પાસેનો પ્રદેશ) અને એશીઆ માઇનરમાં સઘળે ઠેકાણે છુટી છુટી ફેલાઇ ગઇ હતી અને સઘળા અલમોતમાં રહેનારા હાકેમને સૌથી મોટા રાજા એટલે ઇમામ તરીકે ગણતા હતા. એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે માર્કોપોલો પછી ત્રીશ વર્ષે થયલા ઓએડોરિસ કહે છે કે તે ઘરડો પુરૂષ માનસરોવરની ઉત્તરે મેલેસજીર્દમાં રહેતો હતો."

## ૨૮. તે ઘરડા પુરૂષનો નાશ કેવી રીતે થયો?

(પુસ્તક ૧ લું પ્રકરણ ૨૫ મું. પાન ૧૪૫ થી ૧૪૮)

"હવે ઇ૦ સ૦ ૧૨૫૧ માં એવું બન્યું કે લીવંટના તાતાર લોકોના રાજા અલ્લાઉએ તે ઘરડા પુરૂષના મોટા ગુન્હાઓ વિષે સાંભળ્યું અને તેનો નાશ કરવાનો નિશ્ચય કર્યો તેથી તેણે પોતાના

એક અમીરને એક મોટા સૈન્ય સાથે તે કિલ્લા તરફ મોકલ્યો અને તેઓએ ત્રણ વર્ષ સુધી તેનાપર ઘેરો ચાલુ રાખ્યો પણ તે એટલો બધો મજબુત હતો કે તેઓ તેને લઇ શકયા નહિ અને જો તેમને તેની અંદર પુરતો ખોરાક હોત તો તેઓ ખરેખર તેને કદી લઇ શકત નહિ પણ ત્રણ વર્ષ લગી ઘેરો ચાલુ રહ્યો તે પછી કીલ્લાની અંદર ખોરાક ખુટયો. અને તેથી તેઓ તે કીલ્લો લઇ શકયા. તે ઘરડો પુરૂષ તથા તેના સઘળા માણસોને મારી નાખવામાં આવ્યા કીલ્લા તથા તેની સાથે તેના સ્વર્ગના બાગને જમીનદોસ્ત કરવામાં આવ્યો અને તે વખત પછી તેના જેવો કોઇ પુરૂષ થયો નથી અને તેથી તેની બધી દુષ્ટતાનો અંત આવ્યો."

ટીપ—૧ "પોથિયરેજી ટેક્સટમાં ઇ૦ સ૦ ૧૨૪૨ અને રામુશીઆએ ઇ૦ સ૦ ૧૨૬૨ નું વર્ષ આપ્યું છે. આ બે માહેની એક તારીખ ખરી નથી અને ખરેખર માર્કોપોલાએ એ નાસની પહેલી તારીખ આપવાનું દુરસ્ત ધાર્યું નહિ હોય."

"પોતે ઇ૦ સ૦ ૧૨૫૧ માં ગાદીએ બેઠા પછી મોટા કુરૂલતાઇ અથવા રાજ્ય સભામાં માકુલખાંએ મુગલ લોકોએ મેળવેલી જીતોને પુર્ણતાએ પહોંચાડવાનો નિશ્ચય કર્યો. ચીન અને તેની આસપાસના મુલકને પુર્ણ રીતે તાબે કરવાનું કામ પોતાના ભાઇ કુબ્લાઇને સોંપ્યું. અને ઇરાન તથા સીરીઆ જીતવાને તૈયાર કરેલા લસ્કરનું સેનાધિપણું તેના ભાઇ હલાકુને આપ્યું. ઇરાનમાં પ્રથમ આવેલા મુગલ અમલદારો તરફથી ઇસમાઇલી લોકો સંબંધે ફરીયાદ થવાથી તેણે તેમને વશ કરવાનું કામ શરૂ કરવાનો નિશ્ચય કર્યો. અને હલાકુખાન ઇ૦ સ૦ ૧૨૫૨ ના ફેબ્રુઆરીમાં કારાકોરમથી નીકળ્યો, ને ઘણી સાવચેતીથી

આગળ વધ્યો અને ઇ૦ સ૦ ૧૨૫૬ ના જાન્યુઆરી સુધીમાં ઓક્સસ નદીને ઓળંગવામાં આવી નહતી. પણ કીતબુકે નામના એક અમીરની સરદારી નીચે એક લશ્કર ઘણા વખતથી આગળ મોકલ્યું હતું અને ઇ. સ. ૧૨૫૩ માં તે લશ્કર ઇસ્માઇલી લોકોના કિલ્લાઓ ઉપર ઘેરા ઘાલવામાં ઉત્સાહથી કામે લાગ્યું હતું. ઇ. સ. ૧૨૫૫ માં વિગ્રહ જારી હતો તે દરમ્યાન એસેસિનના ગાદીનશીન રાજા અલાઉદ્દીન મહંમદનું (માર્કોપોલોએ તેનું નામ અલ્લાઉદ્દીન આપેલું છે.) ખુન તેના દીકરા રૂકનુદીન ખુરશાહે કરાવ્યું અને પછી રૂકનુદીન ગાદી ઉપર બેઠો. એક વર્ષ પછી (ઇ. સ. ૧૨૫૬ ના નવેમ્બરમાં) રૂકનુદીન હલાકુને શરણે આવ્યો. (બ્રેટ શ્નોડર કહે છે કે અલમોતનો કીલ્લો હલાકુએ તા૦ ૨૦-૧૨-૧૨૫૬ માં લીધો હતો.) શરણે થયલા કીલ્લાઓની સંખ્યા ૧૦૦ ની હતી. અને તે બધા કીલ્લાઓની અંદર ખોરાક અને તોપો વગેરે લડાયક યંત્રો સારી રીતે ભરી રાખવામાં આવ્યા હતા. પણ લામસ્તર અને ગિરદકુ નામના બે કીલ્લા શરણે થયા નહિ. આમાનો પહેલો કીલ્લો એક વર્ષ પછી શરણે થયો. અને અને બીજો ૨૦ વર્ષ સુધી ટકી રહ્યો હોય તેમ કહેવામાં આવે છે. પણ ખરેખર તે ૧૪ વર્ષ એટલે ઇ. સ. ૧૨૭૦ ના ડીસેમ્બર સુધી ટકી રહ્યો હોય તેમ જણાય છે. રૂકનુદીન તરફ હલાકુ સારી રીતે વર્ત્યો અને તેણે તેને માન સાથે ખાન પાસે મોકલાવી આપ્યો તેનું મરણ કેવી રીતે થયું તે વિષે જુદી જુદી વાત કહેવાય છે પણ રશીદુદીનના મત પ્રમાણે સૌથી વધારે પ્રચલીત હકીકત નીચે પ્રમાણે છે"

"જ્યારે મનકુખાને સાંભળ્યું કે તે પોતાના શહેરની નજીક આવી પહોંચ્યો છે. ત્યારે તેમણે કહેવડાવી મોકલ્યું કે તેને અહીં લાવ-

વવાને મારા ઘોડાઓને શા માટે થાક સહન કરવો જોઇએ, અને પછી તેણે રૂકનુદીનને વાટમાંજ મારી નાખવાને માણસો મોકલ્યાં. અલમોત સામે થવાના મોટા પ્રયત્ન સિવાય શરણે થયું હતું. તે જાતીના કેટલાક બચેલા માણસોએ ફરીથી તેને ઇ. સ. ૧૨૭૫-૭૬ માં કબજે કર્યું અને થોડા વખત સુધી તેને કબજામાં રાખ્યું. છેવટે તે રાજ્યનો અંત આવ્યો, તોપણ તે જાતિ છુટી છુટી પડી ગએલી તથા બહાર પડતી નહિ તેવી સ્થીતીમાં રહી."

"હલાકુની આ ચડાઇનું ચીના વૃતાંત રામુસાન્ટેના નોવો મેલેજીઝમાં અને પાથિયરની કયુ. આર. પ્રસ્તાવનામાં માલુમ પડે છે. ડા. ઇ. એ તેનું નવું અને પુર્ણ ભાષાન્તર આપ્યું છે."

અલમોતના ખડક વિષે અને તેના ઉપરના વસવાટ સંબંધી ઘણીજ ઝાંખી નીશાનીઓ વિષે કર્નલ મોન્ટીથે જે. આર. જી. એસ. ના ત્રીજા પુસ્તકના ૧૫ માં પાનામાં અને સર જસ્ટીન શીલે આઠમાં વોલ્યુમના ૪૩૧ માં પાનામાં કાંઇ હકીકત આપેલ છે. શેખનું સ્વર્ગ અલમોતમાં હતું. તેના વિષે કાંઇ ખાસ પુરાવો જણાતો નથી અને હલાકુએ નાશ કરેલો મુલાહિદાનો એક બીજો કીલ્લો "ફીરદોસ" એટલે સ્વર્ગ કહેવાતો હતો. તે વાત ઉપર આપણે બહુ આધાર ન રાખીએ તોપણ તે જાણવા જેવી વાત છે. માર્કોપોલો જે રસ્તે થઇને જતો હતો તે રસ્તાથી દુર આવેલા અલમોતની તેણે મુલાકાત લીધી હોય તેમ ધારવાનું કાંઇપણ કારણ કોઈ રીતે હું જોઇ શકતો નથી."

"જે કીલ્લા વિષે તે બીજા પ્રકરણની શરૂઆતમાં ઇશારો કરે છે અને જેને માટે તેણે પોતાનો માર્ગ છોડી જુદો માર્ગ લીધો હતો. તે ગિર્દકુ હતો તે સંભવિત છે મારી જાણ પ્રમાણે અર્વાચિન મુસાફરોએ તે કીલ્લો કયો છે તે નક્કી કર્યું નથી. પણ તે દામઘાનથી

(પશ્ચિમે અથવા વાવ્ય કોણમાં) ૧૦ અથવા ૧૨ માઇલ છેટે હતો. તે ઘણું કરીને હોટેનનો ટિગાદો છે. અને તે વિષે તે નિચે પ્રમાણે લખે છે."

"એસેસિન લોકોનો ટિગાદો નામનો એક અજીત કીલ્લો હતો. તેની અંદર બધી જરૂરની ચીજો ભરેલી હતી. અને તે એટલો મજબુત હતો કે કોઇ પણ બાજુથી તેના ઉપર હુમલો કરવામાં આવશે તેવી બીક નહોતી. તો પણ હલુને પોતાના એક સરદારને ઇરાનમાં રહેલા ૧૦૦૦૦ તાતારોને લઇને તે કીલ્લા ઉપર ઘેરો ઘાલવાનો અને તેને લીધા સિવાય ન છોડવાનો હુકમ કર્યો હતો. તેથી તાતારી લોકોએ ઉનાળો અને શીયાળો એ બન્ને રૂતુમાં સાત વર્ષ સુધી તેના ઉપર ઘેરો ચાલુ રાખ્યો પણ તેઓ તે લઈ શક્યા નહિ. છેવટે એસેસિન લોકો ખોરાક અથવા બીજી જરૂરની તંગીને લીધે નહિ, પણ કપડાની તંગીને લીધે શરણે થયા રામુશીઓ આમ બતાવે છે. પણ બીજી નકલો ર૭ વર્ષ કહે છે. ગિરદકુ અસાધારણ લાંબા તખત સુધી ટકી રહ્યો હતો એમ જે કહેવાય છે તે વાતને ગમે તેમ હોય તો પણ ઉપરની વાત ટેકો આપે છે. આ કીલ્લો ઇ. સ. ૧૨૭૦ માં શરણે થયો એમ જે રશીદુદીન કહે છે તે ખરૂં હોય તો પોલોની પારટી મુસાફરી કરતી હતી અને તે જગ્યા તરફ ખાસ ધ્યાન તેણે ખેચ્યું તે વખતથી ઇ. સ. ૧૨૭૦ ની સાલ ઘણી દુરની નથી. જહાંનનુમાઆંથી મેં એક નોંધ કરી છે તે ગિર્દકુને ઇનાર પ્રાંતમાં છે એમ બતાવે છે, આ આર્ચેસેકનું મુળ હોય પણ આમ માનવામાં મુશ્કેલીઓ છે. "ગિર્દકુ" નો ગોળપર્વત એવો અર્થ થાય છે. તે દામઘાનની પશ્ચિમે ત્રણ ફરસંગ છેટે કિમ્સ પ્રગણામાં હતો. વુઆનિશ કહે છે કે ઇ. સ. ૧૨૫૭ માં કીડિ બુહુઆએ ગિર્દકુનો કીલ્લો લીધો હતો."

## ૨૯ તઝકેરે દોલતશાહી નામના ફારસી ગ્રંથ પરથી.

( પ્રકરણ ત્રીજું પૃષ્ટ ૫૪–૫૫ )

જ્યારે ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્કનું કીસમત ખુલતાં તેને સુલતાન મલકશાહે પોતાના રાજ્યના વડા વઝીરની પદવી આપી. ત્યારે હસન સબ્બાહ તથા ઉમર ખૈયામે તેની નોકરીમાં જોડાઇ ઇસફહાન જવાનો ઇરાદો કર્યો. તેઓ બન્નેએ ખ્વાજાની મુલાકાત લેતાં ખ્વાજા તેમના તરફ બહુજ સન્માનથી વર્ત્યો. અને તેમને ન્યામતોથી સરફરાજ કીધા. કેટલાક દિવસો પછી તેમને તેમની ઇચ્છા પુછતાં ઉમર ખૈયામે જણાવ્યું કે મારા ગુજરાન માટે નેશાપુર શહેરમાં વઝીફો મુકરર કરી આપવો કે જેથી હું રોઝી માટે નચીન્ત થઇ જાઉં. ખ્વાજાએ ઉમરની માગણી મુજબ ગોઠવણ કરી આપી. ત્યારબાદ હસન સબ્બાહને પુછતાં તેણે જણાવ્યું કે મારી ઇચ્છા દુનિયાદારી મેળવવાની છે. ખ્વાજાએ તેના નામપર હમદાન તથા દેનુર પરગણાની સુબાગીરીનો હુકમ લખી આપ્યો. હસનની ખાસ અંતઃકરણની ઇચ્છા એવી હતી કે ખ્વાજા મને ખાસ વઝીરાતનું કામ સુપ્રત કરે. પણ ખ્વાજાએ તેમ કરવાને ના પાડતાં હસન તેનાપર ગુસ્સે થઇ ગયો. અને અહીંથી પાછો ચાલ્યો જવાની માગણી કીધી. તેમજ સુલતાન મલકશાહના દરબારમાં પોતાની લાગવગ પેદા કરવા તથા પોતા માટેની વાત દરબારમાં નીકળે તે માટે સુલતાનના અમીરો સાથે સંબંધ વધારવા માંડયો. એક દીવસે તેણે જણાવ્યું કે જ્યારે બાદશાહ બાદશાહી કરે છે ત્યારે તેનાપર લાઝીમ છે કે રાજ્યની આમદાની અને ખર્ચનો હિસાબ રાખે, તેમજ રાજ્ય વ્યવસ્થા મજબુત કરવા તથા ઉપજ વધારવામાં મશગુલ રહે. બાદશાહે ખ્વાજા–નિઝામ–ઉલ–મુલ્કને બોલાવી પુછયું

કે રાજ્યના ઉપજ ખર્ચની યાદી તમો કેટલી મુદતમાં તૈયાર કરી શકો છો ? ખ્વાજાએ જવાબ આપ્યો કે બાદશાહના ચળકતા ભાગ્યોદયથી આજેજ કરી શકું છું. કાશગરથી લઇ રૂમ અને અંતાકીયા સુધીની યાદી બહુજ કોશીશ કરૂં તો એક વર્ષમાં આ કામને પુર્ણ કરી શકું છું. બીજી રાત્રીએ હસને સુલતાનને કહ્યું કે જો સુલતાન આ કામ મને સુપ્રત કરે, અને મને પુરતી મદદ કરે તો આ જમાબંદીની યાદી ફકત ચાલીસ દીવસમાં પુર્ણ તૈયાર કરી સુલતાનના રૂબરૂ રજુ કરૂં. સુલતાને અમીરોની સલાહ લઇ આ કામ હસનને સુપ્રત કીધું અને હુકમ બહાર પાડયો કે સઘળા રેવન્યુ કારકુનો અને વડાઓએ જમાબંદીની યાદીમાં હસનને મદદ આપવી. હસન આ કામ હાથમાં લઇ દફતરી કામોમાં મશગુલ થયો અને ચાલીસ દિવસમાં હજુ કેટલાક દહાડા ઓછા હતા તેટલામાં કામ પુર્ણ કરી લીધું. હવે ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્કને જણાઇ ગયું કે આ સઘળું કામ હસનના હાથે તૈયાર થઇ જશે. તેથી પોતાના એક વિશ્વાસુ રસોઇઆને હુકમ કીધો કે તું પ્રથમ હસનના ગુલામ સાથે દોસ્તી પેદા કર અને ઘણા રૂપીઆ તેને ભેટ સોગાદ કર. આ જો હસન ચાલીસમે દહાડે જમાબંદીની યાદી તૈયાર કરી લેતો હસન તથા હું સુલતાનના દરબારમાં સાથે જઇશું ત્યારે તું હસનના ગુલામને કહેજે કે હું ચાહું છું કે તારા માલીકનું દફતર જોઉં કે તે કેવી રીતે લખ્યું છે. અને હું જાણું કે મારા માલીકનું દફતર સારૂં છે કે તારા દફતર જ્યારે તારા હાથમાં આવે ત્યારે બહાનું કહાડી તેના ટુકડે ટુકડા કરી નાખજે. અને તે ટુકડા આમ તેમ ઉડાવી આપજે. આવી ગોઠવણી મુજબ ચાલીસમા દીવસે ખ્વાજાના ગુલામે હસનના દફતરને ફાડી નાખી આમ તેમ ફેંકી દીધું. આમ થવા પહેલા હસન તથા

ખ્વાજા સુલતાનના દરબારમાં રવાના થઇ ગયા હતા. સુલતાને હસનને પુછયું કે શું દફતર તૈયાર થઈ ગયું ? હસને જવાબ આપ્યો કે જી હાં દફતર તૈયાર થઇ ગયું છે. સુલતાને હુકમ કીધો કે દફતર અમારા હજુરમાં રજુ કરી આપો. જ્યારે હસને સુલતાન પાસે દફતર રાખ્યું ત્યારે સુલતાને પૃષ્ટો ઉલટાવી જણાવ્યું કે આતો રૂમનો વરક છે. હસન તુરતજ સમજી ગયો કે ખ્વાજા–નિઝામ–ઉલ–મુલ્કે દગલબાજી કીધી છે. હસન ચિન્તામાં પડી ગયો અને તેના હાથ પગ થરથરવા લાગ્યા. અને રજુ થએલું દફતર જલદીથી ઉપાડી લીધું. પ્રસંગ જોઇ નિઝામ–ઉલ મુલ્કે બાદશાહને જણાવ્યું કે હું તો હજુરને પ્રથમજ અરજ કરી ચુકયો છું કે હસન એક દીવાનો માણસ છે. બાદશાહનું વલણ પોતા તરફ જોઇ તેણે વિશેષ જણાવ્યું કે આવડા મોટા મુલકની ઉપજ ખર્ચની યાદી ચાલીસ દિવસમાં કેવી રીતે તૈયાર થઇ શકે છે ? સઘળા દરબારીઓએ ખ્વાજાની વાત પસંદ કીધી અને ખ્વાજાના વખાણ કીધાં. ”

સુલતાને હુકમ ફરમાવ્યો કે હસનને મુશકેટાટ બાંધી અમારા દરબારમાંથી બહાર હાંકી કહાડો. હસન છુપી રીતે ઇસફહાનમાં એક ઘેરથી બીજે ઘેર ભટકતો હતો. છેવટે અબુલ ફઝલ નામના રઇસ મિત્રને ઘેર જઇ છુપાયો. રઇસે તેની ઘણી ખાતર તવાજો કીધી. હસને ખ્વાજા નિઝામ–ઉલ–મુલ્કની દગલબાજીની સઘળી હકીકત રઇસને જણાવી આપી. એક રાત્રીએ હસને રઇસને કહ્યું કે મને મદદ મળે તો આ ગામડીઆ તુર્ક અને ગમાર વજીરને બરબાદ કરી નાખું. રઇસે વિચાર્યું કે કાશગરથી મીસર સુધીનું સુલતાનનું રાજ્ય. એક માણસ કેવી રીતે બરબાદ કરી શકે છે ! ખરેખર રીતે હસનને માલી ખોલ્યાની બીમારી થઇ આવી છે. તે દીવસે રઇસે ખાણા વખતે કેટ-

લીક મગજને તાકાત આપનારી ચીજો જેવી કે જાફરાન, બદામ વીગેરે શરબતમાં મેળવી હસનને આપ્યું કે જેથી તેના મગજની બીમારી દુર થાય. હસન રઇસનો ઇરાદો સમજી જતાં ત્યાંથી નાશી ગયો. અને અલમોતનો કીલ્લો મેળવવાને મથન કરવા માંડ્યું. અલમોત એ દેલમ પ્રગણામાં આવેલો કીલ્લો છે ત્યાં જઈ હસન ખુદાની ઇબાદતમાં મશગુલ થયો, અને કીલ્લાના કોતવાળને વિશ્વાસમાં લઇ પોતાનો મુરીદ બનાવી લીધો. હસન અલમોતના એક ભોંયરામાં રહી રાત્રી દિવસ ખુદાતાલાની બંદગી કર્યા કરતો હતો. એક દીવસે કોટવાળે હસનને કીલ્લામાં જઇ રહેવા જણાવ્યું. હસને જવાબ આપ્યો કે હું કોઇની માલેકીની જમીનમાં ખુદાની બંદગી કરતો નથી. એક ગાયના ચામડા જેટલી જમીન મને વેચાતી આપે તો તે મારી માલીકીની જમીનપર ખુદાની બંદગી કરૂં. કોટવાળે ગાયના ચામડા જેટલી જમીન હસનને વેચાતી આપી. હસન જયારે કીલ્લામાં આવ્યો ત્યારે કીલ્લાના સઘળા માણસો તેની જાળમાં ફસાઇ ગયા અને સઘળા તેના મુરીદ થઈ ગયા. હસને ગાયના ચામડાની ઝીણી ઝીણી વાધરીઓ બનાવી કીલ્લાની આસપાસ નાખી કીલ્લાને તેનાથી ઘેરી લીધો અને સવારમાં પોતાના એક મુરીદને કોટવાળ પાસે મોકલાવી કહેવડાવ્યું કે કીલ્લો હવે તમારી માલેકીનો નથી તમોએ તેતો મને વેચાણમાં આપી દીધો છે. હવે તમો મારી માલેકીની જમીનમાંથી નીકળી જાઓ, કીલ્લાના માણસો હસનના મુરીદ થઇ ગયાં હતાં તેથી કોટવાલ ગભરાયો અને કીલ્લાની બહાર નીકળી ગયો. અને હસને આવી રીતે કીલ્લો ફતેહ કરી લીધો. હવે આ હકીકત રઇસે અબુલફઝલને લખી જણાવ્યું કે હજુ મને મદદ મળી નથી. જો મને મદદ મળે તો હું મારી ધારણાએ જઇ પહોંચીશ. હવે તેણે પોતાના જાસુસોને દેશોદેશમાં રવાના

કરી આપ્યા કે તેઓ દુનિયાના લોકોને ગુમરાહ કરી આપે. તેણે આતશપરસ્ત અને ગુમરાહી ધર્મનો પ્રચાર કરવા માંડયો. અને વધુ ભાગે આ જાળમાં ઇરાન તથા તુરાનના રહેવાશીઓ ફસાયા. જો આ વર્ણન આ કરતાં વધુ લખવામાં આવે તો એક મોટું પુસ્તક થઇ જાય. હલાકુખાને પોતાના સમયમાં આ બધા મલાહેદાઓના કીલ્લાઓ ફતેહ કરી લીધા અને તેમનું રાજ્ય નાબુદ થઇ ગયું. ખ્વાજા નસીરૂદીન આ સબંધમાં ફરમાવે છે કે:—

સાલે અરબ ચો શશ સદ વ શશતો ચહાર બુદ,<br>
રોઝે દોશંબા અવ્વલ ઝીલકાદ બામદાદ.<br>
ખુરશા બાદશાહ ઇસમાઇલીયાં ઝ તખ્ત,<br>
બરખાસ્ત પેશે તખ્ત હલાકુ બાયેસ્તાદ.

યાને:—હી. સ. ૬૬૪ ના ઝીલકાદ માસના પહેલા સોમવારની સવારે ઇસિમાઇલીઓનો બાદશાહ રૂકનુદીન ખુરશાહ તખ્તથી ઉતરી જઇ હલાકુખાનના તખ્ત પાસે ઉભો થઇ ગયો.


# એદલજી ધનજી કાબાના લખેલા પુસ્તકો.

## રાધાકૃષ્ણના પુસ્તકોનાં ખંડનો.

| | |
|---|---|
| આગાખાનની ખુદાઇનો જવાબ | ૧-૦-૦ |
| પચીસ સવાલોના જવાબો | ૦-૩-૦ |
| ખુલી ચીઠીનો જવાબ | ૦-૫-૦ |

## હાશમ ઓઘાના પુસ્તકોના જવાબો.

| | |
|---|---|
| તોહફે ઇસ્માઇલીઆ | ૦-૮-૦ |
| અસલિયાતે ખોજાનું ખંડન | ૦-૮-૦ |
| ખોજા પંથ દર્પણ ભા. ૧ થી ૮ | ૪-૦-૦ |

## આર્ય પ્રકાશનાં ખંડનો.

| | |
|---|---|
| આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન ભા. ૧-૨-૩ | ૧-૨-૦ |
| દયાનંદ પંથ દર્પણ | ૦-૬-૦ |

## વરતેજીની પોલનાં પુસ્તકો.

| | |
|---|---|
| હકીકતી આઇનો | ૦-૧૨-૦ |
| ફીલવાના સવાલ જવાબ | ૦-૪-૦ |
| ઇમામ કેવો જોઇએ | ૦-૪-૦ |

## કાસઅલી લધાભાઇને જવાબ.

| | |
|---|---|
| ઇસ્માઇલીમાંથી આર્ણી | ૦-૧-૦ |
| અસલ ખોજા ઇસનાઅશરીજ | ૦-૧-૦ |

## વીરજી પ્રેમજી પારપીઆને જવાબ.

| | |
|---|---|
| હકીકતી રણશીંગડું | ૦-૧૨-૦ |

## ખોજા કેસનાં પુસ્તકો.

| | |
|---|---|
| મહુવા કમીશન કેસનો રીપોર્ટ (ઓપ્ત) | ૧-૮-૦ |
| આગાખાન કેસનો ફેંસલો | ૦-૮-૦ |
| તુરબાઇનો કેસ ભા ૧-૨-૩-૪ | ૧-૮-૦ |
| ખોજા પીર પીરાણી કેસ | ૦-૪-૦ |

# જાહેર ખબરો.

| | |
|---|---|
| ખોજા કોમની તવારીખ | ૨ |
| ખોજા ઉત્પત્તી | ૦–૩– |
| કાબાની કહાણી ભા. ૧ લો | ૧–૦–૦ |
| ગુમ પંથકા ગુજરા | ૦–૩–૦ |
| દરૂઝ કોમના અકાયદ | ૦–૩–૦ |
| ખોજા સર્વ સંગ્રહ ભા. ૧–૨ | ૨–૦–૦ |
| શીયા વૃતાંત | ૧–૮–૦ |

## બાતીન્યા મતનાં પુસ્તકો.

| | |
|---|---|
| અલમોતનો ઇતિહાસ | ૧–૮–૦ |
| હસન બીન સબ્બાહ | ૦-૧૦-૦ |
| ફીરૂદાસે બરીં | ૧-૧૦-૦ |
| હસન સબ્બાપર ઉડતી નજર | ૧–૮–૦ |

## પરચુરણ ખોજા પુસ્તકો.

| | |
|---|---|
| કાઉન્સીલ કે કાળો કહેર ? | ૦–૮–૦ |
| કરમાઅલીનું કીસમત | ૧–૦–૦ |
| ખોજા ખુન આરોપ | ૦–૪–૦ |
| ખોજા કોમનો સુધારો | ૦–૨–૦ |
| ખોજા પ્રકાશ પુ. ૫ મું. | ૩–૦–૦ |

## ઇસલામી સુધારાના પુસ્તકો.

| | |
|---|---|
| સર સઇયદ એહમદના લેખો ભા. ૧–૨ | ૨–૦–૦ |
| સર સઇયદ એહમદ | ૦–૬–૦ |

હસન બિન સબ્બાહ.

## ખોજા ઉત્પત્તીનાં પુસ્તકો.

| | |
|---|---|
| ખોજા વૃતાન્ત | ૧-૮-૦ |
| આગા જંગીશાહનો રીસાલો | ૦-૪-૦ |
| કાઝી અને ચોરનો કીસ્સો | ૦-૪-૦ |
| સર સઈયદનું લેક્ચર | ૦-૪-૦ |
| પાદરીનું દેવળ | ૦-૪-૦ |
| મુસદ્દસે હાલી | ૧-૪-૦ |
| ઇસ્લામીઓનો હીન્દને ટબકો | ૦-૪-૦ |
| કુમ્મતનો વિલાપ | ૦-૧-૦ |
| અલ્લાહની ઓળખાણ | ૦-૨-૦ |
| ઓલાદના હકો | ૦-૪-૦ |
| ઇસ્લામી હકો | ૦-૨-૦ |
| મોહરમની ખુબીઓ | ૦-૬-૦ |
| મુસલિમ સદવર્તન ભા. ૧-૨-૩-૪ | ૦-૮-૦ |
| જસ્ટીસ અમીરઅલી | ૦-૨-૦ |
| જીવન મોહસીનુલ મુલ્ક | ૦-૨-૦ |
| કેળવણીની હદીસો | ૦-૦-૩ |
| ઓરંગઝેબનું લેક્ચર | ૦-૦-૩ |
| આદાતે રસુલ | ૦-૦-૩ |
| હજરત મોહમ્મદ | ૦-૮-૦ |